


આવતી કાલનાં
નાગરિકોનું
માસિક

સળંગ અંક
૧૩૫
ફાગણ · ૧૯૯૧

જાન્યુ	ફેબ્રુ	માર્ચ	એપ્રિલ	મે	જૂન	૧૯૩૫					જુલાઈ	ઑગસ્ટ	સપ્ટે	ઑક્ટો	નવે	ડિસે
ર	બુ	બુ	શ	સો	ગુ		૬	૧૩	૨૦	૨૭	શ	મં	શુ	ર	બુ	શુ
સો	ગુ	ગુ	ર	મં	શુ		૭	૧૪	૨૧	૨૮	ર	બુ	શ	સો	ગુ	શ
મં	શુ	શુ	સો	બુ	શ	૧	૮	૧૫	૨૨	૨૯	સો	ગુ	ર	મં	શુ	ર
બુ	શ	શ	મં	ગુ	ર	૨	૯	૧૬	૨૩	૩૦	મં	શુ	સો	બુ	શ	સો
ગુ	ર	ર	બુ	શુ	સો	૩	૧૦	૧૭	૨૪	૩૧	બુ	શ	મં	ગુ	ર	મં
શુ	સો	સો	ગુ	શ	મં	૪	૧૧	૧૮	૨૫		ગુ	ર	બુ	શુ	સો	બુ
શ	મં	મં	શુ	ર	બુ	૫	૧૨	૧૯	૨૬		શુ	સો	ગુ	શ	મં	ગુ

તંત્રી · રવિશંકર રાવળ
સંપાદક·બચુભાઈ રાવત

નદીનો ઘાટ · આલેખક—ગજાનન ખરે



ફાગણ ૧૯૯૧
અંક ૨૩૫

મુદ્રક: બચુભાઇ પોપટભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક: રવિશંકર મહાશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી—કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.

વાર્ષિક લવાજમ, રૂ. ૬ (પરદેશ ૧૨ શિ.) ગ્રાહકો વર્ષની શરૂઆતથી (જાન્યુઆરીથી) જ નોંધાય છે. છુટક ૦-૧૦-૦

મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ—૨

કલકત્તા: ઉપયોગી વસ્તુભંડાર · ૧૪, અમરતલા સ્ટ્રીટ

જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ
મેસર્સ રાવળ બ્રધર્સ, મૂળજી જેઠા બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ.



પાવાગઢ ચિત્રકાર · હર્ષદલાલ પંડ્યા (ગુજરાત કલાસંઘ ચિત્રશાળા)

ફાગણ ૧૯૯૧ના 'કુમાર'નું મુખચિત્ર

કુમાર
ઊગતી પ્રજાનું માસિક
વર્ષ બારમું · અંક ત્રીજો · ફાગણ · સંવત ઓગણીસ સો એકાણું

આ જમીન ઉપર વિજય મેળવવા મથતાં પાણીની આ કથા છે. જમીનથી ત્રણગણા કદનો સમુદ્ર પોતાની અમાપ શક્તિનો સર્વ સરંજામ લઈ તમામ કિનારાને—તે પરના ખડક, માટી, પર્વત સર્વને ખોદીને ઉખેડવા જંગ મચાવી રહ્યો છે, પણ અફસોસ! તે જમીનનો એક કાંકરો યે ખેરવી શકતો નથી. અને કિનારા પરના શઠ ટેકરા તેની મશ્કરી કરી રહ્યા છે.

પણ પોતાની આત્મસત્તા પર મુસ્તાક રહીને સમુદ્ર જે વિજય ન મેળવી શક્યો તે, જ્યારે તેણે પોતાની જાતને વિશ્વનિયંતા શક્તિના હાથમાં સમર્પીને શૂન્યવત થઈ જવા દીધી ત્યારે સહેલાઇથી મેળવી શક્યો. સૂર્યે એને ઉપાડીને વાદળું બનાવી પછી ટીપેટીપાં કરીને પર્વતમાં વેરી નાખ્યો. એ દર્દ તો ભારે હતું. સમુદ્રનું આ પાણી ઉદાસ થઇ પોતાની નિતાન્ત દુર્દશા વિચારી રહ્યું હતું. પણ તેને ક્યાં ખબર હતી કે પરાજયના આભાસની ઘોર ક્ષણોમાં જ વિજયનો બીજપાત શરૂ થાય છે? શત્રુના હૃદયગર્ભમાં લઘુ સ્વરૂપે પેસીને પોતાની અચળ ધ્યેયશીલતાથી તે કાળમીંઢ હૃદયને પણ ભેદી શક્યો.

પછી શું બાકી રહે? વાદળ થઇને ગએલા પાણીએ શું કર્યું હશે એની ચિંતામાં બેઠેલાં સમુદ્રનાં પાણીને પેલું પર્વત ભેદીને આવેલું જળ પોતાના વિજયની કથા કહેવા પહોંચી ગયું. અને વિજય પછી વૈરભાવ કાં રાખવો? સમુદ્રનાં ફીણ, જે ક્ષણ પૂર્વે નિષ્ફળતામાંથી જન્મતા રોષમાંથી નીકળતાં હતાં તે પળવારમાં જ પરમ પ્રેમના આવિષ્કાર રૂપે પ્રગટ થયાં.


વિનમ્ર વિજય

· પૃથ્વી સૉનેટ ·

ચઢે ગરજતા અને ઢળત ફીણમાં ફાટી જ
સમુદ્રજળઘોડલા ખડકને મથે ખોદવા;
ચઢે ખડકથી ય ઉગ્ર ખડકો બની ત્રાટકે,
સવેગ ભટકાય, ત્યાં તટતણા હસે ટેકરા.
પરાજિત થએલ રાશિ જળના ઢળ્યા ને ચડ્યા
અનેકશઃ તોય ના તટતણો ખર્યો કાંકરો,
ખર્યો ય નહિ કાંકરો ત્રિગુણ શક્તિના અબ્ધિથી
ધરાતટ તણો, પ્રમત્ત પછડાઇ અબ્ધિ રહ્યો.

તહીં મુદિત ભાનુએ જલધિને ઉઠાવ્યો કરે,
કરી લઘુક વાદળું ખડકથી ય સો સો ગણા
પ્રચંડ ગિરિમાં વિખેર્યું કરી બુંદબુંદે બધું.
ઉદાસ જલ અબ્ધિનું ખડક ભેદી ત્યાં તો ઝર્યું,
જઈ જલધિને મળ્યુ વિજયની કહેતું કથા;
અને ઉદધિ ઊછળ્યો પરમ પ્રેમનાં ફીણથી.

સુન્દરમ્





રજકણ*

મૂર્ખાઓ! તમને કોણે કહ્યું કે સંસાર કરતાં સ્વર્ગ વધારે સોહામણું છે? સ્વર્ગમાં પરિશ્રમ અને પ્રયત્ન ક્યાં છે? સ્વર્ગમાં વેદનાને કોણ જાણે છે? હા; એટલું ખરું કે સંસાર-માંથી આ ત્રણને—પરિશ્રમ, પ્રયત્ન અને વેદનાને લઈ લઇએ તો સંસાર સ્વર્ગ જેવો બને ખરો;—વૈવિધ્ય વિનાનો, એકધારો, આળસુ ને વ્યાજ ઉપર જીવનારો. —ધૂમકેતુ

*એ નામના નવા પ્રકાશનમાંથી

તંત્રી અને લેખકો વચ્ચે

● ઘણા લેખકો લેખ મોકલતી વખતે મોટે ભાગે એવું જ માની લે છે કે તેમનો લેખ તંત્રીએ સ્વીકારવો જ પડશે; કારણકે તેમણે તે લેખ પર બહુ મહેનત લીધી હોય છે અથવા તેમના લેખનો વિષય બહુ મહત્ત્વનો છે એવું તે પોતે ધારતા હોય છે. ઘણા તો પોતાના શબ્દાડંબરથી પોતે જ મુગ્ધ બની તેનાં સર્ટિફિકેટ પોતે જ આપી સાથે રવાના કરે છે. ઘણા વળી પોતાના લેખો બીજાં માસિકોમાં પ્રકટ થયા હોય છે માટે અમુક માસિકના તંત્રીથી તેનો અસ્વીકાર થાય જ નહિ એવો પૂર્વગ્રહ સેવતા હોય છે; અને ઘણા પોતે શરૂઆત કરનારા હોવાથી ઉત્તેજન ખાતર પ્રકાશન માગે છે. આવાં માનસ વાળા લેખક મહાશયો તેમના લેખો વાચકવર્ગ ઉપર શી અસર કરશે તેનો ખ્યાલ ભાગ્યે જ કરતા હોય છે. લખનારનું પોતાનું મહત્ત્વ કે અસ્તિત્વ રજુ કરનારા લેખો ભાગ્યે જ બીજાને પ્રિય થઇ શકે છે. જે લેખકોમાં બીજાને આકર્ષવાની કળા નથી આવી તેમણે પ્રથમ પોતાની કલમ પોતાના મિત્રમંડળમાં જ અજમાવી જોવાની જરૂર છે. તે પછી પણ પ્રસિદ્ધિ માટે તેમના પક્ષપાતી અભિપ્રાય પર આધાર ન રાખતાં બેચાર અનુભવી લેખકોના હાથમાં તેમનું લખાણ મૂકવું જોઇએ અને પ્રજા પર વગ ધરાવતા લેખોની રચના અને ખૂબીઓ સાથે પોતાનું લખાણ સરખાવવું જોઇએ. તેમની પાસે ખરેખર નવીન, ઉપયોગી અને આકર્ષક વસ્તુ રજુ કરવાની હશે તો શૈલિનું સ્વરૂપ બંધાતાં વાર નહિ જ લાગે. કોઈ પ્રસિદ્ધ લેખકની નકલ રૂપે શબ્દાવલિઓ ખખડાવતા પોલા લેખો જ્યારે પાછા વળે છે ત્યારે તંત્રીઓને બેકદર, પોતાની જ ટોળીના લેખો છાપનારા, મૂર્ખા, કમઅક્કલ વગેરે શિરપાવ આપનારા લેખકોનો આજકાલ પાર નથી. મામૂલી બજારરંજની પત્રોમાં તેમને મહાલવાનું ઠીક મળે છે એટલે સંસ્કાર અને સંયમવાળાં પત્રોની સામે તેઓ હમેશાં કટાક્ષ કર્યાં કરે છે; પણ ઉદારબુદ્ધિથી તેમની ચાળણી સમજવા યત્ન કરતા નથી.

લેખકોએ લેખ પાછો મેળવવા માટે સરનામાવાળું કવર વળત ટપાલખર્ચ સાથે મોકલવું જોઇએ એ શિરસ્તો દુનિયાભરના પત્રકારિત્વમાં માન્ય અને પ્રચલિત છે; છતાં ભરતીના જુવાળ જેમ તંત્રીનું ટેબલ ભરી નાખનારામાંથી બહુ જ ઓછા એ શિષ્ટાચારનું યથાવિધિ પાલન કરે છે.

વળી, લેખ આવે કે તરત તે વાંચી નાખવા તંત્રીઓ તૈયાર જ બેઠા હોય તેમ બીજે કે ત્રીજે દહાડે, અથવા અઠવાડિયામાં તો જરૂર, તેની ઉઘરાણી કરતો અથવા 'આવતા જ અંકમાં છાપવા'નો આગ્રહ કરતો પત્ર આવ્યો જ હોય છે. આથી, ઘણા તંત્રીઓને પત્રવ્યવહારના નિયમોમાં જણાવવું પડે છે કે એક માસ સુધી લેખકે તંત્રીના જવાબની રાહ જોવી, અને જવાબ ન મળે તો વળત પોસ્ટ મોકલી લેખ પાછો મંગાવી લેવો. આ મુદત લેખક તેમજ તંત્રીને ઠીક સમયમર્યાદા આપે છે. કેટલીકવાર તો તંત્રીને, વાંચવાની સજારૂપ ઘણા માગ્યા વગરના લેખો પાછળ સમય બગાડ્યા પછી મહિનાઓ બાદ લેખક એ લેખ પાછો મોકલી દેવાની નોટીસ આપે છે; પણ તેના ટપાલખર્ચનું નામ પણ લેતા નથી. એમના સામે તંત્રીઓએ મૌન જ પાળવું પડે છે.

વિદ્યાર્થીઓ અને થવા મથતા લેખકો તથા ચિત્રકારોની આત્મપ્રસિદ્ધિની આકાંક્ષા તો તેમના ચારિત્ર્યવિધાનની મોટી પોલ દર્શાવી રહી છે. મોટેરાઓ, શિક્ષકો અને મિત્રો તેમના મામૂલી પ્રયાસો વધુપડતા અંશમાં વખાણી મારે છે અથવા ન છાજતી કિંમત આંકે છે તેથી તેઓ પોતાના વર્તુલ બહાર પણ પોતાની એ જ કિંમત થશે એવું માની જાહેરાતના મેદાનમાં કૂદી આવે છે, અને વધુ ફિક્કા દેખાય છે. એમને કોણ સમજાવે કે અથાગ મહેનત અને સૂક્ષ્મ અભ્યાસ વિના જગત કોઇને નમતું આપશે નહિ? નમ્રતાભરી ઉપાસના અને જાગૃત માનસ વિનાનો કોઇપણ પુરુષ અગ્રપદે ટકી શક્યો નથી.

વસંત બેઠી

● લાંબા સમયથી લંગર નાખી પડેલી કલમબાજીના સઢ ખુલ્લા થયા છે. તુતક ઉપરથી 'સુકાની'એ જહાજ ઉઠાવવાનો હુકમ આપ્યો છે અને સાહિત્ય સાગરનાં મોજાં ઉછાળતો 'ધૂડકિયો બાણુ' ક્ષિતિજ વીંધી વાચકોનાં દિલપર સાહસ અને રસના ઉછાળા નાખતો આ આવે! એ દિલચસ્પ વાર્તા 'કુમાર'ના ચૈત્ર અંકથી શરૂ થશે—ભાઇ 'સુકાની'એ ગુજરાતી સાહિત્યમાં કાયમી નામના રહે એવી સાગરકથાઓ 'કુમાર'માં જ લખી છે અને એમની આગળની એ પ્રતિષ્ઠાને આ નવી વાર્તા કદાચ શિરટોચ પહોંચાડશે.

મારા હાથમાં હજી વાર્તાનો માત્ર પૂર્વ ભાગ જ આવ્યો છે, ત્યાં તો એ એના સાહસ અને તોફાનના રસથી મને ખણકાર કરતી રાહ જોવડાવી રહી છે તો હવે તમારી સ્થિતિ તમે જ કલ્પી લેજો.

બીજા પણ જૂના દોસ્તોએ ફરીવાર નવા રંગથી 'કુમાર'નાં પાનાં પર વિજ્ઞાન, સાહિત્ય, કળા અને શૌર્યકથાની રેલરેલાવવાની તૈયારી ખેડી છે. શ્રીયુત ડુંગરસીભાઇ સંપટ પાસે કિસ્સા અને કથાઓની ખાણ છે. તે 'કુમાર' પર નોછાવર કરી દેવા તત્પર થયા છે. ભાઈ હરિકૃષ્ણ વ્યાસે આ પત્ર માટે જ અવનવી રીતે સાહિત્યના સ્વાંગ રચવા માંડ્યા છે અને ગુજરાતના ગણત્રી-બંધ લેખકોમાં પોતાનું સ્થાન જમાવવા માંડ્યું છે.

અને ખરેખર વસંત બેઠી હોય એમ લાગે છે. ગૂજરાતના તાજેતર તૈયાર થએલા અભિનવ તરુણ ચિત્રકારોને 'કુમાર'ના રંગથાળ ભરી આપવાના કોડ જાગ્યા છે.

આશા અને ઉત્સાહનો આનંદ હૃદયે હૃદયે વસંતની નવ-પલ્લવતા ભરી દો અને ગુર્જરીના જયશ્રીરંગ હો. **ર.મ.રા.**

પૂઠા ઉપરનું ટચુકડું કૅલૅન્ડર

● ચાલુ સાલના કોઇ પણ માસમાં કોઇ પણ વારે કઇ તારીખ થઇ તે આંગળી મૂકીને તમે એ કૅલૅન્ડરમાંથી જાણી શકો. આ માર્ચ મહિનો ચાલે છે અને આજે સોમવાર થયો એટલું તો તમે જાણતા હો; એટલે '૧૯૩૫'ની આજુબાજુ આપેલાં મહિનાઓનાં ખાનાંમાંથી માર્ચ શોધી કાઢીને, તેની હારમાં નીચે જે ખાનામાં સોમવારનો 'સો' લખેલો જુઓ એની સીધી હારમાં સામે, ૧૯૩૫ની નીચેના ખાનામાં તારીખોના જે આંકડા આપ્યા છે એમાંથી તે દિવસની તારીખ તો પછી તરત પકડી પાડી શકાય. ખૂબી તો એ છે કે કૅલૅન્ડરની આ યોજના વરસોવરસ ચાલે;—માત્ર ફેર એટલો કરવાનો કે એ વરસે દર માસની ૧લી તારીખે જે વાર આવતા હોય તે તે વારની સામે ૧નો અંક આવે એ રીતે ગોઠવીને પછી બીજા વાર અનુક્રમે એ મહિનાઓનાં ખાનાં નીચે ગોઠવી દેવા. આ કૅલૅન્ડરની રચના તો જાણીતી છે; પરંતુ 'કુમાર'ના પ્રેમી એક ભાઇએ એ હોંશથી કરી મોકલી આપ્યું તેમનો ઋણસ્વીકાર તો કરવો જોઇએ.

સ્વાસ્થ્ય · શક્તિ · સૌન્દર્ય—એક ખુલાસો

ગયા અંકમાં 'સ્વા.શ.સૌ.' વિભાગમાં ભાઇ કેકી ગઝદરનો પરિચય આપ્યો છે. તે વિષયમાં વિરોધ દર્શાવતાં, ભાવનગરના દક્ષિણામૂર્તિ વિનયમંદિરના ભાઇ જસવંતરાય ચીમનલાલ લખે છે કે

'એ વાત તદ્દન જૂઠી છે; કારણકે આ ભાઇ (કેકી ગઝદર) ચાર વર્ષથી રેઇસમાં ભાગ લે છે, પરંતુ તેમણે ચાલુ સાલ સિવાય એક પણ રેકૉર્ડ કર્યું નથી.' કરની સાલમાં રાજ્યગોર રમણિકલાલ ચીમનલાલે રેકૉર્ડ ૩૬ મિ. ૫૭ સે. નું કર્યું હતું અને '૩૩ની સાલમાં કોઇપણ ભાઇ ટાઇમમાં આવી શકયા નહોતા. પછી ફરી વખત ૧૯૩૪માં ભાઈશ્રી રમણિકલાલ ચીમનલાલ રાજ્યગોરે પોતાનું જ રેકૉર્ડ તોડી ૩૫ મિ. ૫૨ સે. નું રેકૉર્ડ કર્યું હતું. પછી ૧૯૩૫માં કેકી ગઝદરે રેકૉર્ડ કર્યું હતું એ વાત સાચી છે. . . . . આ ભાઇ અત્યાર સુધી સાઇક્લિંગમાં બીજે નંબર જ લેતા, પરંતુ આ વખતે પહેલે નંબરે આવ્યા છે.'

એમના જ આગ્રહથી અમે આ વિરોધની ખાતરી કરવા કાઠિયાવાડ વ્યાયામ પ્રચારક મંડળને પૂછાવ્યું, જેના જવાબમાં મંડળના મંત્રી ભાઇ જા. કે. મોદી જણાવે છે:

'ભાઇ જસવંતરાયનું લખાણ મોટા ભાગનું (બધું નહિ) સાચું છે.' અને પછી તેઓ બધાં વરસોની વિગત આપે છે:

વર્ષ		વર્ગ	મિ.સે.	નામ	મિ.સે.	નં.
૧૯૩૧-૩૨	નિયત સમય	અ	૩૭-૦	કેકી ગઝદર	૩૭ ૫૨	૩
,,	,,	બ	૩૯-૦	રમણિકલાલ	૩૬-૫૭	૧
૧૯૩૨-૩૩	,,	અ	૩૭ ૦	. . .	. . .	
,,		બ	૩૮-૦	કેકી ગઝદર	૩૭-૯૧	૧
				પણ ગયા વર્ષનું રેકૉર્ડ તોડાયું નહોતું.		
૧૯૩૩-૩૪	,,	અ	૩૭-૦	રમણિકલાલ	૩૫-૫૨	૧
				પોતાનું જ રેકૉર્ડ તોડ્યું.'		

વર્ષ		વર્ગ	મિ.સે.			
૧૯૩૩-૩૪	નિયત સમય	બ	૩૮-૦	. . .	. . .	
૧૯૩૪-૩૫	,,	અ	૩૭-૦	કેકી ગઝદર	૩૫-૧૫	૧
				અત્યાર સુધીનાં બધાં રેકૉર્ડ તોડયાં.		
,,	,,	બ	૩૮-૦	. . .	. . .	

અને આ ભ્રમોત્પાદક હકીકત આપવા માટે પૂછતાં ભાઈ મીનુ ગઝદર ખુલાસો કરે છે કે 'કુમારમાં પ્રગટ થએલું લખાણ વાંચતાં મને એમ લાગે છે કે કાં તો મારા તરફથી તમને જે લખાણ મળ્યું તેમાં અથવા તે 'મૅટર' તમે સ્પષ્ટપણે ન સમજવાથી આપણા બંનેમાંથી કોઇની ગેરસમજ થઈ છે.'

ભાઇ મીનુએ તા. ૩ અને ૧૦ જાન્યુઆરીના બે કાગળ અમારા પર લખ્યા છે, તેમાં નીચેનાં વાકય છે:


'આ વેળા (૧૯૩૪માં) . . . . . મિ. કેકી ગઝદર ઉપલા બંને વર્ગોમાં પહેલા આવ્યા હતા ને ગઈ સાલનો ૩૫ મિ. ૫૨ સે. નો રેકૉર્ડ તોડીને ૩૫ મિ. ને ૧૫ સે. માં પ્રથમ આવ્યા હતા. અને આ સાલનો કાઠિયાવાડનો રેકૉર્ડ તોડ્યો છે ને આ વર્ષના Champian થયા છે . . . . . 'ઉપલા મંડળ તરફથી દસ માઈલ ફાસ્ટ સાઇક્લિંગમાં આ યુવાન ૧૯૩૨ ને '૩૩ માં પણ કાઠિયાવાડના Champian હતા.' (૩-૧-૩૫નો પત્ર)

'આ ભાઇ ૩૫લી જ દસ માઇલ ફાસ્ટ સાઇક્લિંગની રેસમાં કરને '૩૩માં પણ પ્રથમ આવ્યા હતા.' (તા. ૧૦નો પત્ર)

આ લખાણ સાથે સરખાવવા માટે હવે અમે છાપેલી હકીકત સરખાવતાં સ્પષ્ટ દેખાય છે કે ગેરસમજ અમારી નથી થઇ. પણ ભાઈ મીનુનું લખાણ જ ગેરસમજ કરાવનારૂં છે. અમારા લખાણથી જે ભાઇને અજાણ્યે અન્યાય થઇ ગયો છે, તે ભાઇ રમણીકલાલની અમે ક્ષમા યાચીએ છીએ. **હ.આ.**

ભારતીય સંસ્કૃતિના વરેણ્ય મિત્ર

ઇ. બી. હૅવેલ



હિંદની કલાના દર્દમર્યા પ્રેમી મિ. ઈ. બી હૅવેલ (શિલ્પ)

આ એ જમાનાની વાત છે, જ્યારે એક બાજુ મોટામોટા પુરાતત્ત્વવિદો આપણાં પ્રાચીન મંદિર મઠ વગેરેનાં સૂકાં વર્ણન અને વ્યાખ્યાઓ આપી રહ્યા હતા, અને બીજી બાજુ આર્ટ સ્કૂલ (સરકારી કળાશાળા)માં પ્રાચીન ગ્રીક ને રોમન મૂર્તિના માટીનાં ઢાળા અને પ્રાચીન યુરોપીય ચિત્રકળાના વચલા વંધાના સસ્તા નમૂના ઉપરથી નકલ કરીકરી આપણા દેશમાં કલાના વિદ્યાર્થીઓને યુરોપીય પદ્ધતિએ 'ઑઇલ પેઇન્ટર' અને 'વૉટર કલર પેઇન્ટર' બનાવી દેવામાં આવતા હતા. જાણે હિંદી છોકરો બ્રૂટસ બનીને ગોખી મારેલું ભાષણ ગગડાવી જતો હોય અને માનતો હોય કે પોતે સાચ્ચે જ એક રોમન સેનેટર છે! એમાંના કોઇને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો આવતો કે આપણે આ! 'આર્ટિસ્ટ' થવાનો માત્ર અભિનય જ કરી રહ્યા છીએ!

પુરાતત્ત્વવિદોએ આપેલી એકલી વ્યાખ્યાઓ કલાનું સૌંદર્ય સમજવા માટે લેશમાત્ર કામ નથી આવતી એ આપણે પહેલવહેલા સમજ્યા હૅવેલ સાહેબનાં લખાણોમાંથી. ત્યાં સુધી તો જાણે આપણા ભાસ્કર્યશિલ્પના બહિરંગી અંશોની લંબાઇ, પહોળાઇ, ઉમર વગેરેનો હિસાબ આપણા આગળ પુરાતત્ત્વવિદો રજૂ કર્યા કરતા હતા; જેમ કોઇ ઘોડાનો દલાલ ઘોડાના દાંત, તેના પૂંછડાની લંબાઇ, તેના શરીરની લંબાઇ-પહોળાઇ કહીને ઘોડાના સૌંદર્યનું વર્ણન કરે છે, તેવું જ ચાલી રહ્યું હતું! પરંતુ હૅવેલ સાહેબે પોતાનાં લખાણોમાં એકીસાથે પુરાતત્ત્વ, સૌંદર્યતત્ત્વ અને ભારતીય શિલ્પનો નિગૂઢ રસ આપણને પીરસ્યો. સાથેસાથે કલાશિક્ષણની પદ્ધતિ પણ દેશી પ્રથા પ્રમાણે આ દેશના વિદ્યાર્થીઓને ઉપયોગી થઇ પડે એવી બનાવવાના તેઓ પ્રયત્ન કરતા રહ્યા.

પણ આપણે કોઇ પંખીને પાંજરામાંથી બહાર ખેંચી કાઢી ઝાડની ડાળ ઉપર બેસાડી દઇએ તો તે જેમ આપણને જ કરડવા આવે છે, તેવું જ કળાશાળાના એ નવા શિક્ષણની શરૂઆત વખતે આ દેશના કલાકારો અને હૅવેલ સાહેબ વચ્ચે પણ થયું. આજકાલ નૃત્યકલા સબંધે જે હોહા ચાલી રહી છે, તેના કરતાં પણ વધારે વિરોધ શિક્ષણ સંસ્થાઓમાં ડ્રૉઇંગ શીખવવાની શરૂઆત કરવા સામે તે વખતના કલકત્તા વિદ્યાપીઠના કાર્યકર્તાઓમાં હતો પણ અવિરામ પ્રયત્નને પરિણામે એ વાતમાં હૅવેલ સાહેબ સફળ નીવડ્યા.

એ પરદેશી મહાત્મા જે દૃષ્ટિએ આપણા દેશનાં શિક્ષા, દીક્ષા, શિલ્પ, ઇતિહાસ વગેરેને જોઈ ગયા છે તેવી દૃષ્ટિ કોઇ ઋષિને જ હોય. એ કારણે આપણે ન સમજીએ તો પણ તેઓ જગતમાં શ્રદ્ધાપાત્ર છે; અને આપણા દેશના કલાશિક્ષણના મૂળ પ્રતિષ્ઠાતા તરીકે આપણે તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવી જોઇએ.

કલાશિક્ષણનો એકડો માંડનાર નાનાંનાનાં બાળકોને ડ્રૉઇંગ શીખવા માટેની પ્રાથમિક ડ્રૉઇંગ બુકોથી માંડીને આપણા તેમજ વિદેશના રસપિપાસુઓને આપણું કલાસૌંદર્ય સમજાવતાં વિચારપૂર્ણ ગ્રંથો સુધીનાં પુસ્તકો રચવાં એ હૅવેલ સાહેબનું આખા જીવનનું વ્રત હતું. આપણી કલા અને કલાકારો માટે આવો નિઃસ્વાર્થ પ્રાણાર્પણ પરિશ્રમ બીજા કોણે કર્યો છે?

અવનીન્દ્રનાથ ઠાકુર

આજે સર્વત્ર હિંદી કલાનો જે સત્કારસમારંભ વર્તે છે તેની પહેલી ભેરી બજાવનાર સ્વર્ગસ્થ ઇ. બી. હૅવેલ- નું નામ ભારતીય કલાના સમુદ્ધાર ને પ્રચારના કાર્યમાં સૌથી અગ્રપદે રહેવું જોઇએ, એટલું જ નહિ પણ પ્રત્યેક ભારતીય જને તેનાં પુસ્તકોમાંથી તેની ઋષિવાણી અને સંસ્કારદૃષ્ટિની પાવનકારી અસર મેળવી તે માટે ઋણી બનવું જોઇએ. એ જન્મે તો હતા યુરોપી જન, પણ હૃદયે હતા સાચા શુદ્ધ ભારત-ભક્ત. પોતાના દેશબંધુઓ—બલ્કે હિંદીઓ સુદ્ધાંના કટાક્ષો, ઉપહાસો ને વિરોધોને અવગણીને પણ એમણે પોતાને દેખાએલું ભારતીય કળાનું પવિત્ર સૌંદર્ય અને સત્ય જગતને સમજાવ્યું. હિંદી કલાના પ્રથમ ઉપકર્તા અને ઉદ્ધારક એ મહાત્માને હિંદનો કલાભિક્ષુ કદી પણ વિસારે પાડી શકશે નહિ. એમની વાણી દર્શન, સંસ્કાર અને ભક્તિના પૂર્ણ આવેશોવાળું ગદ્યકાવ્ય બની રહી છે. એ જ એમનું ચિરંજીવ સ્મારક રહેશે અને ગુરુસ્થાન સાચવશે. હિંદી કલાનો સમાદર કરવાનું મને પણ તેમના જ છૂટાછવાયા લેખોએ અને પુસ્તકોએ શીખવ્યું હતું એ હકીકતનો ઋણસ્વીકાર આ પ્રસંગે કરવો આવશ્યક છે. —ર. મ. રા.

'ભારતવર્ષમાં કલા જ ક્યાં છે? એ તો છે વિજેતા સિકંદરની ચડાઇએ હિંદમાં પાછળ મૂકેલી ગ્રીક કલાની એઠ!' વીસમી સદી-ના પ્રભાતકાળે સુધરેલા જગતની જીભ પર આ શબ્દો હતા.

ભારતવાસીઓ પોતે પણ પોતાની કલાને હીણતા હતા. હિંદી કલાનો દીવો બૂઝાતો હતો. ઈ. સ. ૧૯૦૭માં એક માણસ—અને તે યે પરદેશી—ઊભો થયો. દુનિયાને કાને એણે ઢોલ પીટ્યા કે હિંદ ગ્રીસની એંઠ નથી ખાધી. એની પાસે તો સ્વયંસ્ફુરિત, સ્વરચિત, પોતાના જ જાતિસંસ્કારોનું વિલક્ષણ રેખાંકન કરનાર, પૂર્ણવિકસિત અને નિયમશોભિત નિજનાં ચિત્ર, શિલ્પ ને સ્થાપત્ય છે. એને સારૂ જગતકલાના ભુવનમાં જગ્યા કરો! જગ્યા કરો! એણે ફક્ત ચૂંક જ ન ઉડાડ્યું. ભમીભમીને શિલ્પસ્થાપત્યના નમૂના એકઠા કર્યા; પ્રાચીન ચિત્રો હાથ કર્યાં; પુસ્તકો પર પુસ્તકો લખ્યાં. પછી પહોંચ્યો સ્વદેશ ને શરણાઈ બજાવી. એની સામે આક્રોશ ઊઠ્યો. સ્થાપિત હિતો ધરાવતા ગોરાઓએ એના નવસંદેશને ધુત્કાર દીધો. હિંદી કલાની અવગણના ઉપર રચાએલાં અનેક વિધાનો તૂટી પડ્યાં. એ વિધાનોના વિધાયકો જખમાયા.

હિંદી કલાનું શ્રીમુખ જગદ્દ્વારે આજ ઊજળું છે એ પ્રતાપ એ મહાન અંગ્રેજનો.

હિંદના રાજકારણી જાગરણને પ્રાણવાયુ પૂરનાર હ્યુમ અને વેડરબર્નની બેલડી; હિન્દની કલાને આત્મભાન આપનાર એ મિ. ઈ. બી. હૅવેલ. (જન્મભૂમિ)

અર્નેસ્ટ બીનફીલ્ડ હૅવેલ

જગતમાં જુદેજુદે ઠેકાણે, જુદાજુદા દેશમાં, જુદીજુદી પ્રજા, જુદીજુદી પરિસ્થિતિઓમાં પોતપોતાની જુદીજુદી શક્તિ અને વિચારપ્રવાહના આદર્શ અનુસાર, જુદીજુદી જાતની સંસ્કૃતિ અને કલાસાધનાનું મંદિર રચતી આવી છે. એ વિવિધ પ્રજાઓ અને વિવિધ પ્રકૃતિની સાધનાના સંસર્ગ, વિનિમય અને પ્રભાવથી વિશ્વમાનવની વિરાટ સાધનાનું કલેવર વિધાતાના વિધાનથી યુગેયુગે અને દેશેદેશે પૂર્ણતાને પંથે પ્રગતિ કરી રહ્યું છે. વેપારી સ્વાર્થ, રાજકીય સ્વાર્થ, વ્યક્તિગત સ્વાર્થ વગેરે જુદાજુદા સ્વાર્થવાદની ભુલભુલામણીમાં પડી માણસની એકત્ર સાધનાની વિજયયાત્રા ડગલે ને પગલે બાધા પામે છે—ભૂલી પડે છે. એટલા માટે થોડેથોડે અંતરે એકએક નેતાની જરૂર પડે છે—જે આ માર્ગ ભૂલેલી સભ્યતાનો માર્ગદર્શક બની, જુદાજુદા માર્ગના યાત્રીઓમાં પરિચયની ગોઠવણ કરી આપી, ટોળાંથી વિખુટા પડેલા યાત્રીઓને ભેગા કરી, વિશ્વમાનવની સંસ્કૃતિને માર્ગે ફરી ચલાવે. યુરોપ અને ભારતવર્ષના સંમેલનમાં હૅવેલ સાહેબ ઇશ્વરના મોકલેલા એવા ખાસ અગ્રદૂત હતા.

હિંદના શાસનતંત્રને ઉપયોગી જે કેટલાંક યંત્રો બ્રિટિશ શાસકોના કારખાનામાં તૈયાર થયાં છે તેમાં 'હિંદી કેળવણી ખાતું' સૌથી જીવલેણ છે. હૅવેલ સાહેબે, પોતે એ કેળવણીખાતાના જ એક ચક્રચાલક હોવા છતાં, એ કેળવણીખાતા સામે યુદ્ધ જાહેર કરી મોટા અધિકારીઓનો રોષ વહોરી લીધો હતો. ઘણા જણ એવું માને છે કે હૅવેલ સાહેબે બતાવેલી શિક્ષણનીતિ અનુસાર જો હિંદના યુવાનોની જાગૃત દેશભાવનાને સંસ્કૃતિ અને સાધનાના નવા કાર્યક્ષેત્રમાં વાળી હોત તો હિંદના રાજકીય આકાશમાં હિંસાવાદનાં વાદળોની ઘોર ઘટાની કાળી છાયા ફેલાવા પામત નહિ. હૅવેલ સાહેબે જે દૃષ્ટિશક્તિથી હિંદની સાધના અને સભ્યતાના ગંભીર અંતર્દેશમાં શોધ ચલાવી તેનું રહસ્ય શોધી કાઢ્યું હતું

(અનુસંધાન માટે જુઓ પાન ૧૦૫મે)

'હાં. ખરી!
'હાં, ખરી!'
'વાહ જી વાહ!'

ગોપી–ગોપાળ–ગોપાળિયો નાચતો હતો અને ગામના જુવાન રસિક વર્ગમાંથી આપમેળે ભેગું થએલું ચુનંદું પ્રેક્ષકમંડળ ઉપર પ્રમાણે અભિનંદન વરસાવી રહ્યું હતું. તાળિયો, સિસકારા અને આવાં પ્રકટ સંબોધનોથી ગોપી પણ ખીલતો હતો. એણે શરીરને વધારે ડોલાવવા માંડ્યું; પગના ઘુઘરા વધારે લહેક અને ઝમકથી વગાડવા માંડ્યા; અને સાંભળનારાઓમાંથી છેલબટાઉ જેવા લાગતા તરફ આંગળી બતાવી તે આંગળીને છાતી પર મૂકી આંખોને મિચકારતો, ઓઠનો ગાતાંગાતાં કરી શકાય તેવો સ્મિતભર્યો ચાળો કરતો તે ગાવા લાગ્યો.

'હાં... થઈ પ્રેમવશ પાતળિયા.. આ...
મારા મનના માલિક મળિયા રે...થઇ૦'

જે જુવાનના તરફ 'મનના માલિક' ગવાતાં તેની નજર જતી, તેના ઉપર આખી મંડળીની આંખો અદેખાઈથી વળતી અને તેની પાસે બેઠેલા તેના બરડાને થપાટોથી હલકો કરી મૂકતાં કહેતા, 'ફાવ્યો' લ્યા, ફાવ્યો!' ગોપીનું ગાયન અને નૃત્ય આગળ વધ્યું. ઘુઘરાની ધમક વધારે જોરથી ગાજવા લાગી.

'થઇ પ્રેમવશ પાતળિયા આ... હાં... થઇ, પ્રેમવશ—થઇ પ્રેમવશ પાતળિયા. મારા મનનના માલિક મળિયા રે...'

જોનારો વર્ગ ચેનચાળા ભૂલી જઇ ગોપીના નાચને જોઇ રહ્યો. ગોપીએ પણ આંખનાં નખરાં બંધ કરી, લગભગ આંખ ઢાળીને જ તાલબંધ ગાવા–નાચવા માંડ્યું. અને ધર્મશાળાના એ લાંબા મેડા ઉપર, બપોરના ત્રણ વાગ્યે, જ્યારે બહાર ગરમ ચાંદી જેવો તડકો રેલાઇ રહ્યો હતો ત્યારે, અહીં મધરાતના જેવી શાંતિ જતાં અને અવાજ કર્યા વગર પાછાં ઊડી જતાં.

ઢોલકને એકધારી વગાડ્યે જતાં રંગ પર ચડી ગએલા મોતી રાવળિયાએ તાનમાં આવીને જોરથી થાપી મારીને ઢોલક થંભાવી દીધી ત્યારે જ આ સમાધિનો ભંગ થયો. વેગમાં ઘુમરીઓ લેતો ગોપી અટકી ગયો. તેના ઘુઘરા શાંત પડ્યા. કપાળ પર ઢળી આવેલી પરસેવાથી ભીંજેલી વાળની લટોને તેણે હાથવતી ઊંચી કરી જ્યારે અધમીંચેલાં પોપચાંમાંથી પોતાના લાંબા વાળ તરફ એણે આંખો ઊઠાવી ત્યારે, સ્વર્ગની તો ઠીક પણ પૃથ્વીની યે અપ્સરાઓનું દર્શન જેમને નથી થએલું એવા એ ગ્રામ પ્રેક્ષકવર્ગને તો જાણે કોઇ અપ્સરા નાહીને પોતાના વાળ સમારતી હોય તેવું લાગ્યું. ગોપીના ગૌર વર્ણના પર ચહેરા પર આ મહેનતથી રતાશ આવી હતી, એટલે મૂછ ફૂટ્યા વગરનો એનો ચહેરો વધુ મોહક થયો હતો. જોનાર મંડળ 'વાહ જી વા! રંગ છે રે રંગ!' એમ અભિનંદન હાલરવા લાગ્યું, તેમજ અંદર અંદર પ્રશંસાની વાતો કરવા લાગ્યું અને તરત કોલાહલ વધી પડ્યો.

પાસે પડેલા ગોદડીના એક ગાભા પર જઇને ગોપી બેઠો—પડ્યો. એનું લોહી જોરથી વહેતું હતું. ઊભા પગ ઉપર ટેકવેલા હાથમાં માથાને મૂકી આંખો મીંચી તે આરામ લઇ રહ્યો. ત્યાં તો પાછું આમંત્રણ આવ્યું.

'ગોપી, "મારી સજની" ચાલવા દે તો.'

'હાં એ જ, ખરું ટેસદાર છે! ચાલવા દે.' કોઇક ડાયરેકટરની છટાથી બોલ્યું.

'અરે, આ ખરે બપોરે બીચારાને જરા થાક તો ખાવા દો; કોઇ બરફનું પાણી લાવીને તો પાઓ.—'

'અરે બરફ શું? વરરાજા અહીં છે તે આઇસ્ક્રીમ નહિ ખવડાવે?' વરરાજાની પાસે બેઠેલા મિત્રે તેમનો બરડો થાબડી કહ્યું.

જ્યારે કૃપણો કળાનો કસ કાઢવા મથે છે ત્યારે......

ફેલાઇ રહી. ચીંચીં કરતાં ચકલાં પણ બહારની ગરમીમાંથી હાંફળાં ફાંફળાં આવીને મેડાની હારબંધ બારીઓ પર બેસતાં, જાણે ગાયન સાંભળીને, કે આટલા બધા લોકો શાંત કેમ બેઠા હશે એ કુતૂહલથી ઘડી સ્થિર થઇ

વરરાજાએ હા પાડી, પણ હાલ તરત તો માટલાનું ઠંડું પાણી જ પીને ગોપીએ બીજું ગીત ચલાવ્યું:

'મારી સજની, તું કયાં રમી આવી રજની?
સાચું બોલ, બોલ, બોલ.'



પણ એણે તો આંખો ઢાળીને નાચવું જ ચાલુ રાખ્યું

ગ્રામવાસી શ્રમજીવીઓનો એક રંગદર્શી કિસ્સો ગોપી

કૃષ્ણના જેવા રંગવાળા ચતુરભાઇ—ગામના એક મોટા જમીનદાર પાટીદારના દીકરા—ની જાન જવાની હતી. એ શ્રીમાનને પોતાને તથા એમના રસિક જુવાન મિત્રોના મનોરંજન માટે ગોપીની કળાના પ્રદર્શનની આ બેઠક ગોઠવાઈ હતી. વરરાજાના પીઠી ભરેલા, ઘરેણાં પહેરેલા વેશમાં શામળિયા સ્વરૂપ ચતુરભાઇ અને લગ્નમાં આવેલા, નવાં કપડાંમાં તથા પાન, બીડી, અત્તર, રૂમાલના જાતજાતના ઠેસમાં એકઠેલું મિત્રમંડળ

કોઇ અનોખી કૃતાર્થતા અનુભવી રહ્યું, પોતાના માનમાં યોજાએલા આ મેળાવડામાં જ્યારે ગોપીની આંગળી અને આંખ એમના તરફ વળતી અને એ રાવળિયા એમના તરફ 'મારા મનના માલિક' બોલીને ચાળો કરતો ત્યારે તાળીઓનો ગડગડાટ થઇ રહેતો અને ચતુરભાઇ પહેરણમાં ફૂલ્યા સમાતા નહિ.

ગોપીની ચીજ પૂરી થઇ અને તાળીઓ પડી. ગોપીની કાતિલ અસર હજી અરધી પ્રગટતી હતી. એક તો દિવસ, તેમાં યે બપોર, અને વળી પાછાં એણે 'લૂગડાં' પણ પહેર્યાં નહોતાં; અને માત્ર મેલા પોતિયા અને ડગલીમાં જ એ નાચતો હતો. જોનારાની આંખો ગોપીને સ્ત્રીના વેશમાં કલ્પતાં તો ભાન ભૂલવા લાગી. ત્યાં વાળંદે આવીને ખબર આપતાં મિજલસ ત્યાંથી જ અટકી અને વરરાજા હાથમાં સૂડી લઇને ઊઠ્યા અને દાદર ભણી વળ્યા.

'એ બાપા!' ઢોલક વગાડનાર બુઢ્ઢો મોતી રાવળ બોલ્યો: 'આઇસ્ક્રીમ તો રહ્યા, પણ એકાદ સીગરેટ તો આપતા જાઓ!'

રૂમાલમાં વીંટાઇ ગએલું સીગારેટનું ખોખું તેમના તરફ ફેંકી વરરાજા ઊતરી ગયા. આખો ઓરડો, ટર્મિનસ આગળ આવી પહોંચેલી ગાડીના ડબ્બા પેઠે ખાલી થઇ ગયો અને ખોખામાંથી નીકળેલી એક સિગારેટને પાંચ રાવળિયાઓએ વારાફરતી પીવા માંડી.

સૌભાગ્ય સુંદરીના ખેલમાં અદ્‌ભુત કામ કરવાથી શ્રી જયશંકર ભટ્ટને જેમ 'સુન્દરી'નું ઉપનામ મળ્યું છે; તે પ્રમાણે મોતી રાવળિયાના છોકરા ગોપાળિયાને લગ્ન વખતે ગોપીનો વેશ સુંદર રીતે લેવા બદલ 'ગોપી'નું ઉપનામ મળેલું. હજી સુરતનાં રઝાક બૅન્ડ કે સાદા ભૂંકાર કરતાં તુર્કી ટોપીવાળા મિયાંઓનાં ફૂલેલાં ગળાં દ્વારા વાગતાં વાજાં જ્યારે ગામડાંમાં પ્રવેશ કરવા પામ્યાં ન હતાં અને ગામડાંના ઢોલીઓ જ લગ્નાદિ પ્રસંગોના સંગીત–નૃત્યના વિધાયકો હતા તેવે કાળે 'ગોપી'ની ટુકડીને પોતાને ત્યાં બોલાવનારનો લોકોમાં વટ પડતો. મોતી રાવળ શરણાઇમાં વિવાહનાં ગીતો અચ્છી રીતે વગાડતો, જાણે સાંભળ્યાં જ કરીએ એવી વાતો કહેતો, એના સાથીદારો જાદુના ખેલો કરતા, અને છેવટે ગોપાળિયો ગોપીનો આબાદ વેશ લેતો. આ બધાંને લીધે મોતી રાવળની (અને હવે ગોપી પ્રખ્યાત થયા પછી, 'ગોપી'ની) ટુકડી આખા જિલ્લામાં ખૂબ જાણીતી થઈ પડેલી. લગ્નનાં મુહૂર્તો પાસપાસે આવી જતાં ત્યારે ગામગામ વચ્ચે, કેટલીકવાર એક જ ગામમાં ફળિયા ફળિયા વચ્ચે, ને કદીક તો એક જ ફળિયામાં ઘરઘર વચ્ચે 'ગોપી'ની ટુકડીને લાવવાની જબ્બર હરીફાઇ જામતી, ટુકડીનાં માન વધી પડતાં, અને મોતી રાવળને નગદ સોદો પાકતો.

આખા ગામમાં 'ગોપી'ની ટુકડી બોલાવ્યા વગર જેનું હીણું દેખાય એવું ઘર તો ચતુરભાઇ પટેલનું જ. પચાસ રૂપિયા ઠેરવીને જ્યારે ટુકડીને લાવવામાં આવી અને જ્યારે ખભે ઢોલકાં, ધંતુરાના ફુક્કા જેવા આકારની પિત્તળની શરણાઇઓ અને બેચાર ખડિયામાં 'લૂગડાં' લઇને આ મંડળી પાચમી વરધે ગામમાં આવી ત્યારે ગામમાં જાણે એક બનાવ બની ગયો, અને છોકરાંની ભૂંજાર પાંચ કલાક લગી તેમના ઊતારા પાસેથી હટી નહિ.

'શું મારા ભાઈ! પાંચ ગામનાં બાનાં ઠેલીને રાવળિયા આવ્યા છે!'

'અને ભાઇ, છોકરો શું ગોપી થાય છે, શું ગોપી થાય છે! જાણે સાક્ષાત ગોપી! ખરેખર, ચતુરભાઇના લગનમાં તો રંગ રહી જવાનો.'

'અને વેવાઇને ત્યાં પણ વટ પડી જવાનો, ગામનો!' આમ ઓટલે ઓટલે બોલાવા લાગ્યું.


માંડવા મુહૂર્તથી માંડી, ગુજરાં ગોરમટી, વરધ ભરવાની, પૉંશ ભરવાની એમ લગ્નની નાનાવિધ ક્રિયાઓ વખતે નારીમંડળની સાથે ઢોલીઓને જવાનું રહેતું અને એ વખતે ઘરડાં કે આધેડ, ઘુમટા વગરની ગામની દીકરીઓ કે ઘુમટાવાળી વહુઆરૂઓ, —નાનીમોટી તમામ સ્ત્રીઓ ઢોલીઓ સાથે ફરતા આ છોકરા તરફ કૌતક અને પ્રશંસાથી જોઇ રહેતી અને સંભળાય ન સંભળાય તેમ બોલતી: 'ભગવાને આ રાવળિયાને શું રૂપ આપ્યું છે!'

ઉકરડા પર ગુલાબ પડ્યું હોય તેમ રાવળિયા જેવી કોમમાં ગોપાળ જન્મ્યો હતો. ગોપાળની મા એની નાની બહેનના જન્મ વખતે જ મરી ગએલી; અને એને છોકરી ન હતી એટલે આ ફૂટડા છોકરાને જાણે તેની ભવિષ્યની કારકીર્દિ ભાખતી હોય તેમ,


(અનુસંધાન આગળ પૃ. ૧૦૨મે)

ફર્નિચરોમાં નવીનતા


દુનિયાના દરેક યુગમાં માણસે પોતાનાં સુખસગવડમાં વધારો કરતાં ફર્નિચરો સરજ્યા કર્યાં છે. દેશની આબોહવા, કામકાજ, રીત.રિવાજ તેમજ માણસોનાં માપ, એમ ત્રિવિધ અસરોથી ઘાટઘાટનાં અને અવનવી રચનાનાં યોજાએલાં ફર્નિચરોનો ઇતિહાસ સંસ્કૃતિનું એક અપૂર્વ પ્રકરણ છે; એટલું જ નહિ પણ તેમાં નિત નવીનતા થતી જ રહી છે. બાપદાદાના વખતનાં આસનો ખાટલાઓ ને બાજઠો સાથે આજની ફૅશનના ઘાટ સરખાવો તો જણાશે કે માણસે પૂર્વજોની અક્કલના પાયા પર વધારે ચણતર કરી નાખ્યું છે. અમારા મિત્રકલાકાર મિ. વી. આર. ચિત્રાએ મદ્રાસની સરકારી કળાશાળાના કારીગરીખાતામાં આપણાં ફર્નિચરોને જે નવીન ઢબ અને સજાવટ આપી છે તેમાંથી ફર્નિચર શોખીનો અને કારીગરો ઘણું મેળવી શકશે -ર.




ડાબીબાજુ:ચિત્રકામનું મેજ જમીન પર બેસી ચિત્રકામ કરનારમાટે આ મેજનું મથાળાનું પાટીઉં જોઇએ તેવાઢાળ પર ગોઠવી શકાય છે. તે સાથે કામ કરવાનાં સહિત્યો રાખવાનું ખાનું પણ સગવડરૂપ છે તેમાં ૧૮×૨૪ જેટલા માપના કાગળો રાખી શકાય છે




જમણી બાજુ: પરચુરણ વ્યવસ્થા માટેનું ટેબલ. ઉપરનું પાટીઉં બાજુની ધારે કેવો સુંદર ઘાટ દર્શાવે છે! માત્ર પાટીઆંથી જ આ ઘાટ રચવામાં આવ્યો છે. પડખે ઊભેલાં પાટીઆંના તળ આગળ આંગળી જેમ પટીઓ નાખી જમીન પર પગ પેઠે વળતી બનાવીએ પટીઓ સુંદરતામાં વધારો કરે છે.








ઉપર ડાબી બાજુ : દીવાનખાનામાં રાખવાની ખુરશીઓ, મંચક અને પગ રાખવાનો નાનો બાજઠ. આકૃતિમાં તે આર્ય મુદ્રા ધરાવતાં છતાં આધુનિક શોભા ને જરૂરિયાત પૂરાં પાડે છે ઉપર જમણી બાજુના ચિત્રમાં ખુરશીઓના ઘાટ ઉપરાંત વચ્ચેનું નાનું બેઠું કબાટ ઉપયોગી અને સુંદર છે. નીચે : ભૂમિની બેઠકવાળા માટેનો લેખન-વાચનનો બાજઠ. જમણી તરફ : 'સેંટર ટેબલ' એટલે બેઠકની વચ્ચે રાખવાનું બેઠું મેજ—જેના ઉપર ફલદાની. પાનદાની કે અત્તરદાની રાખી શકાય.











ઉપર: કોઇપણ દીવાનખાનાને શોભાવે એવો હિંદી ઘાટનો મંચ
બાજુએ: દીવાનખાના તેમજ પરસાળને લાયક બીજું કેટલુંક ફર્નિચર

માણસના મગજનું અદ્ભુત સાંચાકામ જે આખા અંગને ચલાવે છે



COURTESY : WORLD OF WONDER

માણસના મગજનું સાંચાકામ બહુ અદ્ભુત અને વિષમ રચનાવાળું છે. તેમાં જુદાજુદા ભાગ જુદાંજુદાં કામ કરે છે. આપણા સમસ્ત શરીરના જુદાજુદા ભાગો પર પથરાએલા મગજના તંતુઓ ત્યાં થતા અનુભવ અને લાગણીઓના સંદેશ મગજના જુદાજુદા ખાનાંઓમાં પહોંચાડે છે અને એ ખાનાંઓમાંથી પછી આંખ, કાન, નાક, હાથ, પગ, જીભ એમ વિવિધ અંગો ઉપર તેમને કામ કરવાની આજ્ઞા આપતા સંદેશા છૂટે છે. દાખલા તરીકે મગજનો આગલો ભાગ વાચા અથવા વાણીનું કાર્ય કરે છે અને પાછલો ભાગ દ્રષ્ટિ–જોવાના કાર્ય જોડે સંબંધ ધરાવે છે. એક જાણીતો ફુટબૉલ રમનારો રમતાંરમતાં જમીનપર પડી ગયો એવામાં તેના મગજના પાછળના ભાગમાં બીજા ખેલાડીની સખત લાત અકસ્માત વાગેલી તેથી તે અમુક દિવસો સુધી આંધળો રહેલો. આનું કારણ સ્પષ્ટ છે કે એ લાતથી એના મગજનો દૃષ્ટિ જોડે સંબંધ રાખનારો ભાગ જોખમાએલો. ઉપરના ચિત્રમાં મગજના એવા વિભાગોમાંના થોડાકનાં સ્થળ આલેખી બતાવ્યાં છે.

વનવગડાનાં વાસી



જંગલવાસી જીવસૃષ્ટિની એ અભ્યાસમય પરિચયમાળાનો હપ્તો

કાળિયાર

આસ્તિકો મને કહે છે કે હવે મારે ફરી જનમવાનું રહેતું નથી.

ગયા કાલે શિવરાત્રિ હતી. તીર્થસ્નાન કરી, બિલીપત્ર ધરી, ગાલ વગાડી ભાવિક જનો પાપ ટાળવાને ભોળાનાથને ખુશ કરવાનો પ્રયત્ન કરતા હતા, તે વખતે હું વેરાન વગડામાં રખડવા નીકળ્યો હતો. બાવળાને રસ્તે અમદાવાદથી દસેક માઇલને છેટે ચાંગોદર ગામ છે. ત્યાં મોટરો મૂકીને હું અને મારો એક ઓળખીતો બીડમાં પેઠા. છાતીપૂર ઘાસ. અણખેડી કુંવારી કાળી ભોમ એટલે ખરિયાંનો પાર નહિ. બાવળની ગીચ ઝાડી. આ બધું વટાવતા ભમતા અમે પાંચેક માઇલ ચાલ્યા હોઇશું ત્યાં ઉઘાડ આવ્યો. એમાં પેસીએ છીએ તો સપાટ ખેતરની વચ્ચે 'કાળિયાર' ઊભેલો દેખાયો. એકલ. હૃષ્ટપુષ્ટ શરીર. માથે હાથેક લાંબાં શિંગડાં. બિલીના ઝાડની છાયામાં ચરતો હતો. અપૂર્વ દૃશ્ય હતું. મારો સાથી હતો શિકારી. હાથમાં ભરેલી બેનાળી બંદુક હતી; એટલે ચડપ લઇને એણે નિશાન સાંધ્યું. પણ મારો આત્મા કકળી ઊઠ્યો. ક્ષણિક આનંદની ખાતર આ નિર્દોષ રૂપાળા જીવને હીણવાને મારો જીવ ન ચાલ્યો. એટલે મારી અનિચ્છાથી એણે બંદુક નીચી નમાવી દીધી અને ઘાસની ઓથેથી અમે એને જોઇ રહ્યા. પવન સામો હતો એટલે અમારી ગંધ સરખી યે એને ન હતી, એથી નીરાંત જીવે એ ચરતો હતો. વીસેક મિનિટ થઇ. અમે તો જોઇ જ રહ્યા. આખરે ચરતોચરતો ધીમેધીમે એ મદમાતો અમારી નજરેથી જતો રહ્યો. જ્યાં સુધી દેખાયાં ત્યાં સુધી ઘાસમાંથી એનાં ડોલતાં શિંગડાં હું દૂરબીનથી જોઇ રહ્યો. એ નજર બહાર ગયો એટલે હાશ કરી મેં સંતોષનો નીસાસો મૂકયો. એને બીચારાને શેની ખબર હોય કે મોત તો હાથવેંતમાં ભમતું હતું.

હરણ મારવા ગએલા પારધીને, અપૂજ શિવલિંગ પર અજાણ્યે બિલી નાખવા માટે મોક્ષ મળ્યો, એવું શિવરાત્રિના માહાત્મ્યમાં છે. અહિં બિલીનું ઝાડ હતું. નીચે મૃગ ઊભો હતો; ભરેલી બંદુક હતી. મેં એનો જીવ બચાવ્યો, તો મારો પણ કૈલાસવાસ કેમ નહિ થાય? અપૂજ શિવનું લિંગ ન હતું એ હું કબૂલ કરૂં છું; પણ મહાદેવજી તો સચરાચરમાં વ્યાપી રહ્યા છે ને? એટલે આ સ્થળે એમણે મારી માનસપૂજા માની લીધી હશે જ.

એટલે જ આસ્તિકો મને હિંમત આપે છે કે હવે મારે ફરીથી અવતરવાનું નથી.

કાળિયારનું નામ કોણે નથી સાંભળ્યું? વૈદિક દેવતાઓનો—સવિશેષ યજ્ઞનારાયણનો તો એ પ્રિય પશુ. આખ્યાયિકા છે કે એક વખત દેવતાઓથી રિસાઇને અગ્નિદેવ યજ્ઞમાંથી નાસી ગયા. નાસીને એ કૃષ્ણમૃગમાં પેઠા; એટલે દેવતાઓએ કૃષ્ણમૃગને પકડીને તેનો બલિ કર્યો. તે દિવસથી કૃષ્ણમૃગ–કાળિયાર દેવતાઓનો યજ્ઞપશુ બન્યો. યજ્ઞમાં હવિ અર્થે પલાળેલી ડાંગર છડવાનું અને મસળવાનું પણ હરણના ચામડામાં. સોમરસ ગળાય પણ એ ચામડાથી. ઋત્વિજો અને યજમાનનું યજ્ઞાયુધ પણ કાળિયારનાં શિંગડાં––કૃષ્ણવિષાણ. એમનાં આસન પણ એના ચામડાનાં. ઋષિમુનિઓના દેહનાં ઢાંકનાર પણ હરણનાં ચામડાં જ. આવી રીતે ધર્મને નામે હણાતા આ ગરીબ પ્રાણીનો વધ (મૃગયા) કરવામાં મધ્યકાલીન ગૌબ્રાહ્મણ પ્રતિપાળ ગણાતા ક્ષત્રિયોએ પણ સ્વધર્મ અને પુરુષત્વ માન્યાં. આધુનિક યુગમાં એનાં શિંગડાં ખાતર એ હણાય છે. આમ અનેક રીતે પુરાણકાળથી વધ્ય તરીકે પરિચિત આ સુંદર વન્ય પશુનો નિકટનો પરિચય તો શિકારી સિવાય અન્ય પ્રાકૃત જનને સરળ કે સુલભ નથી.

કાળિયાર એટલે Black Buck (નર જાતિવાચક એ શબ્દ છતાં નર–માદા ઉભયનો વર્ગસૂચક છે).

દુનિયાભરનાં ચોપગાંઓમાં સૌથી વેગવાન અને સુન્દરતમ પશુ

એનું સંસ્કૃત નામ कृष्णसार–कृष्णमृग. આધુનિક પ્રાણિશાસ્ત્રીઓ એને Antelope cervicapraથી સંબોધે છે. સ્તનપાયી મહાવંશના ungulates–ખરીવાળાં પ્રાણીઓનો એક અંતર્વંશ છે. તેના एकशफ–એક ખરીવાળાં અને द्विशफ–બે ખરીવાળાં પશુઓ એવા બે વિભાગ છે. આમાંના બીજા વિભાગમાં જે Ruminants–વાગોળનારાં (रोमन्थकर) પ્રાણીઓ ગણાવાય છે તેમાંના Bovidae–ગાય, ભેંસ, બકરાં અને ઘેટાંના ગોત્રમાં કાળિયાર ઊતરી આવ્યું છે. રોઝ, છીંકારૂં અને ચોશિંગાં એનાં પીતરાઈ. આ ત્રણ અને ચોથું કાળિયાર, Antelope ની સામાન્ય સંજ્ઞાથી ઓળખાય છે. જોકે સાચું Antelope તો કાળિયાર એકલું જ.

કાળિયારને Deer ન કહેવાય. Deer અને Antelope ભિન્ન ગોત્રનાં પ્રાણી છે. એ બંને વચ્ચે, ખાસ કરીને બંને જાતિના નર (કારણ માદાઓને સામાન્ય રીતે શિંગડાં નથી ઊગતાં, જેથી બંને જાતિની માદાઓ દૂરથી જોતાં સરખી–એક જેવી લાગે છે.) વચ્ચેનો મુખ્ય ભેદ 'શિંગડાં' ને લીધે સમજાય છે. Deerનાં શિંગડાં (સાચું નામ Antlers) ડાળાંવાળાં ઝાડની પેઠે ફેલાય છે, જ્યારે Antelopeનાં (સાચી સંજ્ઞા Horns) સીધાં સોટા જેવાં, ડાળા વિનાનાં ઊગે છે; Deer નાં નક્કર, કેવળ હાડકાનાં બનેલાં હોય છે, ત્યારે Antelope નાં પોલાં;—વચ્ચે હાડકાનું ભૂંગળું ને તેની ફરતું શિંગડાનું પડ; Deer નાં વરસે વરસે ખરી પડે ને મૂળમાંથી નવાં ઊગે : જ્યારે કાળિયારનાં કોઈ દિવસ ખરે નહિ, ભાંગે તોપણ ફરી ઊગે નહિ એવાં : જિંદગીમાં એક જ વખત ઊગનારાં. Deer ના વર્ગમાં સાબર, કાકર, બારાસીંગ, ચિતળ અને કસ્તૂરીમૃગ ભારતવર્ષમાં થાય છે. કસ્તૂરી મૃગને શિંગડાં નથી હોતાં પણ બે નાના દંતુશળ હોય છે.

આખી દુનિયામાં ચોપગાં પ્રાણીઓમાં સૌથી સુંદર પ્રાણી તે 'કાળિયાર.' એની પડખે મૃગરાજ સિંહ કે વનરાજ વાઘની સુન્દરતા પણ ઝાંખી પડે. નગણા દેહવાળું છીંકારૂં પણ એનાથી હલકી પાયરીને પામે. વિધાતાએ હળવે હાથે એની રૂપાળી સપ્રમાણ અને ભરાઉ કાયા ઘડી હશે. કાળિયાર આશરે ૩૨" ઊંચો. માદા સહેજ નીચી. ત્રણેક હાથ લાંબા દેહ, વેંતભર પૂંછડી. બે મણની ફાટતી કાયા. બંનેના વાન પણ જુદા. કાળિયારની પીઠ, ગરદન, ગળું, મોં, કપાળ ઘેરાં તપખીરિયાં—એટલાં ઘેરાં કે કાળાં શાહી જેવાં લાગે. પેટ, ગળાની નીચેનો ભાગ ધોળો દૂધ જેવો. આંખ ફરતું ધોળું ચકરડું. જુવાન કાળિયાર–'રાગ' અને માદા–'રેડી'ની પીઠ પીળાશપડતી બદામી, નીચેનો પેટનો ભાગ ધોળો અને બે પડખે બદામી ને ધોળો રંગ ભેગા થાય, ત્યાં ફિક્કા આડા પટા. આ પટા પુખ્ત વયના નરના શરીર પર નથી દેખાતા. તદ્દન સફેદ–કોઢીઆ કાળિયાર આખા હિંદુસ્તાનમાં માત્ર ગુજરાતમાં અમદાવાદની આસપાસ ક્વચિત્ જોવામાં આવે છે.

નરને માથે બે લાંબાં, અણીદાર, સીધાં, આમળેલાં પણ ગોળ શિંગડાં. સાધારણરીતે બે ફૂટનાં. સૌથી મોટાં શિંગડાં ૩૧½"નાં જોવામાં આવ્યાં છે,—એના દેહની ઊંચાઇ જેટલાં લાંબાં! બીજા કોઇપણ Antelope ની નથી એવી એનાં શિંગડાંની શોભાને લીધે શિકારીઓ એનો ઘાણ કાઢી નાખે છે. ગુજરાતમાં મોટાં મોટાં ૨૮" મપાયાં છે. શિંગડાંના મૂળથી ટોચ સુધી થોડે થોડે અંતરે ગોળ કડીઓ. રેડીને સામાન્ય રીતે શિંગડાં ઊગતાં નથી. રાગને માથે શિંગડાં ઊગવા માંડે ત્યારે પહેલે વરસે તો સીધાં સોટા જેવાં ઊગ્યે જાય. બીજે વરસે તેને આમળો ચડવા લાગે તે છેક ત્રીજા વરસના અંત સુધી ચાલુ રહે. પૂરો આમળો ચડી રહે કે તરત એની પીઠ વગેરેનો રંગ ઘેરો–કાળો પડવા માંડે છે, જેને લીધે એનું 'કાળિયાર' નામ પડ્યું છે.

કાળિયારને ગંધ પરથી બીજાં પ્રાણીઓ પારખી શકવાનું ઓછું આવડે છે. પણ એની નજર તીક્ષ્ણ છે. એ નજર અને શીઘ્ર ગતિથી એનું રક્ષણ થાય છે; કારણ ચોપગાં પશુઓમાં સર્વોત્તમ વેગવાળું માત્ર કાળિયાર જ છે. વાઘ, દીપડા અને ચિત્તા જેવાં શિકારી પ્રાણીઓ પણ એને પહોંચી શકતાં નથી, સપાટ મેદાન હોય તો એ વગર થાક્યે કલાકના ૪૦–૪૫ માઇલની ઝડપે પહોરના પહોર સુધી લાગટ દોડી શકે છે! દોડવામાં એને પડખે કંઇક રહી શકે તેવું તો માત્ર છીંકારૂં જ. રાગ અને રેડી કરતાં ધીમો દોડનાર કાળિયાર પણ ડર્બીની શરતના ઘોડાઓને તો ક્ષણમાં હરાવી

શકે. ભલભલા શિકારી કુતરા એની તોલે નથી આવતા. અને એની ફલંગ! એક તડાકે ૨૦–૨૨ ફૂટ તો તે રમતમાં વટાવી જાય!

સ્વભાવે ગરીબ. ખુશમિજાજી પણ એવું જ. રમતિયાળ પણ ભારે. ટોળું બાંધી રહે: ૧૦–૧૫ રેઢી અને એનું એકહથ્થું સ્વામિત્વ ભોગવનાર કાળિયાર. ગજું છે બીજા કાળિયાર કે રાગનું કે ટોળામાં ભળી શકે! કદિક કદિક આવાં ટોળાં ૨૫–૫૦નાં પણ જોવામાં આવે છે. માત્ર રજપૂતાનાના અમુક પ્રદેશમાં આ સંખ્યા હદ વટાવી જાય છે. ક્વચિત્ આખા ટોળાથી વિખુટો પડીને કાળિયાર 'એકલ' વિચરતો પણ જોવામાં આવે છે. આવાં ટોળાંનું નાયકપણું એકાદ વૃદ્ધ હરણીને જ અપાય છે.

ઘાસ એમનો આહાર. સવારથી ચરવા નીકળે. બપોર થતાં છાયાવાળા સ્થળે આરામ લેવા જ[illegible] સૂરજ નમે કે ફરી પાછાં ચરવા માંડે. એમના [illegible]રીક્ષણ માટે અનુકૂળ સમય સવારનો છે. વનવગડાનાં વાસી છતાં ઊનાળામાં પાણીની તરસ છીપાવવા ક્વચિત્ વસતીમાં પણ આવતાં જોવામાં આવે છે.

છસાત વરસ પહેલાંની વાત છે: જે વખતે દર ઊનાળે હું મારે ગામ જતો. ઊનાળામાં સીમનાં તળાવ સૂકાઇ ગયાં હોય. ગામના તળાવમાં પણ લીલું ગંધાતું પાણી હોય. એને લીધે સવારે હું, ગામને ગોંદરે એક કૂવો હતો ત્યાં, દરરોજ નિયમિત નહાવા જતો. ડોલમાં પાણી ભરી, મહીં તાજાં મહુડાં નાખી, ઠંડા પવનમાં રહેવા દેતો. પાસેના ખેતરમાં રોજ હરણનું ટોળું ચરવા આવે. પાણીના મીઠા સુવાસથી આકર્ષાઇ બ્હીતું બ્હીતું એકાદ હરણ કોઇકોઇ વખતે એ પાણી પીવા આવતું. ચિર પરિચયે મારી બીક ભાંગી ગઇ અને ટોળાનો અને મારો પરિચય વધતો ગયો. પછી તો હું ડોલ ભરીને ખેતરમાં મૂકી આવું, અને વખત થાય કે ઘડિયાળના કાંટા પેઠે નિયમિત વખતે હરણ આવે. વારા ફરતી પાણી પીએ અને આખી ડોલ ખાલી કરી મૂકે.

હરણ બ્હીએ કે તરત હુંકારવા માંડે—ખાસ કરીને કાળિયાર. રેઢી છીંકારાના જેવી છીંક ખાય. નાસવા માંડે તે સીધાં નહિ. પહેલાં ઉપરાઉપરી કૂદકા મારે: જેથી ચોપાસ જોઇ શકે કે ભય કઇ દિશામાં છે. પછી માંડે દોડવા. અને પછી તો તાકાત છે કોઇની કે એમને પકડી શકે!

કાળિયારનાં બચ્ચાં બારે માસ દેખાય છે, તોપણ એના સંવનનની ઋતુ તો વસંત. એ વખતે, બસ, મસ્તીએ ચડેલા નરની શોભા, એનો થનગનાટ, મદોન્મત્ત ઉગ્ર સ્વરૂપ! એમાં ય એકજ યુવાન હરણી કાજે થતું બે પ્રતિસ્પર્ધી મત્ત કાળિયારનું યુદ્ધ જોવું, એ તો જીવનની ધન્યપળ ગણાય. ગરદન પાછળ નાખી હોય, શિંગડાં બરડા પરથી પડખે ઘસાતાં હોય, પૂંછડી ઊંચી ટટાર કરી હોય, આંખ નીચેની મદઝરતી ગ્રન્થિઓ વિકસાવેલી હોય, અદમ્ય ઉત્સાહથી પગ પછાડતો, નસકોરાં ફુલાવતો આંખમાંથી અંગાર વરસતો હોય —એવો પ્રેમોન્મત્ત કાળિયાર અદ્‌ભુત દશ્ય છે.

એકાવખતે હરણી એક કે બે જ બચ્ચાં જણે છે.

આ જાતનાં હરણ આપણા ગુજરાતમાં સામાન્ય રીતે દેખાય છે; પણ શિકારીઓના ત્રાસથી એમનો વંશ ઘટી ગયો છે. ગત મહાયુદ્ધ વખતે તો નર અને માદા ઉભયનો ઘાણ કાઢી નાખવામાં આવેલો, કારણ તેમનાં ચામડાંનાં ખાસ્તાઓ માટે અંગરખાં શીવડાવવાં હતાં. શામાટે નહિ કરે? જગન્માતા મનાતાં સીતાદેવીએ પણ હરણના ચામડાનો કમખો પહેરવા ઓછા પ્રયત્ન આદર્યાં હતા!

ચંદ્રનું લાઞ્છન, ચંદ્રમાના રથનો ખેંચનાર, નક્ષત્રમંડળના મૃગવ્યાધમાંનો મૃગ તે આ જ: કાળિયાર.

છીંકારાં

કુદરતની જેના પર વધારે કૃપા, તેનાં સંકટ પણ તેટલાં જ ભારે. મોરને કલાપ આપી સુંદર બનાવ્યો, પણ તે જ કલાપ માટે એનો વધ થાય. સિંહ અને વાઘને અદ્‌ભુત ચપળતા અને પ્રચંડ શક્તિ બક્ષ્યાં તો તેટલા પ્રમાણમાં જ વધારે, એમના સંહારની મનુષ્યમાં જાગતી સતેજ સંહારવૃત્તિ. જેમ સ્ત્રીની મોહકતા વધે તેમ તેને કચડી નાખી ઉપભોગ કરવાની પુરુષની તત્પરતા વધારે. ફૂલની સુકુમારતા, એનો મૃદુ સુવાસ અને કોમળ સ્પર્શ જેટલાં લોકોત્તર, તેટલો જ તેનો સદ્ય વિનાશ. અત્યંત ઉચ્ચ પરિમલવાળી કસ્તૂરીનો ઉત્પાદક, તેથી જ કસ્તૂરી મૃગનો વધ થાય. વરાહમિહિર જેવાને તો કહેતાં શરમ પણ નથી આવી કે દેવતાઓએ એમના વાળની ખાતર જ ચમરી પશુને હિમાચળની કંદરામાં ઉત્પન્ન કર્યું છે. શી નફટના! આવી મનોવૃત્તિને પરિણામે જ માંસભોજનપ્રિય વૈદિકોએ તપસ્વી કાળિયારને



અગ્નિદેવનું પ્રતીક બનાવ્યો—મેધ્ય યજ્ઞપશુ સ્થાપ્યો; મધ્યયુગમાં એની પવન જેવી ગતિને લીધે મૃગયાવિલાસી નૃપતિઓ એને હણતા; આજે એનાં શિંગડાંની શોભાને લીધે એ હણાય છે. જેમ શિકારી લાંબામાં લાંબાં શિંગડાં મેળવવા ભાગ્યશાળી થાય તેમ એની sportsmanship—ગૌરવ વધારે. કાળિયારનાં શિંગડાં એનો શત્રુ. એનું કૃષ્ણાચર્મ, એની ગતિ–બધાં ય પ્રાણહારક!

વિસંવાદી સ્વભાવવાળા વિધાતાની આ જાળમાંથી બચ્યું હોય તો તે માત્ર 'છીંકારૂં' જ. બીચારાને પૂરાં બે હાથનાં યે શિંગડાં નહિ. ખાલકું મારવાડની રેતીના રંગનું. કોને મોહ પમાડે? એનામાં આકર્ષક જેવું કંઇ હોય તો તેની આંખો જ. પ્રાણિસૃષ્ટિમાં એવાં રૂપાળાં નેન તો કોઇનાં ય નથી. જે હરણનાં સૌંદર્યસાર નયનો સાથે અત્યંત લાવણ્યમયી સ્ત્રીનાં નયન સરખાવાય છે (एणीदृशी) તે હરણ આ 'છીંકારૂં' જ (एण). એની આંખો સામે જુઓઃ કાતરતા, પ્રેમ, માર્દવ, સૌન્દર્ય, સપ્રમાણતા, આદિ અનેક ઉત્કૃષ્ટ ગુણોની ખાણ. મોટી, વિશાળ, કાજળ જેવી. જોયાં જ કરો; જોતાં ધરાવાય જ નહિ.

આંખોને કાઢી લઇ સાચવી રખાતી હોત તો સુંદરતાના પૂજારીઓ–કહેવાતા કલારસિકો એને કાઢી સાચવી રાખત! પણ ધન્ય ભાગ્ય છીંકારાનું કે આંખને નથી સાચવી શકાતી. એટલે જ એની એ નિઃસીમ શોભાની ખાણ જેવી આંખ માટે એનો વધ કોઇ નથી કરતું.

'છીંકારૂં' (छिक्कर, छिक्कार) અને કાળિયાર પીતરાઇ થાય. અંગ્રેજો એને Chincara, Benett's Gazelle કે Gazelle કહે છે.સામાન્ય રીતે એને Antelope કહે છે, પણ એ સાચું Antelope નથી.


બાંધો કાળિયાર જેવો દેખાય, પણ સાવ નાનુંઃ બકરી જેવડું. અત્યંત સુકુમાર અને નમણો દેહ. ભાગ્યે જ ૨૬" ઊંચાઇ હોય. માદા સહેજ ઠીંગણી. સવા મણની કાયા. પાતળી ગરદન. દુબળા પગ—દોરડી જેવા દેખાયઃ પણ દોડવામાં તો માત્ર કાળિયારથી જ હારે. મોટી આંખો. આંખ નીચે નાની મદનગ્રન્થી. નર, માદા, બચ્ચાં—બધાંયના શરીરનો રંગ એકસરખો: પીઠ પર ધૂળિયો કે આછો બદામી—સહેજ ગુલાબી છાંટવાળો. દાઢી, છાતી, પેટ, ઢગરા સુધી સફેદ. પૂંછડી ટૂંકી, કાળી—જેને લીધે એનું નામ 'કાળપૂછિયું'–कालपुच्छ પડયું છે. પીઠ સુંવાળી. મોંની બંને બાજુ ઊભી ધોળી લીટીઃ એની પાસે લગોલગ લાલાશપડતી ઝીણી પટી. ઢીંચણ પર વાળનાં ભોથાં: કાળાં કે છીંકણી રંગે.

નરમાદા ઉભયને સાધારણ રીતે શિંગડાં હોય છે—ક્વચિત્ પ્રાન્તભેદે કોઇ માદા શિંગડાં વિનાની પણ દેખાય. નરનાં શિંગડાં સીધાં: વળ વિનાનાં. પણ એ પર આશરે આંગળઆંગળને છેટે કડીઓ;—એક શિંગડા પર એ દસપંદરથી વધારે ન હોય. કાળિયારનાં શિંગડાં કડીવાળાં છતાં આમળો ખાધેલાં અને લાંબાંઃ છીંકારાનાં કડીવાળાં પણ સીધાં અને શરીરના પ્રમાણમાં ખૂબ ટૂંકાં—ભાગ્યે જ ૧૦" થી વધારે દેખાય. મોટામાં મોટાં ૧૫" નોંધાયાં છે. હોય તો સીધાં, પણ ટોચે સહેજ પીઠ તરફ ઢળતાં. માદાને માથે નાનીનાની રૂપાળી શિંગડીઓ. ક્વચિત્ કડીવાળી ને ક્વચિત્ સીધી, સપાટ, સરળ, અણીદાર; પણ ગોળ તો ખરી જ.

ગંધ ને શ્રવણશક્તિ સાધારણ. દૃષ્ટિ પણ સામાન્ય.

કાળપૂછિયું ચમકે ત્યારે પગ પછાડે; છીં છીં છીંકો ખાય—એથી એનું નામ છીંકારૂં પડયું. ટોળામાં રહેવું એને ન ગમે; એટલે બેત્રણ કે પાંચછ થી વધારે ભેગાં જોવામાં નથી આવતાં. જ્યારે કાળિયારનાં તો કેટલાં યે ટોળાં ભેગાં રહી શકે છે: વખતે ૧૦૦૦ જેટલાં પણ દેખાય!

મેદાનમાં રખડનારાં. સ્વભાવે ચપળ. ભારે સાવધાન, બીકણ પશુ. અને મળતાવડું પણ એટલું જ. માણસનો સહવાસ થાય કે પછી છૂટું જ ન પડે.



શિકારી ચિત્તો

ઘાસ, ફળ, ફૂલ, પાન બધું યે એને ભાવે. ખેતરમાં ઊભા મૉલ પણ ચરે. એ માટે રાતે પણ ભમનારાં. કાળિયારને આમ રાતે રખડવાનું નથી ગમતું.

એમને સંવનનની કોઇ ખાસ ઋતુની પીડા જ નથી. બારે માસ બચ્ચાં જણે એક સાથે એક કે બેથી વધુ નહિ.

હિન્દુસ્તાનના ઘણા ભાગોમાં દેખાય છે. ગુજરાત અને કાઠિયાવાડમાં છૂટાંછવાયાં જોવામાં આવે છે: કાળિયાર જેટલાં વ્યાપકપણે નહિ.

કાળિયાર અને છીંકારાનો શિકાર કરવાની એક વિશિષ્ટ રીત છે: જેમાં ચિત્તાની સહાય લેવાય છે: કર્નલ મેડોઝ ટેયલરની સુંદર નવલકથા 'ચાંદબીબી' ('A Noble Queen')માં આવા શિકારનું સુંદર આલેખન કર્યું છે. હાલ બંદુકોનો વપરાશ વધતાં, ચિત્તાની સહાયથી કરાતા શિકારનો શોખ ઓછો થયો છે.

શિકાર માટે પાળવામાં આવે છે તે ચિત્તા—Hunting Leopard વિશિષ્ટ જાતનું પ્રાણી છે. એનું વૈજ્ઞાનિકોએ પાડેલું નામ Cynælurus jubatus. કેટલાક એને જંગલી દીપડો—Leopard કે Panther નું જ ગ્રામ્ય domesticated સ્વરૂપ માને છે; પણ તે સાચું નથી. આ બંને પ્રાણીઓના સ્વભાવ અને શરીરના વાન તથા બંધારણમાં ભારે તફાવત દેખાતો હોવાથી પ્રાણિશાસ્ત્રપ્રવીણો બંનેની ભિન્નભિન્ન જાતિ સ્વીકારે છે.

જ્યારે હરણ—કાળિયાર કે કાળપૂંછિયાની ભાળ લાગે ત્યારે શિકારીઓ પોતાની સાથે, પાળેલા ચિત્તાને ગાડામાં ઘાલી શિકારને સ્થળે લઇ જાય છે. ચિત્તાની આંખે ચામડાનાં ચશ્માં કે પાટા બાંધેલા હોય છે. તેમજ અગાઉથી એમની ભૂખ અને ક્રૂરતા વધારવા ક્વચિત્ એક બે દિવસ ભૂખ્યા પણ રાખે છે. યોગ્ય સ્થળે આવતાં તેમને ગાડાંમાંથી ઉતારી, સાંકળે બાંધી જ્યાં હરણ નિર્ભયપણે ચરતાં હોય ત્યાં દોરી જાય છે. હરણ નજરે પડે તેટલે પાસે આવતાં જ ચિત્તાની આંખો ખુલ્લી કરી દે અને જેવો એ સાવધાન થયો કે તરત જ એને સાંકળથી છૂટો કરે. પહેલી તરાપે હરણ પકડાયું તો ઠીક, નહિ તો, જો હરણ એક વખત ઊપડ્યાં તો થઇ રહ્યું. ચિત્તો પાછળ જ રહેવાનો. અને આમ પાછળ પડતાં જ થોડું દોડી નિરાશ થઇને એ જમીન પર બેસી જવાનો. આમાં હરણ મારવા કરતાં ચિત્તા અને હરણની દોડવાની હરીફાઇ જોવાનો શિકારીઓને ખાસ શોખ હોય છે. **'વનેચર'**

સાહિત્યની નજરે

——————————કરેલા એક પ્રવાસનું વ્યંગ વાણીમાં દર્શન——————————

૩-બિકાનેર

જ્યારે ફુરસદ હોય ત્યારે એક સવાલ વિચારવા જેવો છે. તે એ કે જગતમાં ત્વરા વધી છે તેથી બધી રીતે ફાયદો જ થયો છે કે ગેરફાયદો પણ થયો છે? એક માણસ એંશી દિવસમાં પૃથ્વીની પરિક્રમા કરે અને તેથી બેવડા વખતમાં એક માણસ હિન્દના એક ભાગમાંથી કાશી કે દ્વારકા પહોંચે એ બેમાં વધારે જ્ઞાન કે વધારે અનુભવ કોણ મેળવે છે?

પણ ફુરસદ ન હોય ત્યારે એ સર્વ પ્રશ્નો વિચારી શકાતા નથી. અમારી મુસાફરીમાં ત્વરાનું ધોરણ હતું એટલે અવકાશ ઓછો જ રહેતો. જોધપુરથી લાહોર જતાં બિકાનેર રસ્તામાં આવતું હતું એટલે બેત્રણ કલાક અમે બિકાનેરમાં ગાળ્યા.

જોધપુરના સ્થાપક રાવ જોધાના પુત્ર રાવ બિકાજીએ બિકાનેર વસાવ્યું. પણ જોધપુર અને બિકાનેરમાં ઘણો ફેર છે. બિકાનેરનો રાજ્યવિસ્તાર જોધપુરથી બીજે સ્થાને આવે. વસ્તી પણ પ્રમાણમાં ઓછી લાગી.

બિકાનેર રાજ્યની નદીઓ, ત્યાંના પર્વતો, ત્યાંની જોવા-જાણવાલાયક જગ્યાઓ એ સર્વ માહિતી બિકાનેરના પ્રવાસવર્ણન સાથે આવે અથવા બિકાનેર રાજ્યની ભૂગોળમાં આવે; આ સ્થળે તે કશું નહિ આવે. બિકાનેર રાજ્યમાં કોઇક સ્થળે સતલજ નદી વહે છે અને તેમાંથી પાકને પોષણ આપવા માટે ગંગા—નહેરની યોજના થઈ છે; પણ તે અમે જોવા ગયા નહોતા.

બિકાનેરની વસ્તી પહેરવેશ તેમજ કદમાં બીજાં રજપૂત રાજ્યો જેવી જ લાગી. મકાનો ઉપર ચોખંડા રોટલા જેવાં નળિયાં પહેલી જ વાર જોયાં. પણ મને કહેવામાં આવ્યું કે એવાં નળિયાં તો બીજે ઘણે સ્થાને હોય છે, એટલે તેમાં પણ કૌતક રહ્યું નહિ.

બિકાનેરમાં રાજમહેલ અમે જોયો; તેમજ એક હાઇકોર્ટનું મકાન પણ જોયું. તે બંને મકાનો સુંદર અને રમણીય છે. રાજમહેલ તો એટલો બધો મોટો છે કે અમારા કૅમેરામાં તે આખો આવતો જ નહોતો! છતાં બિકાનેરની જાણવા લાયક જગ્યા તરીકે અમે તેની છબી તો લીધી જ. હાઇકોર્ટના મકાન પાસે ચોગાનમાં તોપો રાખી છે તે ઉપરથી હાઇકોર્ટમાં તોપને ગોળે દેવાની સજા થતી હશે એમ તર્ક કરેલો, પણ તે તો તદ્દન ખોટો નીવડ્યો!


આમ તર્કો કરતાં, વિચારો ચલાવતાં, જગ્યાઓ જોતાં અમારો બિકાનેરનો મુકામ ખલાસ થયો અને અમે પંજાબ તરફ પ્રયાણ શરૂ કર્યું. મેં આગળ લખ્યું છે કે પાલણપુરમાં ધૂળ ઘણી છે તે ઉતાવળમાં લખેલું છે; કેમકે ભટિંડા સુધીમાં અમે જે પ્રમાણમાં ધૂલિપ્રાશન કર્યું તે પ્રમાણમાં પાલણપુરનાં તો શું પણ સહરાના રણનાં ઊંટોએ પણ ધૂલિપ્રાશન કર્યું નહિ હોય.

૪-લાહોર

પછી આવ્યા લાહોર.


અનારકલીની ફિલ્મ જોયા પછી અનારકલી બજાર તો સૌને પરિચિત થઇ ગએલી છે જ. લાહોર વિષે ઘણું સાંભળેલું એટલે તે જોવાની મને ખૂબ ઇચ્છા હતી.

લાહોર આધુનિક પંજાબની પાશ્ચાત્ય સંસ્કૃતિનું કેન્દ્ર છે. આજે લાહોરનું કશું મહત્ત્વ હોય તો તે પંજાબની સરકારનું મુખ્ય શહેર છે તેને લીધે છે; પરંતુ લાહોરનું પ્રાચીન ગૌરવ પણ કાંઇ ઓછું નથી. બાદશાહ જહાંગીર જ્યારે શાહજાદો સલીમ હતો ત્યારે વિલાસી છતાં સૌંદર્યપ્રિય એ સુબાએ લાહોર શહેરને વાસંતિ અલંકારોથી રૂપાળું કરવા માટે કિલ્લાની ચારે તરફ ફરતા બાગ બનાવ્યા હતા, તે આજે પણ છે. સંગીતમૂર્તિ અનારકલી પરની શાહજાદાની ભયંકર આસક્તિ મટાડવા માટે એ નવનીત-સુકુમાર સુંદરીને કઠોર ઇંટો વચ્ચે ચણી લેવાની ક્રૂરતા જ્યાં થઇ હતી તેના નામ માત્રનું સ્મરણ આપનાર અનારકલી બજાર ત્યાં છે; જો કે એ અનારકલીના સૌંદર્યની તો ઝાંખી પણ એ બજારમાં થતી નથી. પણ બીજી ઘણી રીતે લાહોર શહેર મુસાફરના મન ઉપર ચિરસ્થાયી અસર મૂકી જાય તેવું છે. રજપૂતાનાની ધૂળ ખાતા, સપાટ કે વેરાન પ્રદેશ જોતા આવ્યા પછી મોટાં ઊંચાં અપરિચિત ઝાડો અને હરિતનીલ સૃષ્ટિ ચિત્તને આનંદિત કરે છે. શીખ વગેરે વસ્તીનાં પ્રચંડ શરીરો અને બાંધેલ દાઢી તથા વાળ અને તપ્ત કાંચનવર્ણી મહિલાઓ




બિકાનેરના રાજમહેલનું પ્રવેશદ્વાર

ફોટો • આબીદમિયાં સૈયદ • પાલણપુર



ભજનિક

આલેખક · સોમાલાલ શાહ




લાહોરમાં

લાહોર પ્રત્યેના આકર્ષણમાં વધારો કરે છે. તેમાં યે ખાસ કરીને લાહોરનો શાલેમાર બાગ તથા શાહ દારા અને શહેનશાહ જહાંગીરની કબર એ ત્રણ તો હજી ગઈ કાલે જ જોયાં હોય તેમ સ્મરણે ચડી આવે છે.

અહીંનો શાલેમાર બાગ તે જ પ્રખ્યાત શાલેમાર. કાશ્મીરનો તો ત્યાર પછીનો. આ શાલેમાર બાગ જો કોઈ યુરોપીઅન મુસાફર જુવે તો એ ચૌદમા લૂઇથી જ જોવાલાયક મહેલો બાંધવાનું શરૂ થયું છે એ તેમની માન્યતા ખોટી ઠરે.


શાહ દારા એ મોગલ શિલ્પકળાનો લાક્ષણિક નમૂનો છે. ત્યાંનો અંદરનો દીવો કોટાના હિંદુ મહારાજાએ આપ્યો છે. આ તરફ હિંદુએ મુસ્લિમ ધર્મ મંદિરોમાં અને મુસ્લિમોએ હિંદુ દેવસ્થાનોમાં આવી મદદ આપ્યાના દાખલા ઘણા છે. લાહોરમાં મોગલ શિલ્પી બુદ્ધિશક્તિનો ખાસ નમૂનો સાંપડે છે. જહાંગીરની કબરના કોઇ પણ ભાગમાંથી કિલ્લાની સામેની જુમ્મામસ્જિદ તરફ નજર કરીએ તો મસ્જિદના માત્ર બે જ ગુંબજ અને ત્રણ મીનારા દેખાશે. અને જુમ્મામસ્જિદની કોઇ પણ જગ્યાએથી જહાંગીરની કબર તરફ નજર કરીએ તો તેના પણ ચારમાંથી ત્રણ જ મીનારા જોઈ શકાય છે. કહેવાય છે કે હરીફ શિલ્પીઓએ એકબીજાના મકાનની પૂરી ખૂબસૂરતી ન દેખાય તે માટે આ પ્રમાણે એ મકાનો બાંધ્યાં છે! બે મકાનો વચ્ચે આશરે માઇલ કે વધારાનું અંતર છે; તે છતાં આટલી બારીક ગણત્રી કરીને બે ગંજાવર ઇમારતો જાણીબૂઝીને આવી રીતે બાંધી શકે એટલી બુદ્ધિ અને કળા આપણા દેશના કારીગરોમાં એક કાળે હતી! જો તક મળે તો ફરી તે કેમ ન આવી શકે?




લાહોરમાં

જહાંગીરની જુવાની અહીં વ્યતિત થએલી એટલે એ વસંતભૂખ્યા સુજ્ઞાએ લાહોરમાં અનેક બાગ બનાવડાવ્યા અને જીવનને અંતે પણ પોતાની કબર-શૈયા એ પ્રિયતમ સ્થાનમાં જ તેણે પસંદ કરી. બાદશાહ જહાંગીરની કબર એ લાહોરનું બીજું જોવાજેવું સ્થળ છે. શીખો ઉપર મુગલોએ ગુજારેલા જુલમનો કેમ જાણે બદલો લેવાનો હોય તેમ આ કબરમાંથી શીખો જવાહીરો ઉખેડીઉખેડીને લઇ ગયા. યુદ્ધો અને વેરોનું આ મહા ભયંકર સ્વરૂપ છે. કલા હિંદુની નથી તેમ મુસલમાનની નથી; શીખની નથી તેમ મુગલની નથી; છતાં જહાંગીરની કબરની મનોહર અને સપ્રમાણ વેલોમાં યોગ્ય સ્થળે મૂકેલાં સ્ફટિક ઉખેડી ઉખેડીને અમૃતસરનાં એકલાં સોનાથી જ મઢેલાં બેડોળ મંદિરની અંદર જડવામાં શો ઉપકારક હેતુ સરતો હશે?

લાહોરમાં શીખ સત્તાની અસરો છે. લાહોરમાં શીખની વસ્તી મોટી છે, પણ બીજી વસ્તી એથી યે મોટી છે. પરંતુ શીખ ધર્મનું મુખ્ય ધામ તો અમૃતસર. લાહોરથી તે અમૃતસર સુધી મોટર જઇ શકે એવો રસ્તો છે. વચ્ચે ડામર લગાડ્યો છે અને બંને બાજુ ગાડારસ્તો છે. આમ હોવાથી મોટર માટેનો રસ્તો વધારે સારો રહી શકે છે. તે રસ્તે (જેને અંગ્રેજીમાં ગ્રાન્ડ ટ્રન્ક રોડ કહે છે) અમે ગએલા. અગાઉ શેરશાહે બંગાળથી પેશાવર સુધી બંધાવેલો તે જ આ રસ્તો. તેમાં અહીંતહીં થોડા ફેરફાર કરી અંગ્રેજ સરકારે હજી તેને ઘણી સારી સ્થિતિમાં રાખ્યો છે. બીજી રીતે જોઇએ તો હિંદના પશ્ચિમોત્તર ભાગમાંથી આવતા હુમલામાંથી હિંદનું રક્ષણ કરવા માટે આ રસ્તો ઘણો ઉપયોગી થઇ પડે તેમ છે, એટલે તે ઘણો મહત્ત્વનો રાજમાર્ગ છે.



શાલિમાર બાગ · લાહોર



અમૃતસરનું સુવર્ણમંદિર

૫-અમૃતસર

આજે અમૃતસર બે જગ્યાઓ માટે પ્રખ્યાત છે. એક ત્યાંનું સુવર્ણમંદિર અને બીજી જલિયાંવાલા બાગ. સુવર્ણમંદિર સુંદર જગ્યા છે, તેમજ શીખોના ભક્તિભાવને લીધે તે છે તેના કરતાં પણ વધારે ભવ્ય લાગે છે. આસપાસના તળાવને લીધે મંદિરના ધવલ સંગેમરમરનું દૃશ્ય સારૂં લાગે છે. શીખો મૂર્તિપૂજામાં માનતા નથી, એટલે જે નિયમોને અધીન રહી શીખો ચાલે છે તે જેમાં લખ્યા છે એ ગ્રંથસાહેબનું તેઓ બહુમાન કરે છે. અહીં એક રૂપિયાથી વધારે રકમ ધરનારને પહોંચ આપવામાં આવે છે, એ રીત બીજાં સર્વ મંદિરોએ ગ્રહણ કરવા જેવી છે.

અહીંના સુવર્ણમંદિરનો ખ્યાલ લખીને આપી શકાવો મુશ્કેલ છે. તેના બહારના ફોટોગ્રાફો તો ઘણાએ જોયા હશે, પરંતુ તેની અંદરના ગર્ભદ્વારની છબી કોઇને લેવા દેવામાં આવતી જ નથી. ચારે પાસ તળાવની વચ્ચે આરસથી એ બાંધેલું છે. શીખોની ભક્તિ અને ધર્માંધતા ત્યાં દેખાય છે. જેટલા પૈસા ખરચાય તેટલા એ મંદિરની અંદર સોનાની વચ્ચે નીલમ અને એવું બધું જડવામાં ખરચ્યા છે, એટલું જ નહિ પણ શીખોએ મુગલોની કબરો મુકરબા વગેરેની કલાત્મક નકશીનો સંહાર કરી તેમાંથી જે જવાહિરો ઉઠાવ્યાં તે બધાં પણ આ બેડોળ આકૃતિનું આર્થિક મૂલ્ય વધારવામાં જ વાપર્યાં હોય એમ લાગે છે. છતાં સમગ્ર રચનામાં સપ્રમાણતા અને ભવ્યતા બંને છે. મધ્યમાં ગ્રંથ સાહેબ અને તેની સમક્ષ સતત ચાલુ રહેતું સંગીત શીખ ધર્મની કલાને જીવન્ત રાખે છે.

જલિયાંવાલા બાગ એ હિંદની પ્રજાકીય અસ્મિતાનું પ્રતીક છે. માન અને અપમાનની લાગણી બે જણમાં ન હોય: સાધુમાં અને ગુલામમાં. એ ગુલામી માનસમાંથી રાષ્ટ્રનો પ્રાણ જે દિવસ સચેત થઇ ઊઠયો તેનું સ્મરણ રાખવા માટે અમૃતસરની મ્યુનિસિપાલિટીએ આ બાગની પ્રખ્યાત જગ્યાઓ ઉપર સ્મારકો ઊભાં કર્યાં છે.

એ સર્વ વિચારો મને આવ્યા હતા, છતાં જે ભવ્ય વાતાવરણ અમૃતસરના સુવર્ણમંદિર અને અકાલ તખ્તમાં જોવા તેમજ અનુભવવા મળે છે તેવું ગુજરાતમાં મેં અનુભવ્યું નથી. સાહિત્યની નજરે કે કલાની નજરે જે વસ્તુ જોઇ તેજ વસ્તુઓ ઐતિહાસિક કે ધાર્મિક દૃષ્ટિએ જોઇ હોત તો આ લેખ જુદી જ રીતે લખાત.

અમૃતસરમાં પણ બિકાનેરની માફક અમે માત્ર થોડા કલાકો જ રહ્યા હતા અને તેટલામાં શું જોવું અને શું ન જોવું તે પ્રશ્ન મુખ્ય થઇ પડ્યો હતો; કેમકે બધું જ જોવા જેવું લાગતું હતું. અમૃતસરની મ્યુનિસિપાલિટીનો ટાવર પણ જોવા જેવો લાગતો હતો; પણ તેની તો છબી પાડીને જ સંતોષ માન્યો.

અમારે ખાલસા કૉલેજ જોવી હતી, પણ તે તો બંધ હતી. અમે મકાનનાં દૂરથી દર્શન કર્યાં અને વિદ્યાની ઉપાસના અમે પણ ઠીકઠીક કરી લીધી એમ ગણી વિદાય લીધી.

જતાંજતાં એક કાર્પેટ ફૅક્ટરી જોવા અમે ગયા હતા. પ્રવાસમાં અમે જોયું હતું કે જે માલ હિંદ બહાર પણ પુષ્કળ જાય છે તે માલ બનાવનારાઓ પોતાનાં કારખાનાંનાં અંગ્રેજી નામો રાખવાં વધારે પસંદ કરે છે. અમે જે શેત્રંજીઓ જોઇ તે મોહ પમાડે તેવી હતી અને અપરિગ્રહનો નિયમ કોરે મૂકવા વૃત્તિ થાય તેવું હતું; પણ તે સર્વની કિંમત ઘણી હતી. પ્રકારમાં



મ્યુનિસિપલ ટાવર · અમૃતસર



જાલિયાંવાલા બાગ · અમૃતસર

એને શેતરંજી ન કહેવાય, પણ ગાલીચા કહી શકાય; અને કારીગરોની ખૂબી તેની કુમાશ કરતાં તેના વણાટ અને તેની ચિત્રરચનામાં વધારે રહેલી હતી. અમૃતસરની બધી રમણીયતાની માફક આ ગાલીચા પણ રમણીય હતા.

ઐતિહાસિક દૃષ્ટિએ જોતાં જોધપુર-બિકાનેર મુગલાઇના વખતમાં સમૃદ્ધ થએલાં રાજ્યો અને લાહોર તથા અમૃતસર એ બધાં મુગલાઇના અધઃપાત પછી આગળ વધેલાં રાજ્યો છે. અને એ બેની સરખામણી તથા વિરોધ જોયા પછી લાગે છે કે જ્યાં નાશ પામવાનો અવકાશ નથી ત્યાં પ્રાચીન અવશેષો વધારે સચવાઇ રહ્યાં છે એટલું જ નહિ, પણ પ્રત્યેક નવી પ્રજાએ જૂની પ્રજાના અવશેષો ઇરાદાપૂર્વક ભૂંસી નાખવાનો પ્રયત્ન કરેલો છે. જોધપુરનાં ઝવેરાત વિષે હું લખી ગયો; બિકાનેર બધું જોવાનો અવકાશ તો નહોતો, પણ રાજમહેલ જોયો; (જોકે રાજમહેલો વિષે તો એક જુદો લેખ લખવો પડે તેમ છે) અને લાહોર-અમૃતસરનાં પ્રાચીન અને અર્વાચીન મકાનો જોયાં; અને લાગ્યું કે સૌંદર્યમાં પંજાબ ચડે ખરૂં. એ સૌંદર્યના અસરો સ્મૃતિમાં સજીવન કરતા અમે અમૃતસરથી ઊપડ્યા.

(ચાલુ) **'ख'**

નવાં પુસ્તકો

શ્રીમદ્ ભગવદ્ ગીતા (પંચામૃત)–મૂળ, પદાન્વય, ગુજરાતી ભાષાંતર, હિંદી ભાષાંતર, **જ્ઞનવિહારિ** ભાષાંતર અને વિવરણ સંગીત ગીતા–પુષ્પાંજલિ તથા તત્ત્વજ્ઞાનના પારિભાષિક શબ્દો સાથે તૈયાર કરનાર–**વિહારી**, **પ્રકાશક**-ચંદુલાલ બહેચરલાલ પટેલ, વિદ્યા અધિકારી, ગોંડલ, ૧-૦-૦; **ઓક્રોવિઝમ અને બીજી વાતોઃ** મૂળ લેખક–રાજગોપાલાચાર્ય, અનુવાદક–જેઠાલાલ ગાંધી, પ્રકાશક–પ્રસ્થાન કાર્યાલય અમદાવાદ, ૦-૬-૦; **પલટાતાં તેજ** ને બીજાં નાટકો (પાંચ નાટકોના સંગ્રહ): લેખક–ઇન્દુલાલ ગાંધી, પ્રકાશક–ક્ષેમશંકર મોહનલાલ દવે, ઊર્મિ ગ્રંથમાળા, ડેન્સો હૉલ કરાંચી, ૦-૧૪-૦; **કાશમલનનાં કાવ્યો** (પ્રથમ પદ). લેખક–કાશમલન, પ્રકાશક–રંજિતલાલ હરિલાલ પંડ્યા ૧૨૧ મેડોઝ સ્ટ્રીટ મુંબાઇ-૧, ૦-૮-૦; **હૃદય તરંગ અને બ્રાહ્મણની ગૌ**: પં. દેવશર્મા 'અભય'નાં મૂળ હિંદી ઉપરથી અનુવાદક–શ્રી સેવાનંદ, પ્રકાશક સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ૧-૦-૦; **અબરાકિયાં** સુભાષિતો–'એપીગ્રામ્સ' અને તે ઉપરનો નિબંધ) લેખક અને પ્રકાશક–ફિરોઝ શાહ રુસ્તમજી મહેતા, ૧૪ પારસી કૉલોની કરાંચી, ૦-૮-૦; શ્રી જીવદયા મંડળી મુંબાઇનો રજત મહોત્સવ અંક. ૧૪૯ શરાફ બજાર મુંબાઇ-૨.

ભૂતકાળને જીવંત અને વર્તમાનને શાશ્વત બનાવતી જગતની સર્વકાલવર્તી મહાન શોધ

મુદ્રણકળાના શ્રીગણેશ

સામાન્ય માણસને જો પૂછવામાં આવે કે મોટામાં મોટી સર્વકાલીન શોધ કઇ? તો મુખ્યત્વે કરીને વરાળ, વિદ્યુત્, ઇન્ટર્નલ કૉમ્બશ્ચન એન્જિન (આંતરજ્વલનવાળું એન્જિન), તાર, ટેલીફોન, વાયરલેસ, ટેલીવીઝન વગેરે તરફ તેનું લક્ષ્ય ખેંચાશે. આ શોધોએ, અલબત્ત સમય અને સ્થળ ઉપર વિજય મેળવ્યો છે અને સંસ્કૃતિની પ્રગતિને ઘણો વેગ આપ્યો છે; છતાં તેને સર્વકાલવર્તી કહી ન શકાય. એ બિરૂદ પામે એવી મહાન શોધ તો (ગયા અંકમાં કહી ગયા તેમ) એક મુદ્રણકળાને જ કહી શકાય. છપાએલો એકેએક અક્ષર ભૂતકાળ સાથે આપણો સંબંધ સ્થાપવામાં અને ટકાવી રાખવામાં સહાયક છે. એ કેવળ ખંડો અને મહાસાગરોને જ પરસ્પરની સંસ્કૃતિના વિક્રયની પાજથી બાંધતા નથી, પરંતુ એક યુગને બીજા સાથે સાંકળે છે. એની સહાયથી જેમ આપણે ઍરિસ્ટોટલ ને આર્કિમીડિસ, પ્લેટો ને સૉક્રેટિસ, શેક્સપિયર ને ડિકન્સનું નવરાશે અવગાહન કરી શકીએ છીએ, તેમ એને પ્રતાપે આજના મહાપુરુષો પણ કદી મરશે નહિ. દસ હજાર વર્ષ પછી પણ એઓ માણસો સાથે વાત કરતા હશે. છાપકલા ભૂતકાળને જીવંત ને વર્તમાનને શાશ્વત બનાવે છે.

આ છાપકલા ક્યાંથી અવતરી? કયે સ્થળે અને ક્યારથી એની શરૂઆત થઇ? આકૃતિ અને આંક, અક્ષર અને શબ્દો, લીટીઓ અને પાનાંને શાશ્વત રૂપ આપતી એ કલા, ૧૭૦૦ વર્ષ પહેલાં છેક ઇશુની બીજી સદીમાં જાણીતી હતી. એમ કહેવામાં આવે છે કે ચિનાઇ ભાષાનો એક ઉત્તમ ગ્રંથ લાકડાની તકતીઓ પર કોરી કાઢવામાં આવ્યો હતો. તે પછી લક્કડબીબાં ઉપરથી છાપવાના હુન્નરની સમયમર્યાદા ઇશુની છઠ્ઠી સદી સુધીની બાંધી શકાય. જાપાનમાં ઇ.સ. ૭૪૬થી એ લક્કડબીબાંથી છાપવાનું શરૂ થયું. છૂટાં બીબાં વડે કોરીઆમાં કેટલાંક પુસ્તકો ઇ.સ. ૧૩૩૭માં છપાયાં હતાં; અને યુરોપમાં પંદરમી સદીની શરૂઆતમાં ત્રાંબાનાં બીબાં શોધાયાં એવું માનવામાં આવે છે. મધ્યયુગના રાજાઓ અને ઉમરાવો પાસે લાકડા અને ધાતુમાં કોરેલી મહોરછાપ હોવાનું તો આપણે જાણીએ છીએ.

પરંતુ ઇશુની ચૌદમી સદીના ઉત્તરાર્ધ સુધી તો યુરોપમાં દરેક પુસ્તક કે જાહેર તેમજ ખાનગી દસ્તાવેજ બધું કામ હાથે જ લખવામાં આવતું. એવી હસ્તલિખિત ચોપડીઓનો વેપાર ઘણા વિશાળ પાયા પર ચાલતો હતો. એકકેય વિદ્યાપીઠ કે ધાર્મિક સંસ્થા લહીઆ, શોભનકાર, ચોપડીઓના ધીરનાર અને વેચનારના કામદારમંડળ વિહોણી નહોતી; અને ઘણા સુંદર ગ્રંથો એઓ પ્રગટ કરતા.

છાપવાની કળામાં પ્રગતિનો સાચો પલટો તો છૂટાં બીબાંની શોધે આણ્યો. ચૌદમી સદીના અંત સુધી જે પુસ્તકો છપાતાં તેનાં આખાં પાનાં ને પાનાં લાકડાની તકતીઓમાં કોતરવામાં આવતાં. આમાં મુશ્કેલી એ કે એ વડે છાપ લીધા પછી તે બધાં સંઘરી રાખવાં પડે અને એ ચોપડી ફરી છાપવાની ન હોય ત્યાં સુધી એનો બીજો કશો ઉપયોગ નહિ. પણ છૂટાં બીબાંની શોધે આ સ્થિતિમાં પલટો આણ્યો અને તે દિવસથી છાપકળાની પ્રગતિ પાંખાળી બની.

ઇ.સ. ૧૪૨૦ અને ૨૩ની વચ્ચેના કોઇએક વર્ષની એક સુંદર શુકનીઆળ સવારે હારલેમ પાસેના જંગલમાં ટહેલતાં ટહેલતાં લૉરેન્સ જહૉન્સન કૉસ્ટર નામના એક હોલંડવાસીએ બીચ ઝાડની થોડી છાલ લઇ તેમાંથી છૂટા અક્ષરો કોતરી કાઢયા, અને પોતાના પોતરાઓને શીખવવા કાજે એકાદ બે લીટીઓમાં એને ગોઠવી, ઉલટાવી એક કાગળ પર તેની છાપ લીધી. છોકરાઓને શીખવવા માટેના આ યોજનાકાર્યે કૉસ્ટરના ભેજામાં ભવિષ્યની આ મહાન શોધના વિચારોનું બીજ મૂકયું.

સામાન્ય શાહી એને ઘણી પાતળી જણાવાથી પહેલાં તો એને ઘટ્ટ અને વધુ પાકી શાહીની શોધ કરવી પડી. એ વડે પરિણામ એટલું તો સંતોષકારક આવ્યું કે હવે એણે અક્ષરો માટે ઝાડની છાલ કરતાં કોઇ વધુ સારી ને ટકાઉ ચીજ વાપરવાનો નિરધાર કર્યો. એણે સીસાની અજમાયશ લીધી, પરંતુ એ ઘણું નરમ જણાયું એટલે એણે કલાઇનો અખતરો કર્યો અને એમાંથી ઘણી સફળતાથી અક્ષરો નીપજાવ્યા.

જંગલમાંની એ લટાર અને પોતાના પોતરાઓને શીખવવાની એ ચબરાક વલંદાની ઇચ્છાએ દુનિયાને છૂટાં બીબાં અને છાપશાહી આપી અને સાથેસાથે આજ-

નાં લીનોટાઇપ, મૉનોટાઈપ, સ્ટીરિયોટાઇપ અને આધુનિક વર્તમાનપત્રોનાં ઝડપી સાધનોનો પાયો નાખ્યો. પરંતુ જેમ બીજા ઘણા શોધકોની બાબતમાં બને છે તેમ કૉસ્ટરનો આ યશ તેને નસીબે ન રહેતાં લૂંટાઇને બીજાને જ ભાગ્યે ચોંટ્યો.

કૉસ્ટરનાં આ નવાં બીબાંની માગણી એટલી તો વધી પડી કે બીજાં વધારે માણસોને પોતાના કુટુંબ-ધંધામાં દાખલ કરવાની એને ફરજ પડી. આ બધા પાસે એણે એ હુન્નરનું રહસ્ય છૂપું રાખવાના સોગન લેવડાવ્યા.

આ કામદારોમાંનો જૉન નામનો એક જર્મન કે જે જૉન ફૂસ્ટ અથવા ફાઉસ્ટ હોવાનો શક જાય છે એણે બીબાં ઢાળવાની અને અક્ષરો જોડવાની એ તરકીબ હસ્તગત કરી લીધી અને પલાયન થવાનો લાગ શોધતો, એક દિવસ જ્યારે બધા દેવળમાં ગયા હતા ત્યારે, બીબાં બનાવવાનાં સાધનો અને હથિયારો તફડાવી એ માઇન્ઝ નગર તરફ પલાયન થઈ ગયો. ઇ.સ. ૧૪૪૦ના અરસામાં ત્યાં એણે બીબાં બનાવવાનું અને છાપવાનું કામ શરૂ કર્યું. પાછળથી જહૉન ગટનબર્ગ અને જહૉન ફૂસ્ટે એ જ શહેરમાં છાપવાનું શરૂ કર્યું અને અને યુરોપભરમાં એમની કીર્તિ ફેલાઇ. જોકે કૉસ્ટર અને તેના નબીરાઓએ ઇ.સ. ૧૪૮૧ સુધી હારલેમમાં છાપવાનું ચાલુ રાખ્યું, છતાં એટલું તો નિર્વિવાદ છે કે ઇ.સ. ૧૪૫૦થી માઇન્ઝ જ છાપકલાનું કેન્દ્રસ્થાન હતું.

આનું ચોખ્ખું પરિણામ એ આવ્યું કે જર્મનીએ ગટનબર્ગને હેરફેર કરી શકાય એવાં છુટાં ધાતુબીબાંના શોધક તરીકે જાહેર કર્યો.

જો કે યુરોપમાં આ છુટાં બીબાં (movable types)ની પહેલી શોધ કોણે કરી એ વિષે ઘણા મતભેદ છે. હૉલંડ, જર્મની, ઇટલી અને ફ્રાંસ સૌ દેશો એ યશ પોતાનો હોવાનો દાવો કરે છે; છતાં જર્મની પાસે એ સમયના પ્રાથમિક ગ્રંથો ગટનબર્ગના નામના પુરાવા સાથે મોજૂદ છે, જે બીજા દેશો પાસે નથી; એટલે મુદ્રણકલાના પિતા તરીકે એની નામના થઇ છે.

તે પછી તો ગટનબર્ગ, ફૂસ્ટ, શૅાફર અને બીજા ઘણાએ બીબાં ઢાળવામાં અને છાપકામમાં આગળ સુધારા કર્યા; પરંતુ એ બધા પ્રયત્નોને માટે માર્ગ ઘણો કાંટાળો હતો. કોઇપણ આવી નવી શોધ, જૂના સ્થાપિત હક્કોવાળાઓના હિતમાં દહેશતરૂપ નીવડે છે. એ જ પ્રમાણે ધર્માચાર્યો અને લહિયાઓનાં શક્તિશાળી મહાજનોએ પોતાની રોજી પર તરાપ મારતી આ નવી છાપકલાનો કટ્ટર વિરોધ પુકાર્યો. પહેલા મહાજને એમાં વિદ્યાપ્રચાર અને તેને પરિણામે ઉદ્ભવતો ધર્માચાર્યોની સત્તાનો વિનાશ વાંચ્યો, જ્યારે બીજા મહાજનને એવું સમજાયું કે છાપકલા એમના જીવનનો રોટલો ખૂંચવી લેશે.

આની સામે ફૂસ્ટ અને ગટનબર્ગ બંનેએ છાપકલાની સુધારણા કાજે પોતાનું ધન, દરજ્જો અને શાહજાદાઓની કૃપા સુદ્ધાં ન્યોચ્છાવર કરી એટલું જ નહિ પણ વિરોધીઓ સાથે અદાલતમાં લડી લડી એમણે ગરીબાઇ પણ સ્વીકારી. છતાં એમણે ખંત છોડયો નહિ અને એમના નિશ્ચલ અવિશ્રાંત પરિશ્રમને પરિણામે યુરોપના એકેએક મોટા શહેરમાં છાપખાનાની સ્થાપના થઇ.

અને એક મશરૂવાળાને ત્યાં શિખાઉ તરીકે ગુમાસ્તાગીરી કરતો વિલિયમ કૅક્સ્ટન કેવીરીતે વહેપારી બની બ્રુજીસ ગયો; ત્યાં 'સાહસિક વેપારીઓ'ની પેઢીનો કામચલાઉ મુનીમ બની કેવીરીતે છાપકલાનો હુન્નર શીખ્યો; અને ઇ.સ. ૧૪૭૬માં વૅસ્ટમિન્સ્ટરમાં 'રેડ પેઇલ' પાસે પહેલવહેલું બ્રિટિશ છાપખાનું સ્થાપી, છાપકલાનો ધંધો એણે શી રીતે જમાવ્યો, એ બ્રિટિશ છાપકલાના શ્રીગણેશની કથા તો ઘણા નિશાળીઆઓ જાણે છે.

પણ તેના યે યત્નો આરામસફર શા નહોતા. ચોથા એડવર્ડ, સાતમા હેન્રી, અર્લ રિવર્સ, અર્લ ઑવ વૉરિક અને એરૂન્ડેલ જેવા આશ્રયદાતાઓ છતાં, લંડનના દસ્તાવેજ લખનારા ચિટણીસો, ધારાશાસ્ત્રીઓ અને 'આપણે છાપકલાને જડમૂળથી ઊખેડી નાખવી જોઇએ નહિતર એ આપણું નામનિશાન પણ નહિ રહેવા દે' એવા પોકારો કરનારા પાદરી બાવાઓએ એને હેરાન કરવામાં બાકી ન રાખ્યું. એના છાપખાનનો નાશ સુદ્ધાં કરવા માટે એમણે પ્રયત્નો કરેલા. એ સૌના જબ્બર વિરોધ સામે કૅક્સ્ટનને કપરી ટક્કર ઝીલવી પડી હતી.

પરંતુ વિરોધ પ્રગતિનો ગમે તેટલો અવરોધ કરે, છતાં તે તેને અટકાવી શકતો તો નથી જ. બ્યાંકયાન દ વૉરદે, રૉબર્ટ કૉપલૅંડ અને રીચર્ડ પિન્સનની સબળ સહાયથી કૅક્સ્ટનના કુટુંબે બ્રિટનમાં છાપકલાનાં મૂળ સજ્જડ કરી દીધાં.

(અંગ્રેજી ઉપરથી)

ગોપી

(અનુસંધાન પાછળ પૃ. ૮૮થી ચાલુ)

એ 'મારી ગોપી, મારી ગોપી' એમ લાડમાં બોલાવતી. એ ઘઉંવર્ણી ફૂટડી માતાની બધી મોરછા ગોપાળમાં ઊતરી હતી, અને કુદરતનો વિકાસક્રમનો સિદ્ધાંત સમજાવતી હોય તેમ છોકરાનો રંગ ઘઉંવર્ણામાંથી ગુલાબી પ્રગટયો હતો.

મોતી રાવળે છોકરાને મોતીના છોડ જેમ ઊછેર્યો. રાવળિયાનું છોકરૂં નાનપણથી જ નાચતાં અને ગાતાં શીખી ગયું. જેમજેમ એ મોટો થતો ગયો તેમતેમ મોતી રાવળે એને ભવાઇઓ તથા બને ત્યારે શહેરનાં નાટકો બતાવી નાચ ગાયનના સંસ્કાર સીંચવા માંડ્યા. કોઇપણ ચીજ ગોપાળને ગળે સહેલાઇથી ચડી જતી. શહેરમાં નાટક જોઇ આવનારો ગામડાંનો વર્ગ આ છોકરાને મોઢે આટલી સરસ રીતે છેલ્લામાં છેલ્લાં ગાયનો સાંભળીને ખુશ થઇ જતો. આમ ગોપીની પ્રતિષ્ઠા જાગી. ભવાઇઓના ટોળાએ પણ એકવાર ગોપાળને પોતાની સાથે લઇ જવા માગણી કરેલી. પણ મોતી રાવળ પોતાના મોતીના છોડને શેનો વેડાવા દે? તેણે તો પોતાના છોકરાને સારો એવો કેળવ્યો; અને બેત્રણ લગ્ન વગાડ્યા માત્રથી જ મોતી રાવળને બાર મહિનાના રોટલા મળી જવા લાગ્યા.

ગોપીની ટુકડી પોતાને ઘેર આવ્યાથી ચતુરભાઇના પિતાને આબરૂ જળવાયાનો સંતોષ તો થયો, પણ પચાસ રૂપિયાની રકમ પણ જરા તાળવે ચોંટવા લાગી. પરંતુ એમાં તો કાંઇ ઇલાજ ન હતો, એટલે હવે રકમ બરાબર વસૂલ કરવી જોઇએ તેના પર વાત આવી. એક પણ પ્રસંગ એ ઢોલી વગરનો પડવા દેતા ન હતા. અને બીચારી ઢોલીની જાત; બધું સમજે તો ય સામા થવાની એની શી તાકાત? વળી લોભ પણ ખરો. બેઠક વખતે ભેટ મેળવવાની દાનતે સૌકોઇને રીઝવવા જ રહ્યા. આ ધમાલમાંથી મળતી આરામની ક્ષણોમાં વરણાગિયા જુવાનો એમનો કસ કાઢતા, 'આ ફલાણા ગામના પટેલ અને આ ઢીંકણાના;' 'આમને કામ દેખાડવામાં ફાયદો છે.' એમ મનાવી પટાવી રાવળિયા પાસેથી નાચ વગેરે કઢાવી લેતા. પણ આ બધી જહેમત ઉઠાવવાની પાછળ મોતી રાવળિયાના મનમાં એક જ હેતુ રહેતો; વરને માંડવે અને કન્યાને માંડવે મળતી બેઠકોમાં પટેલિયાઓને રીઝવી ભેટ મેળવવી. અને ખરે, આ બે પ્રસંગે તો દરેક લગ્નમાં મોતી રાવળિયાને ટંકશાળ પડતી. ગોપી બનેલો ગોપાળ જેની દાઢીમાં જઇ હાથ નાખે તેની ગુંજાશ શી કે રાવળિયાને પાછો ઠેલે? ભલભલા મક્ખીચૂસ પણ પાણી પાણી થઇ જતા. કુશળ વેપારીની પેઠે મોતી રાવળ લીલી વેલ જેવા લાગતા બધાની આ દિવસોમાં ઓળખાણ કરી લેતો. એમને રીઝવવા ખાતર એ થાકેલા ગોપીને પણ નચાવતાં વિચાર ન કરતો. અને તૂટતે અંગે ગોપી મને કમને નાચ્યે જતો.

રાવળિયાઓનો કસ કાઢવાની વરના બાપની ઇચ્છા પૂરી બર ન આવી. ઢોલીઓએ વરને માંડવે લૂગડાં તો પહેર્યાં, પણ જ્યાં વરઘોડો જ ફેરવવાનો વખત ન રહ્યો ત્યાં ઢોલીઓની અરધો પોણો કલાક ચાલતી રમઝટ તો કયાંથી જ બને? જાનને જલદી જોડી મૂકવી પડી. હવે તો જે બને તે કન્યાને માંડવે.

ચતુરભાઇ પટેલ વહુવાળા થઇ ગયા. વરપક્ષે અને કન્યાપક્ષે લગન માણ્યાં. ગીત ગાઇગાઇને વેવાણોનાં ગળાં બેસી ગયાં હતાં. રાતની રાતોના ઉજાગરા સૌની આંખો ઉપર દેખાતા હતા. ચચ્ચાર દિવસનાં મિષ્ટાન્ન જાણે અરુચિકર થવા લાગ્યાં હતાં. સૌકોઇ હવે ઘેર જઈ નિરાંત સેવવાની આશા રાખતું હતું. હવે બાકી હતો માત્ર એક જ કાર્યક્રમ,—છેલ્લી બેઠકનો—જેમાં વરપક્ષનાં સગાંવહાલાંને પહેરામણી, સૌ નિમંત્રિતોને પાનબીડાં અને આખા ગામની નોતરેલી-વણનોતરેલી, શિષ્ટ-અશિષ્ટ તમામ વસ્તીને ગોપીના નાચની મઝાની ભેટ.

બેઠકનો વખત ભરાવા આવ્યો અને મોતી રાવળે ગોપીને સજાવવા માંડ્યો. કેટલી યે જાનોની ધૂળ ખાધેલો ખડિયો મોતી રાવળે છોડ્યો; મોટા ઘેરવાળા ઘાઘરા ને ગુલાબી, વાદળી, લીલી સાડીઓ કાઢી, એક કટાએલા પતરાના દાબડામાંથી ખોટાં મોતીના કંઠા, બંગડીઓ, અને બીજી શૃંગારસામગ્રી કાઢી. ગોપીએ તથા કાં'ન બનનાર છોકરાએ તૈયાર થવા માંડ્યું. કોઇ સુકેશીને પણ શરમાવે એવો ચોટલો ગોપીએ તેલ નાખીને ગૂંથ્યો. ગોળ ચહેરો પાઉડર લગાવતાં વધારે ખીલ્યો. આંખમાં મેશ, ગાલે તથા ચિબુકે વાદળી ટિપકી, નાકમાં મોટી વાળી, કાનમાં ઝુમ્મર, સેંથામાં મોતીની માંગ, કાંડે મોતીની બબ્બે હારના ચાપડા, તંગ સૂંથણા ઉપર કિરમજી રંગનો ઘેરદાર ઘાઘરો, ઉપર દક્ષિણી ઢબે નાખેલી જાંબલી ઓઢણી, અને છેવટે, મુનિવરનાં પણ મન ચળાવે એવી

પગની ગીદી ઘુઘરીઓ, એમ ગોપીનો શૃંગાર સજાયો.

મોતી રાવળ એકેએક વિગત ઉપર ધ્યાન આપતો હતો, અને છોકરાને શણગાર સજાવતાં પ્રગટ અપ્રગટ તે બોલતો હતોઃ 'આજે તો દીકરા, કશી કમી ન રાખતો. રમઝટ બોલાવજે. ખોડિયાર મા જેવી માથે બેઠી છે. હાજરાહજૂર છે મારી માડી.'

ગોપી મૂંગોમૂંગો સાંભળ્યા કરતો હતો. એની આંજેલી આંખમાં રતાશ હતી, ગાલ વગર રંગ્યે પણ તડકાથી તપીને રાતા થયા હતા. છોકરો જાણે થાકીને લોથ થઇ ગયો હતો.

'બે ઘડી જાળવી લેજે બેટા! જગદંબા, મારી મા! તારો છોકરો છે, મા! ગરીબનું રતન છે!' છોકરાની દીલાશ કળી ગએલો મોતી ખોડિયારને આરાધતો હતો. બાપની ચિંતા જોઈ મૂંઝાતો ગોપી બોલ્યોઃ 'કાંઇ નથી બાપા, મુંઝાઓ છો શાના? બરાબર ચાલશે.'

બપોર ઢળતાં વેવાઇને માંડવે બેઠક જામી. ધોળીએ ચાદરોના બાંધેલા માંડવામાં કાગળના ફૂલનાં તોરણો લટકી રહ્યાં હતાં. મોટામોટા આથરો ઉપર તકિયા અને રૂએલ ગોદડાં બિછાવાઇ ગયાં હતાં. સૂર્યનારાયણના તડકા માંડવાની અંદર સહેજ પેઠા અને વરરાજા તથા જાનૈયા વાજતેગાજતે વેવાઇને માંડવે આવી પહોંચ્યા. પહેરામણીમાંથી વેવાઇઓ પરવાર્યા પછી એકબાજુ ન્હાપાણીની તૈયારી થવા માંડી અને બીજી બાજુ ઢોલીઓને રમવાનું શરૂ કરવા કહેવામાં આવ્યું.

મોતી રાવળ સિવાય ચારે રાવળિયાઓએ લૂગડાં પહેર્યાં હતાં. ગોપી અને કૃષ્ણ થનાર છોકરા સિવાયના બીજા બે રાવળિયા આધેડ હતા. એમની શોભા ઓર ખીલી નીકળતી હતી. કાળાં શરીર, બેઠેલાં ડાચાં, મૂછ મૂંડેલું મોં અને તે ઉપર સુંદરીના સોળ શણગાર! ખભે ઢોલકાં ટાંગી ધમધમાટ સાથે ચકરીઓ લેવી અને ગોપીના નાચ માટે વાતાવરણ જમાવવું એ એમનું કર્તવ્ય હતું. ગોપી અને કા'ન રમતાં ત્યારે એ બે જણ બાજુએ ઊભા રહી ઢોલક વગાડ્યે જતા અને મોતી રાવળ એક બાજુએ બેસી એની ધોળી પાઘડીવાળું માથું હલાવતો ગાલ ફુલાવી શરણાઇ વગાડતો.

મોટા રાવળિયાઓએ ઢોલકાંનો ઢબઢબાટ કર્યા પછી કા'નગોપીનો નાચ આદરાયો. અવાજ કરતાં છોકરાં શાંત થયાં. ઢોલીને રમવાની જગ્યાની ચોમેર એમનું જામેલું કૂંડાળું વધારે ગાઢ થઇ આગળ ધસવા લાગ્યું. ઢીલી કમરવાળા જુવાનિયા ટટાર થયા અને દરેકે, પોતાને આ મિજલસમાં કંઇક વિશેષ મહત્તા મળે એ રીતે વાળ સમારવા, ખોંખારા ખાવા કે મૂછ આમળવા માંડી.

ગોપીની ઘુઘરીનો પહેલો રણકાર થયો અને આખી બેઠકમાં શાંતિ ફેલાઇ ગઈ. 'કાનુડો મારી કેડે પડચો છે' એ ગીતથી ગોપીએ શરૂઆત કરી. ત્યાં કા'ન આવ્યા. બંને છોકરાઓએ નાટકમાં સાંભળેલી પ્રાસંગિક અપ્રાસંગિક ચીજો છેડી અને ધીરેધીરે કુંડાળે પડચા. ઢોલકની રમઝટ ચાલી. ઘુઘરીઓ રણઝણવા લાગી. કૃષ્ણથી રીસાવાનો, મનાવાનો, ચીડાવાનો લાડ કરવાનો અભિનય કરતો ગોપી સૌકોઇના મુખમાંથી વાહ વાહના ઉદ્ગારો કઢાવવા લાગ્યો.

કાર્યક્રમની વગર જાહેરાતે લોકો વાત કરતા હતા કે આજે દાણલીલા રાખવાની છે. જે ગવાતું હોય તે કરતાં પણ કોઇ વધુ સારી ચીજ હવે આવવાની છે એ આશાએ સૌકોઇ આતુર થઈ જોઇ રહેતા. ચીજો જેમજેમ ગવાતી ગઇ તેમતેમ વધુ સારી ચીજ માટેની આતુરતા વધતી ગઇ.

ગોપીએ ગીત ઉપાડ્યું. શરણાઇ ઘૂંટાવા લાગી. ગોપીએ હોઠ મલકાવી ગીત વહેતું મૂક્યુંઃ

'છેટા છેટા રૂહે નંદના છોકરા રે,
મારાં રાંધણિયાં અભડાય રે,—'

કા'નજીએ સામે બીજું ગીત લીધુંઃ

'આવો રુપારણ હો! મારે નેસલડે,
હૈડાંનાં પાઉં અમીડાં રે, રુપારણ હો! મારે નેસલડે.'

આમ સામસામાં ગીતો બોલાતાં ગયાં. ગોપીનો છેડો ઊડતો જાય, કા'નજી પાછળ ખેંચાતો જાય, ગોપી હાથમાં આવો ન આવી અને સરકી જાય! સારંગના સૂરે, ગોપીના કંઠે, ઢોલકના તાલે અને શરણાઇની મધુરતાએ પટેલની જાનમાં જાણે ગોકુળ ખડું કર્યું.

ગાયનો થંભ્યાં અને મૂંગું નૃત્ય શરૂ થયું. ગોપીનાં અંગો ડોલવા લાગ્યાં. ગૂંથેલા વાળમાંથી છૂટી પડીને મોં ઉપર ઝૂલતી એકબે લટોએ તો કેટલાયને ગાંડા કરી મૂક્યા. મોતી રાવળને નસીબ ઊજળું દેખાવા લાગ્યું. છોકરાએ રંગ રાખ્યો. 'જે હો તારી, ખોડિયાર મારી મા! મા, તને રાજી કરીશ; છોકરાને રમાડજે, મારી

મા!' અને બેઠકમાં ગોપી ફરવા માંડતાં રૂપિયાથી જે ખિસ્સું ભરાઇ જશે તેની કલ્પના તેને ગાંડો કરી નાખવા લાગી. અને કોણ જાણે ક્યાંથી તેનામાં અચાનક અધીરાઇ પ્રગટી. છોકરો હવે બેઠકમાં ફરવા માડે તો સારૂં. ઘડી પછી શું નું શું બને! હવે છોકરો પોતાના તરફ જુએ તો તરત તેને નાચ બંધ રાખી ફરવા માંડવાનો ઇસારો કરવાનું નક્કી કર્યું.

પણ ગોપીએ મોતી રાવળ ભણી આંખ ફેરવી જ નહિ. આંખો ઢાળીને તેણે તો નાચવું જ ચાલુ રાખ્યું. કા'ન બનેલો છોકરો તેની પાછળ ખેંચાતો જતો હતો, ઢોલકવાળો કોણ જાણે ભાન ભૂલ્યો હોય તેમ થાપીઓ માંડચે રાખતો હતો, અને મોતી રાવળને અસહાય થઇ શરણાઇ ઘૂંટચે જવી પડતી હતી. જાણે બાજી કોઇના હાથમાં ન રહી હોય, કોઇ અદશ્ય તત્ત્વ તેમને ધકેલી રહ્યું હોય તેમ ગોપી, કા'ન, ઢોલક અને શરણાઇ પોતપોતાનું કામ અતિ ત્વરાથી કરી રહ્યાં હતાં.

વરના બાપ મનમાં રાજી થતા હતા. વેવાઇને માંડવે વટ પડચો. પણ આ છોકરો દાઢીમાં હાથ નાખશે ત્યારે શું આપવું પડશે, અને પોતે આપે તે પ્રમાણે વેવાઇઓને પણ આપવું પડે અને એમ વેવાઇ પક્ષના લોકોને કેમ ખાલી કરાય, એ વિચારોમાં અભિમાન અને કૃપણતા તેના મનમાં ઘડભાંગ મચાવી રહ્યાં હતાં. તો ય તેમણે સંતોષનો ઉચ્છ્વાસ લીધો અને આખી બેઠક તરફ આંખ ફેરવી. બધાંની આંખો જાણે નાચતા છોકરા ઉપર પરોવાઇ ગઇ હતી. છોકરાની ચાલો સૈ કોઇને વધુ ને વધુ ઉત્તેજતી, ખેંચતી, લોભાવતી અને તલસાવતી જતી હતી.

ત્યાં તો મોતી રાવળને જાણે કંઇ આંચકો લાગ્યો. છોકરો તાલ ચૂક્યો. મોતી રાવળનાં ભવાં સંકોચાયાં. છોકરાને છૂટી શરણાઇ મારવાનું મન થઇ આવ્યું. પણ ગોપીએ સંભાળીને બેવડા જોરથી નાચ શરૂ કર્યો. મોતી રાવળ હવે ખૂબ ઊંચોનીચો થવા લાગ્યો અને જાતે જ શરણાઇ થોભાવી દેવાનો નિશ્ચય કર્યો. તેણે ઢોલકવાળા તરફ નજર ફેંકી, આખી બેઠક તરફ નજર નાખી; જાણે ત્યાં રૂપિયાની વાડી ન ઊગી હોય, અને હમણાં દીકરો એને વેડી આવશે અને મારો ખોળો ભરી દેશે! મોતી રાવળની આંખો ધોળે દહાડે સ્વપ્ન દેખવા લાગી. રૂપિયાના ભારથી જાણે તેનું ગજવું ભારે થવા લાગ્યું. 'ધન્ય માતા ખોડિયાર!' તેના મોમાંથી નીકળી ગયું. તેના જીવનની છેલ્લી ધન્ય ઘડી હતી. સંગીતની ધૂનમાં જાણે જગત ડૂબવા માંડ્યું હતું. અને ત્યાં—

રેશમી પડદો ચીરાય તેમ અચાનક ચીરાડો ક્યાંથી ઊભો થયો. ઢોલકવાળાના હાથ થંભી ગયા. મોતી રાવળનું ગળું શરણાઇમાં શ્વાસ ફૂંકતું બંધ થઇ ગયું. બેઠકમાં એક બેચેનીનો વાયરો વહી ગયો. અર્ધી આંખો ઢાળીને શરણાઈ વગાડચા કરતા મોતી રાવળની આંખો ઊઘડી ગઇ. એનું સ્વપ્ન વેરાઇ ગયું હતું.

નાચવાના કુંડાળાની વચ્ચે ગોપી ઢગલો થઇને પડચો હતો. અને જંગલી ઓઢણી એના મૂર્ચ્છિત શરીરમાંથી ઊઠતા શ્વાસોચ્છ્વાસથી ઊંચીનીચી થઈ રહી હતી.


'ત્રિશૂળ'

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

ભાઈ આઇ. એન. ભગત (મુંબાઇ)ના 'અવનવી દુનિયામાં' નામના ફોટો-ચિત્રને આ મહિને પહેલું ઈનામ મળે છે. 'કુમાર'ની ફોટો હરીફાઇમાં ટેબલ-ટૉપ ફોટોગ્રાફીનો નમૂનો કદાચ પહેલીવાર આટલી સારી રીતે રજૂ થાય છે. 'અવનવી દુનિયા'નું ચિત્ર-વસ્તુ રમૂજભર્યું અને સૂચક છે ત્રણે પાત્રોના મોઢાના ભાવો આખી વાર્તા રજૂ કરે છે. ઇંડામાંથી દુનિયામાં પહેલું ડોકિયું કરનાર મહેમાન પોતાની જનેતા બતકને જોઇ આશ્ચર્ય પામતો હોય તેવો ભાસ થાય છે. તેની માતા પણ તેટલી જ આનંદોર્મિથી અવાજ કરી રહી છે. પાસેની બિલાડી ઘાતક હોવા છતાં કુતૂહલમગ્ન બની છે. ચિત્રરચના ઉત્તમ છે. પાણી ને કાંકરાની અસર પણ પાડનારે સરસરીતે ઉપજાવી ઉતારી છે. બીજું ઇનામ જીતનાર ભાઈ પ્રભાશંકર ત્રિવેદી (ઝાંઝીબાર) નું ફોટો-ચિત્ર 'ભીનીને મનામણાં' છે. વિષય આકર્ષક છે, પરન્તુ પાડવામાં જરાક અનાવડતને લીધે બાળકની આંખ તડકાથી બીડાએલી ઝડપાઈ છે. વળી ચિત્રને મથાળે લગભગ સવા ઇંચ ભાગ નકામો જણાય છે; તે કાપી નાખવાથી મુખ્ય વસ્તુ જોર પકડશે. ચિત્રમાં ફોટોગ્રાફીની કારીગરી સારી ગણાય. ભાઈ કાન્તિલાલ શાહ (અમદાવાદ) નું 'આંગણાંના ઉજાસ' ફોટો-ચિત્ર ત્રીજા ઇનામને પાત્ર ઠરે છે. આ ફોટો-ચિત્રની ટેકનિક (કારીગરી) પહેલાં બે જેટલી જ ઊંચી હોવા છતાં ચિત્રરચના ખોડવાળી હોવાથી ચિત્રનો સંદેશ જળવાયો નથી. આકૃતિની રંગોળી પૂરવાની ઢબ કઢંગી છે. રંગોળી પૂરી થયા બાદ ફોટોગ્રાફ લેવાયો હોત તો સારૂં ચિત્ર સર્જાત ભાઇ એમ. પી. સોની (ભાવનગર) ના 'એકલવ્ય' ચિત્રમાં વસ્તુ સારૂં છે. ફોટોગ્રાફીનાં છાયાચિત્રોમાં આ ઠીક પ્રયાસ ગણાય.

(ચિત્રો તથા અનુસંધાન છેલ્લા પાનાની સામેના પૂઠા ઉપર)


પૃથ્વીના અરધા ઘેરાવાને આવરી લેતી લંબાઇની



ઈંગ્લંડ અને ઑસ્ટ્રેલિયા વચ્ચેની વિમાની શરત

'રેડિયો (નિસ્તાર સંદેશ), ટેલીવીઝન (સંજયદષ્ટિ), ટૉકી અને સ્મેલીના આ યુગમાં સ્થળ, કાળ અને સંજોગોનાં અંતર તથા અંતરાય ટાળતો વિમાનયુગ આજે આવી લાગ્યો છે. દુનિયાના ખંડો ગામ જેવા બન્યા છે અને તેનાં શહેરો ઘર જેટલાં નજીક આવી ગયાં છે.

આજે ન્યૂ યૉર્કનો અ.ઇસકીમ હજાર માઇલ દૂર શિકાગોમાં પહોંચે છે; ગાયક, નર્તક અને બજાવનારા માઇલો દૂર બેઠા જલ્સા ચલાવે છે; એક સેકંડમાં તો આજે પૃથ્વી ફરતી ચીસ સંભળાવી શકાય છે તેમજ હજારો માઇલ દૂર જોઇ કે વાતો કરી શકાય છે; અને એક ખંડમાં નાસ્તો, બીજા ખંડમાં ખાણું અને ત્રીજા ખંડમાં વાળુ કરી, ચોથા ખંડમાં સૂઇ, પાંચમા ખંડમાં પહોંચી જવાય તેવા દિવસો પણ હવે આવી લાગ્યા છે' તેની આગાહી આ શરત કરે છે.



સીતાની શોધમાં હનુમાન ગયા ત્યારે તેમણે ચારસો યોજન એટલે લગભગ સોળસો માઇલનો કૂદકો મારીને સમુદ્રને પાર કર્યો હતો, પણ આ શરતમાં વિમાનોએ પચીસસો માઇલના કૂદકા માર્યા હતા. રામ લંકાવિજય પછી પુષ્પક વિમાનમાં બેસી અયોધ્યા આવ્યા હતા. સીલોનથી અયોધ્યાનું અંતર લગભગ પંદરસો માઇલ થાય. એ અંતર પુષ્પકે એક દિવસમાં એટલે દસબાર કલાકમાં કાપ્યું હતું. એટલે પુષ્પકનો વેગ કલાકના સવાસોદોઢસો માઇલનો ગણાય. પરંતુ આ શરતમાં કેટલાંક વિમાનોનો વેગ કલાકના બસોસવાબસો માઇલનો નોંધાયો હતો.

ઑસ્ટ્રેલિયા ખંડમાં આવેલા વિકટોરિયા સંસ્થાનના પાટનગર મેલ્બોર્ન શહેરને ગયે વર્ષે (૧૯૩૪માં) તેની સ્થાપનાનાં સો વર્ષ પૂરાં થયાં, એ શતાબ્દીનો એક ઉત્સવ ત્યાં થયો હતો. તે પ્રસંગના કાર્યક્રમમાં એક યોજના આ શરતની હતી. આ મહાન શરત લંડનથી મેલ્બોર્ન સુધી એટલે ૧૧૨૯૬ માઇલ લાંબી હતી. આવડી લાંબી શરત—પૃથ્વીના પરીઘના અરધા ભાગ જેટલી—આ પહેલવહેલી હતી, તેથી આખા જગતમાં તેને માટે બહુ ઉત્સાહ ઉત્પન્ન થયો હતો અને પરિણામની ઘણી આતુરતાથી રાહ જોવાતી હતી. લાંબી મુસાફરીમાં વિમાનોનો વેગ સહીસલામત રીતે ક્યાં સુધી વધારી શકાય અને કેવી બનાવટનાં યંત્રો લાંબી સફરોમાં ટકી રહે તથા પાર ઊતરે એ સંબંધીનું જ્ઞાન મેળવવું એ આ શરતનો ઉદ્દેશ હતો.

આ શરતનો ઉત્પાદક મિ. મૅક્ફર્સન રૉબર્ટસન નામનો મેલ્બોર્નનો ચૉકલેટ બનાવનાર કરોડપતિ હતો. તેણે શરત જીતનાર માટે ભારે કિંમતનાં ઇનામો કાઢ્યાં હતાં. શરતના મુખ્ય બે વિભાગ હતાઃ એક ક્રમવિભાગ (Speed race) અને બીજો કાળવિભાગ (Handicap race). જે વિમાન ઓછામાં ઓછા વખતમાં ઊડી આવીને મેલ્બોર્નમાં નક્કી કરેલી ભૂ-રેખા સર્વથી પહેલું પસાર કરે તે પહેલા વિભાગમાં વિજયશાળી થએલું ગણાય. પણ બધાં વિમાનો કાંઇ ઓછાં જ એકસરખાં હોય છે? કોઇ ભારે બનાવટનું હોય, કોઇ હળવું હોય, કોઇનું એન્જિન જોરાવર હોય તો કોઇ વળી નાજુક હોય; એટલે બધાંની તપાસણી કરી તેમની શક્તિ અને સાધનોના પ્રમાણમાં તેમને અમુક સમય નક્કી કરી આપેલો હતો. એ રીતે જે વિમાનને મેલ્બોર્ન પહોંચતાં ઓછામાં ઓછો સમય લાગે તે બીજા વિભાગમાં જીત્યું ગણાય. ક્રમવિભાગમાં ત્રણ ઇનામો હતાંઃ પહેલું ઇનામ

દસહજાર પૌંડ રોકડા અને સાડા છસો પૌંડની કિંમતના સોનાના પ્યાલાનું (લગભગ દોઢ લાખ રૂપિયાનું) હતું. બીજું ઇનામ પંદરસો પૌંડનું અને ત્રીજું પાંચસો પૌંડનું હતું. કાલવિભાગમાં બે ઇનામો હતાં: પહેલું બે હજાર પૌંડનું અને બીજું એક હજાર પૌંડનું. આ ઇનામો માટે એવો નિયમ હતો કે કોઇપણ જીતનારને બંને વિભાગનાં ઇનામો ન મળી શકે.

શરતમાં દાખલ થવાને અનામત રકમ આપવાની હતી. ક્રમવિભાગ માટે પચાસ પૌંડ અને કાળવિભાગ માટે દસ પૌંડ; પરંતુ બંને વિભાગને માટે ભેગા પચાસ પૌંડ આપવાના હતા. તે ઉપરાંત એ શરતમાં ભાગ લેનારને ચાર હજાર પૌંડનું ખર્ચ થવાનો અંદાજ હતો. અનામત રકમ શરતના અંતે પાછી મળવાની હતી.

ગયા ઑક્ટોબર માસની ૨૦મી તારીખ ને શનિવારે સવારે સાડા છ વાગ્યે લંડન પાસેના મિલ્ડનહૉલ નામના મેદાનમાંથી શરત શરૂ થઇ દરેક વિમાન ૪૫ સેકંડના અંતરે ઊડ્યું હતું. વિમાનને માર્ગમાં ઊતરવાનાં ૧૮ સ્થળ નક્કી કરેલાં હતાં, પણ તે બધાં ફરજિયાત નહોતાં; ફરજિયાત તો માત્ર પાંચ જ હતાં: બગદાદ, અલ્લાહાબાદ, સિંગાપુર, ડાર્વિન અને ચાર્લેવિલે. આ સ્થળોનું અંતર આ પ્રમાણે છે: લંડનથી બગદાદ ૨૫૫૪ માઇલ, બગદાદથી અલ્લાહાબાદ ૨૨૯૯ માઇલ, અલ્લાહાબાદથી સિંગાપુર ૨૨૧૯ માઇલ, સિંગાપુરથી ડાર્વિન ૨૦૮૪ માઇલ, ડાર્વિનથી ચાર્લેવિલે ૧૩૮૯ માઇલ અને ચાર્લેવિલેથી મેલબોર્ન ૭૯૧ માઇલ. ઘણાંખરાં વિમાનો આ પાંચ સ્થળે જ ઊતર્યાં હતાં.

શરતનું આકર્ષણ એટલું બધું હતું કે પહેલાં તો લગભગ ૬૪ જેટલાં વિમાનોએ નામ નોંધાવ્યાં હતાં, પરંતુ તેમાં છેવટે તો વીસ જ વિમાનોએ જ ભાગ લીધો હતો. તેમાં ગ્રેટબ્રિટનનાં ૯, અમેરિકાનાં ૩, ઑસ્ટ્રેલિયાનાં ૨, હૉલંડનાં ૨, ન્યૂ ઝીલૅન્ડનાં ૨, ન્યુગીનીનું ૧ તથા ડેન્માર્કનું ૧ એ પ્રમાણે વિમાનો હતાં. હિંદુસ્તાનમાંથી મિ. છાગલા નામના પારસી વિમાનીને ભાગ લેવો હતો, પરંતુ તેને પૈસાની મદદ ન મળવાથી તે દાખલ થઇ શકયા નહોતા. હિંદુસ્તાનના પૈસાદારો અને રાજાઓ પરદેશમાં લાખ્ખો રૂપિયા ઉડાવે છે, પણ તેમના હાથે આવા રાષ્ટ્રીય ગૌરવના કાર્યમાં સહાય અપાતી નથી એ કેવી અફસોસની વાત છે!

શરતમાં ઊતરનાર કેટલાંક વિમાનો, તેના નાયકો અને ઉપનાયકો નીચે પ્રમાણે હતા.

વિમાનનો પ્રકાર	નાયક	ઉપનાયક
૧ ડી. એચ. કૉમેટ	સ્કૉટ	બ્લેક
૨ ડી. એચ. મૉથ	મેલરોઝ	. . .
૩ લૅમ્બર્ટ મૉનોકોપ	રાઇટ	. . .
૪ ડી. એચ. કૉમેટ	મૉલિસન-શ્રીમતી મૉલિસન	
૫ માઇલ્સ ફાલ્કન	બ્રૂક	. . .
૬ ડગ્લાસ ડી.ઓસ.ઓ.ટૂ	પાર્મેન્ટીઅર	મૉલ
૭ બોઇંગ ટ્રાન્સપોર્ટ	ટર્નર	પૅંગબોર્ન
૮ ડી. એચ. કૉમેટ	કૅથાર્ટ જોન્સ	વૉલર
૯ ફેરી ૩	ડેવીસ	હિલ
૧૦ ઇ. સ્કૉટ માર્ક	હૅન્સન	. . .
૧૧ ઍર સ્પીડ ફેરીઅર	સ્કૉટ્સ	. . .
૧૨ ક્રોઇમ ઇગલ	લેફ્ટેનન્ટ સ્થા	. . .
૧૩ માઇલ્સ હૉક જિપ્સી ૩	મૅકગ્રેગર	વૉકર
૧૪ ડી.એચ.ડ્રૅગન જિપ્સી ૬	હ્યુએટ	કે
૧૫ ,,	ગિલમૅન	બેન
૧૬ ,,	સ્ટૅંડાર્ડ	સ્ટૅંડાર્ડ
૧૭ પૅન્ડેર	ગેસેન્ડર ફર	. . .

ફરજિયાત ઊતરવાનાં સ્થળોમાં આપણા દેશમાં અલ્લાહાબાદ પાસેનું એરોડ્રોમ (વિમાન વિશ્રાંતિસ્થાન) નક્કી થએલું હતું તેથી ત્યાં લોકોની ભીડ વધારે થઇ હતી. ઈંગ્લંડના હવાઇ ખાતાના ઉપપ્રધાન સર ફિલિપ સાસૂન અને જોધપુરના મહારાજા એ શરત જોવાને ખાસ અલ્લાહાબાદ ગયા હતા. સરકારે એ સ્થળને યથાયોગ્ય બનાવવા માટે મહિનાઓથી તૈયારી કરવા માંડી હતી. ત્યાં વીજળીનો પ્રકાશ ફેંકવાનું એક મોટું યંત્ર ઊભું કરવામાં આવ્યું હતું જેનાથી ૭૦-૮૦ માઇલ દૂર પ્રકાશ ફેંકી શકાતો હતો. વિમાનોને પૅટ્રોલ પૂરું પાડવાને એક એવી જાતનો ખાસ પંપ ગોઠવવામાં આવ્યો હતો કે જેનાથી એક મિનિટમાં સેંકડો ગૅલન પૅટ્રોલ આપી શકાય. કોઇ વિમાન ભૂલું પડે અથવા તેને અકસ્માત નડે તો તેની મદદે જવા માટે વીસ વિમાનો તૈયાર રાખવામાં આવ્યાં હતાં. આ બધું કરવામાં સરકારે મોટો ખર્ચ કર્યો હતો.

આ વિમાનોમાં આગેવાની મૉલિસન દમ્પતીના વિમાને લીધી હતી. તે લંડનથી બગદાદ સુધી કલાકના

સવા બસો માઇલની ઝડપે ઊડયું હતું અને કરાંચીમાં બીજાં વિમાનો કરતાં એક કલાક વહેલું આવ્યું હતું. પરંતુ ત્યાં તેનું યંત્ર બગડી ગયું તેથી અલ્લાહાબાદમાં તેને શરતમાંથી નીકળી જવું પડયું. એના પછી સ્કૉટનું વિમાન હતું, જે મેલ્બોર્ન સૌથી વહેલું પહોંચ્યું હતું અને પહેલું ઇનામ જીતી ગયું હતું. એણે બાર હજાર માઇલની મુસાફરી ત્રણ દિવસ કરતાં પણ ઓછા સમયમાં કરી હતી. હૉલંડના પારમેંટીઅરનું વિમાન સ્કૉટ કરતાં બે કલાક મોડું પહોંચ્યું હતું. તે બધાં વિમાનોમાં સૌથી મોટું હતું અને તેણે તો બે વિમાનીઓ ઉપરાંત બીજા બે મદદગારો, ત્રણ ઉતારૂઓ અને ૨૨,૦૦૦ ટપાલના કાગળો પણ સાથે લીધા હતા; એ જોતાં તેનો આ વિજય ખાસ મહત્ત્વનો ગણાય. તે અલ્લાહાબાદમાં સ્કૉટ પછી પાંચ કલાકે આવ્યું હતું અને ઑસ્ટ્રેલિયામાં તો લગોલગ થઇ ગયું હતું. જો તે ચાર્લેવિલે પછી રસ્તો ભૂલ્યું ન હોત તો જરૂર સ્કૉટની પહેલાં પહોંચ્યું હોત. ત્યારપછી ટર્નર ત્રીજો, મેલરોઝ ચોથો અને જોન્સ પાંચમો એવા ક્રમે પહોંચ્યા હતા. સ્કૉટ બંને વિભાગમાં પહેલો હતો, પરંતુ તેને નિયમ પ્રમાણે બેવડું ઇનામ મળી શકે નહિ તેથી કાળવિભાગનું ઇનામ તેને મળ્યું નહોતું. ક્રમવિભાગનું બીજું ઇનામ કાળવિભાગ કરતાં ઓછી કિંમતનું હોવાથી પાર્મેન્ટી-અરે કાળવિભાગનું પહેલું ઇનામ લેવાનું પસંદ કર્યું હતું. તેથી ક્રમવિભાગનું બીજું ઇનામ ટર્નરને મળ્યું હતું. કાળવિભાગનું બીજું ઇનામ તેના પછી આવનાર મેલ-રોઝને ને ક્રમવિભાગનું ત્રીજું ઇનામ જોન્સને મળ્યું હતું.

લંડનથી મેલ્બોર્ન પહોંચતાં વિમાનીઓને કેટલો વખત લાગ્યો હતો તે નીચેના આંકડાઓથી જણાશે:

વિમાની	કલાક	મિનિટ	સેકંડ
સ્કૉટ	૬૮	૪૮	૪૯
પાર્મેન્ટીઅર	૭૬	૩૮	૧૨
મેલરોઝ	૭૯	૧૭	૫૫
સ્ટૅાડાર્ટ	૭૯	૩૨	૩૦
મૅકગ્રૅગર	૮૨	૪૩	૩૪
હ્યુએટ	૮૫	૪૨	૨૮
હૅન્સ	૮૭	૪૫	૨૧

આ શરતની કરુણ બાજુ પણ છે. બધાં વિમાનો કંઇ સહીસલામત પાર ઊતર્યાં નહોતાં. મૉલિસન દમ્પતી-ના વિમાનની વાત આગળ આવી ગઇ. ગિલમૅનનું વિમાન ઇટલી ઉપરથી પસાર થતું હતું એવામાં તેનું યંત્ર બગડયું અને તે નીચે ઊતરવા ગયું, પણ ઊતરતાં એક ખડક સાથે અથડાયું અને તેથી સળગી ઊઠયું. તેમાં નાયક અને ઉપનાયક બંને ભસ્મીભૂત થઇ ગયા! બામરોલીમાં પણ એક અકસ્માત થયો હતો. જમીન ઉપર ઊતરતી વખતે ગેસેન્ડરફરના વિમાનનું યંત્ર એકા-એક બંધ થઈ જવાથી તે ભાંગી ગયું હતું. સુધાર્યા પછી ઊડવા જતાં ફરી પાછું તે પ્રકાશસ્તંભ સાથે અથડાતાં સળગી ઊઠયું હતું અને તેમાંથી નાયક તથા ઉપનાયક કૂદી પડયા હતા તેથી તેમનો જીવ બચ્યો હતો; નહિતો તેમની દશા પણ ગિલમૅન જેવી થઇ હોત.

જમીન અને જળ જેટલો જ હવે હવા ઉપર કાબૂ મેળવવાના પ્રયત્નો મનુષ્ય કરે છે; તેમાં કેટલા યે આવા ભોગ આપવા પડશે; પછી જ સિદ્ધિ મળશે.

ગયા વર્ષના જગતના બનાવોમાં સૌથી વધારે મહાન બનાવ આ શરતનો ગણી શકાય. વિમાનો આજ સુધી કેટલું કામ કરી શક્યાં છે તથા હજી તેમને માટે કેવું ભવિષ્ય ઊભું છે વગેરે બાબતો આ શરતથી સ્પષ્ટ થઇ છે. પરંતુ હિંદ! તારૂં આમાં સ્થાન ક્યાં?

રામલાલ ચુ. મોદી ('ભૂગોળ' તથા 'મૉડર્નરિવ્યુ' ઉપરથી)

(અનુસંધાન પાછળના પાનાને છેડેથી)

છાપી જોવો. જો અક્ષરો સ્ટૅમ્પના હોય તેવા જ છપાય તો શાહી બરોબર છે; અને જો અક્ષરો છપાતાં ફેલાઇ જતા લાગે તો ગ્લિસરાઇનનું પ્રમાણ જરા ઓછું કરવું. આ પ્રમાણે જે રંગની શાહી બનાવવી હોય તે રંગ જાંબલી રંગને બદલે વાપરવો અને બાકીની વસ્તુઓ છે તે જ લેવી. આ શાહીને નાની બાટલીઓમાં ભરી તે ઉપર બનાવનારના નામનું લેબલ વગેરે મારી વેચવા માટે તૈયાર કરવી.

રબ્બરના એક જ સ્ટેમ્પને જુદાજુદા રંગમાં જ્યારે વાપરવાનો હોય ત્યારે દરેક વખતે તેને સાફ કરીને બીજા રંગમાં વાપરવો. વૉશિંગ સોડાના પાણીમાં કડક વાળના બ્રશ વડે ધોવાથી તે સાફ થઇ જશે.

(સંપૂર્ણ) **પુરુષોત્તમ દ. પટેલ**

રબ્બરસ્ટૅમ્પ બનાવવાનો હુન્નર

૯ આ ધંધાની સાથે થઇ શકે તેવાં કામ

રબ્બર સ્ટૅમ્પ છાપવા માટે પૅડ અથવા શાહી ભરાઈ રહે તેવી લૂગડાની ગાદી નાનીનાની ડબીઓમાં તૈયાર આવે છે. દરેક રબ્બરસ્ટૅમ્પ લેનારને તેની પહેલી જરૂર પડે છે; માટે આવી પૅડો સામટી ખરીદી લઇને છૂટક વેચીએ તો થોડો નફો થવા ઉપરાંત ગ્રાહકની જરૂરીઆત પૂરી પાડી શકાય. આવી જ રીતે રબ્બરસ્ટૅમ્પની શાહીની બાટલીઓ પણ વેચી શકાય.

ઑફિસોમાં વપરાતા ખાસ જરૂરી શબ્દોના સ્ટૅમ્પ બનાવીને તે પણ છૂટક કે જથ્થાબંધ વેચી શકાય છે. તે શબ્દોમાં આટલા તો બધે ચાલે: Answered, Received, Book-Post, Sample-Post, Urgent, Paid, Entered, Shipped, Cancelled, Filed, Duplicate, Registered, Renewed, Transferred, Charged, Closed, Accepted, Approved, Allowed, Mailed, Billed, Certified, Delivered, Sold, Triplicate, Ordered, Enclosure, Vouchered, Resigned, Prepaid, Copied, Refused, Not-claimed, Returned, Memo, Chequed, Cash, Original, Registered, Per Parcel Post, Samples of No Value, Private, V.P.P., રજિસ્ટર્ડ લેટર, રોકડા, વગેરે. આ બધા શબ્દો ૧૨ કે ૧૪ પૉઇન્ટ ટાઇપમાં કમ્પોઝ કરવા.

આમાંના કોઇ પણ ચૂંટેલા બારબાર સ્ટૅમ્પની કાર્ડ-બોર્ડની નાની પેટીઓ તૈયાર રાખી હોય તો તે પણ સારી વેચાય છે. આ ઉપરાંત રબ્બરનાં ડેટિંગ, નંબરિંગ, વગેરે મશીનો પણ ખરીદ કરીને વેચી શકાય.

વળી, રબ્બરના ઝીણા ટાઇપોના સ્ટૅમ્પ-ટાઇપ સેટ અથવા ઍડજસ્ટેબલ સ્ટૅમ્પ ટાઇપ તથા હોલ્ડરો પણ આવે છે, જેમાં રબ્બરના ટાઇપોનું નાનુંસરખું મનપસંદ કંપોઝ કરી છાપી શકાય છે. તેવા સ્ટૅમ્પટાઇપ-સેટ પણ વેચી શકાય. પરદેશથી જાતજાતનાં ચિત્રોના સ્ટૅમ્પની પેટીઓ તૈયાર આવે છે તેવી પણ અહીં બનાવીને વેચી શકાય તથા છૂટા ચિત્રસ્ટૅમ્પ પણ વેચી શકાય.

અંગૂઠાની છાપ લેવા માટે નાની પૅડો તથા તેની ખાસ શાહીની પેટીઓ, રબ્બરના સ્ટૅમ્પ રાખવાનાં બીડનાં કે નિકલપ્લેટ કરેલાં સ્ટૅન્ડ અથવા રૅકસ, પૉકેટ સ્ટૅમ્પસ, મુખ્ય ઉપયોગના બ્લૉક, માર્કિંગ ઇંક, પિત્તળનાં સીલ, મૉનોગ્રામ, પટાની ચપરાશો, સ્ટેન્સિલ સેટસ વગેરે એન્ગ્રેવરના બધો સામાન પણ ઑર્ડર લઇને પૂરો પાડી શકાય.

ટૂંકામાં ગ્રાહકોની જરૂરીઆત એ આપણી તક એમ સમજી ધંધો કરનારને ઉપર લખ્યા સિવાયનું બીજું પણ કેટલુંયે કામ મળે છે.

રબ્બરસ્ટૅમ્પો એકલા કાગળો ઉપર જ નહિ પરંતુ કાપડ, લક્કડસામાન, કાચકામ, ચિનાઇ કામ વગેરે ઉપર ગોળ કે સપાટ જગ્યાઓ પર પણ છાપવાના કામમાં આવે છે.

૧૦ રબ્બરસ્ટૅમ્પની શાહી કેમ બનાવવી

રબ્બરસ્ટૅમ્પ માટેની શાહી જલદી સુકાય નહિ તેવી, બહુ પાતળી નહિ તેવી અને ચીકણી (એટલે સ્ટૅમ્પ દબાવતાં જ વળગી આવે તેવી) હોવી જોઇએ. આ જાતની શાહી બજારમાં તૈયાર મળે છે, પરદેશથી પણ આવે છે. આપણે ઇચ્છીએ તો નીચે મુજબ તેવી શાહી ઘેર બનાવી શકીએ.

પ્રથમ નીચેની વસ્તુઓ લેવી.

મીથાઇલ વાયોલેટ રંગ (જાંબલી રંગ)	૩ ભાગ
ડિસ્ટિલ્ડ વૉટર (વરાળ કરી ઠારેલું પાણી)	૧૦ ભાગ
એસેટિક ઍસિડ	૧૦ ભાગ
આલ્કૉહૉલ	૧૦ ભાગ
ગ્લીસરાઇન	૭૦ ભાગ

પછી સૌથી પ્રથમ ડિસ્ટિલ્ડ વૉટરમાં જાંબલી રંગના ગાંગડાઓ ગાળવા અને તેમાં થોડુંથોડું ગ્લિસરાઇન નાખતા જવું તથા ખૂબ હલાવતા જવું. જ્યારે બધું ગ્લિસરાઇન તેમાં મળી જાય ત્યારે તે જ રીતે ઍસેટિક ઍસિડ અને આલ્કૉહૉલ પણ તેમાં નાખી મેળવવાં. આથી સારી જાતની સ્ટૅમ્પની શાહી બનશે. આ શાહીને સ્ટૅમ્પના પૅડ ઉપર થોડી રેડવી અને પછી આખા પેડમાં તે બ્રશ વડે ફેલાવી દેવી. પછી સ્ટૅમ્પ

(અનુસંધાન પાછળના પાનાને છેડે)

ભારતીય કલા અને સંસ્કૃતિના દર્દભર્યા પ્રેમી મિ. ઈ. બી. હૅવેલ

(પાછળના પૃ. ૮૫ને અનુસંધાને આગળ)

તેવી દૃષ્ટિનો સાધારણ શિક્ષિત અંગ્રેજોમાં અભાવ છે. જાપાનમાં લૅફ્‌કેડિયો હિયરને અને ફેનેલૉસાએ, ઇરાનમાં બ્રાઉન નિકલ્સને, સંસ્કૃતિના ક્ષેત્રમાં જે ઉદાર દૃષ્ટિ બતાવી છે તથા હિંદના પ્રાચીન સાહિત્યની ચર્ચામાં મૅક્સમૂલરે અને સર વિલિયમ જોન્સે જે અંતર્દૃષ્ટિ બતાવી છે, તેની સરખામણીમાં હિંદની કલાસાધનાના ક્ષેત્રમાં હૅવેલની ઊંડી અધ્યાત્મદૃષ્ટિ સૌથી વિશેષ મૂલ્યવાન છે. હિંદની કલાના અંતર્નિહિત રસને શોધી કાઢી હિંદની સાધનાનું શ્રેષ્ઠ ફળ જગતમાં સારી પેઠે જાણીતું કરી હૅવેલ સાહેબે હિંદની સભ્યતાને નવા ગૌરવના આસન ઉપર પ્રતિષ્ઠિત કરી. એ હિસાબે જોતાં હૅવેલ સાહેબના પ્રયત્ન કોઇપણ રાષ્ટ્રીય સાધક હિંદીના પ્રયત્ન કરતાં ઓછા મૂલ્યવાન નથી. ઊલટ પક્ષે, અંગ્રેજી કેળવણીના અતિ પ્રભાવથી વિજાતીય ભાવગ્રસ્ત કેળવાએલા હિંદીને પોતાના દેશની કલાનું મર્મસ્થાન ખોળવાનો રસ્તો બતાવી હૅવેલ સાહેબે હિંદની નવી રાષ્ટ્રીય ભાવનાને ઇંધણ પૂરાં પાડી રાષ્ટ્રીયતાના શ્રેષ્ઠ પુરોહિતનું સ્થાન લીધું હતું. હિંદની પ્રાચીન કલાનું વિશિષ્ટ રૂપ અને પ્રકૃતિનું રહસ્ય ખુલ્લું કરી જગતના કલાદરબારમાં હિંદી કલાને માટે શ્રેષ્ઠ આસનનો હક્ક કરવા માટે એમને હિંદ અને યુરોપના શિક્ષિત સમાજમાં જાતજાતનાં અપમાન અને લાંછનો ખમવાં પડેલાં. સૌથી રમૂજની વાત તો એ છે કે કેળવાએલો હિંદી પણ તેમણે કરેલી હિંદી કલાની સ્તુતિ તરફ પહેલાં વિરોધની નજરે અને હમેશાં કંઇક વહેમની નજરે જોતો આવ્યો છે. આજે પણ કેળવાએલા હિંદીઓ એવા તો અતિ થોડા હશે જેઓ હૅવેલ સાહેબનો હિંદી કલાના મૂલ્યનો દાવો બેલાશક અને પૂરેપૂરો માની લેવા તૈયાર હોય. હિંદના સાચા મિત્ર એ હૅવેલ સાહેબનું જીવન અને કાર્યપદ્ધતિ હિંદની સાધનાના વિશિષ્ટ ગુણોનું વર્ણન અને પ્રચાર કરવામાં જ સંપૂર્ણપણે રોકાએલાં હતાં. તેમનાં લખેલાં જુદાંજુદાં પુસ્તકો અને ગ્રંથોમાં હિંદી સાધના ઉપરનો તેમનો ઊંડો પ્રેમ અને ભક્તિ લિપિબદ્ધ થએલાં છે. સરકારી કલાવિદ્યાલયના અધ્યક્ષનું પદ એ પુષ્કળ કામ અને જવાબદારીનું પદ છે. એ પદનાં અનેક કામોમાંથી ફુરસદ શોધી લઇ તેમણે જે રીતે હિંદની કલાસાધનાનાં એકચિત્તે અનુશીલન અને સેવા કર્યાં છે તે જોઇને સાચે જ આશ્ચર્ય થાય છે. અધ્યક્ષ તરીકેનું કામ કરતાંકરતાં ફુરસદ કાઢી તેમણે હિંદી સંસ્કૃતિના જુદાજુદા વિભાગોનો જે ઊંડો અભ્યાસ અને શોધ કર્યાં હતાં તેનો પુરાવો તેમણે રચેલા એકેએક પુસ્તકમાં, હિંદના પ્રાચીન કલામંદિરમાં ભક્તે ધરાવેલા અર્ઘ્યની જેમ વિદ્યમાન છે. તેમનું પહેલું પુસ્તક Stone Carving in Bengal (બંગાલની શિલાકોતરકલા) છે. એ પુસ્તક તૈયાર કરતી વખતે તેમને ખબર પડી કે હિંદી પ્રાચીન પદ્ધતિની પથ્થરની કારીગરી અને વાસ્તુવિદ્યા આજ વીસવીસ સૈકા પછી યે જીવંત રહી છે. એ વખતે પુરીના એક નાના મઠમાં અપૂર્વ કારીગરીવાળી નવી ધર્મશાળા તરતની જ બંધાએલી હતી. એ અરસામાં અનેક કેળવાએલા બંગાળીઓ તીર્થયાત્રા અને તંદુરસ્તી માટે પુરી જવા માંડ્યા હતા પણ એ ધર્મશાળાના અપૂર્વ સ્થાપત્યનો પરિચય હૅવેલ સાહેબ પહેલાં કોઇપણ બંગાળી આપી નહોતો શક્યો.

હિંદની સાધનાના એ સાચા ભક્તનો બીજો ઉપકાર તે Benares the Sacred City; Sketches of Hindu Life and Religion, (1905)—પવિત્ર નગરી કાશી અને હિંદુ જીવન તથા ધર્મનાં દૃશ્યો. એ ગ્રંથમાં તેમણે એ બતાવવાનો પ્રયત્ન કર્યો છે કે હિંદુ જીવન અને કાર્યપદ્ધતિ અંધશ્રદ્ધા અને કુસંસ્મરણનું માળખું માત્ર નથી; બલ્કે હિંદુના વ્યવહારજીવનમાંનો અને આચારમાં ઉચ્ચ પ્રકારની ભાવુકતા અને આધ્યાતિમક દાર્શનિકતા સુંદર રૂપમાં પ્રગટ થએલી છે. કાશીની સાધારણ જીવનયાત્રાની ઝીણીઝીણી બાબતોની મદદથી તેમણે હિંદુ ધર્મજીવનની ગંભીર આધ્યાત્મિકતાનું ચિત્ર અપૂર્વ કુશળતાપૂર્વક ચીતર્યું છે. સામાન્ય સાધનોથી, પૂજાપાત્રથી, સ્નાનઘાટ ઉપરનાં દૃશ્યથી, રસ્તાની બાજુમાં પડેલા ઉપેક્ષિત પથ્થરના નકશાથી, મંદિરના પ્રવેશમાર્ગના સ્થિર પ્રકાશની વચમાં યાત્રાળુઓની અનેકવિધ હીલચાલથી, ભજનમગ્ન સાધુસંન્યાસીઓનાં ધ્યાનરત ચિત્રોથી હૅવેલ સાહેબે હિંદુના આધ્યાત્મિક જીવનના રહસ્યની જે સમગ્ર મૂર્તિ આપણી આંખ સામે ખડી કરી છે તેવી બીજો કોઇપણ વિદેશી શિક્ષિત માણસ કરી શક્યો નથી. તેમનું ત્રીજું પુસ્તક Handbook to Agra and the Taj. 1st. Ed. 1907 Revised Ed. 1912 (આગ્રા અને

તાજનો પરિચય પ્રથમ આવૃત્તિ ૧૯૦૭; બીજી આવૃત્તિ ૧૯૧૨) છે. એ છે તો કેવળ મુસાફરોને ઉપયોગી નાનકડી પુસ્તિકા; પણ એ પુસ્તિકામાં હૅવેલ સાહેબે નિપુણ પૃથક્કરણ કરનારની કુશળતાથી સહજ રીતે પ્રતિપાદન કર્યું છે કે મોગલયુગની સ્થાપત્યકલા ઈરાની શિલ્પની નીરજ સંતતિ નથી, અથવા ઇટલીના ઉસ્તાદ કલાકારોની વિદેશી પરિકલ્પના નથી, પણ ભારતના માનસસરોવરમાં સ્વાભાવિકરીતે જન્મેલું શ્રેષ્ઠ કમલ છે. મોગલ સ્થાપત્યના રસાનુસંધાનનું પહેલું સૂચન આ પુસ્તિકામાં મળે છે. એ નાનકડી પુસ્તિકાએ જૂના મતના પુરાતત્ત્વવિદોની અંધશ્રદ્ધા ઉપર પ્રચંડ આઘાત કરી નવી દૃષ્ટિથી હિંદી કલાનું પૃથક્કરણ કરવાની રીતની પહેલી શરૂઆત કરી હતી. આ પછી તરત જ હિંદી કલાનો રસબોધ કરાવનાર યુગપ્રવર્તક ગ્રંથ Indian Sculpture and Painting, 1908 (હિંદી શિલ્પ અને ચિત્રકળા–૧૯૦૮) પ્રગટ થયો. આ ગ્રંથમાં હૅવેલ સાહેબે હિંદી કલાના સૌંદર્યતત્ત્વના અલૌકિક સ્વાતંત્ર્ય અને ગૌરવના ઇતિહાસથી તેમજ અનેક શ્રેષ્ઠ ઉદાહરણોની પ્રતિલિપિની મદદથી હિંમતને સત્ય અનુભવથી શક્તિપૂર્વક પ્રત્યક્ષ પુરવાર કરી આપ્યું કે હિંદી કલાની ગુરુચાવી તેના અભિનવ આધ્યાત્મિક ઇતિહાસમાં જ શોધવી જોઇએ. હિંદી કલાનાં સૌંદર્યનો આદર્શ અને પ્રકાશરીતિ તેના વિશિષ્ટ આધ્યાત્મિક સૌંદર્યતત્ત્વમાં જ રહેલાં છે. પ્રાચીન ગ્રીક કે ઇટાલિયન નવયુગના આદર્શનાં ચશ્માં આંખે ચડાવી હિંદી કલાનું સૌંદર્ય મૂલવવાનો પ્રયત્ન કરવો એ આંધળાના પ્રયત્ન સમાન છે. અરધી સદીની શોધખોળ પછી હિંદના પુરાતત્ત્વવિદો કનિંગહામ, ફર્ગ્યુસન, બર્જેસ અને માર્શલ વગેરે ધુરંધર પંડિતોની નજરે જે સત્ય નહોતું પડેલું તે સત્ય સાચા સૌંદર્યરસિક અને ભક્તની નજર આગળ પ્રગટ થયું. હિંદી કલા તરફના આ સ્વાતંત્ર્ય, સન્માન અને ગૌરવના દાવાને લીધે યુરોપના શિક્ષિત સમાજમાં જે કોલાહલ અને વિરોધનો ઘોંઘાટ જાગ્યો હતો તે હજી આજે પણ પૂરો શમ્યો નથી. હૅવેલ સાહેબનો દાવો સ્વીકારી લઈ તેમણે બતાવેલે માર્ગે અનેક કલાકોવિદો હિંદી કલાના અભ્યાસમાં જે અશ્રાંત સાધના અને શોધવૃત્તિપૂર્વક આજ પચીસ વરસ થયાં મંડેલા છે, તેમના જેવી સાધના હિંદના કોઇપણ શિક્ષણકેન્દ્રમાં આજે પણ જોવામાં આવતી નથી. કારણ આ નવી દૃષ્ટિનો માત્ર યુરોપના વિદ્વાનોમાં જ અભાવ હતો એવું નથી, પણ અંગ્રેજી કેળવણીના કેફને લીધે મૂર્ચ્છામાં પડેલા અને આંધળા જેવા બની વિદેશી ભાવાપન્ન થએલા કેળવાએલા હિંદીને માટે પણ આ સાચી દૃષ્ટિ આપી તેમની પણ આંખ ઉઘાડવાની જરૂર હતી. હૅવેલ સાહેબની આંગળીના ઇશારાથી ભારતવાસી પોતાના દેશની કલાને નવી રીતે જોતાં, સમજતાં અને ઓળખતાં શીખ્યો. હિંદના રાષ્ટ્રીયત્વના ઇતિહાસમાં આ નવા શિક્ષણનો દિવસ એ એક નવજાગરણનો શુભ દિન ગણાશે. એ શુભ દિને હૅવેલ સાહેબની પ્રેરણાથી નવયુગના શ્રેષ્ઠ કલાકાર અવનીન્દ્રનાથે હિંદી કલાની નવી પદ્ધતિની શરૂઆત કરી. હિંદના પ્રાચીન અને સાચા આદર્શને નવા રૂપે અને યુગને ઉપયોગી થાય એવા સ્વરુપે પ્રગટ કર્યો. એ પ્રાચીન ભારતને વર્તમાનમાં મૂર્તિમાન અને જીવંત બનાવવાનું ગૌરવ અવનીન્દ્રનાથે બંગાલી કલાકારોને ભાલે ઉજ્જ્વલ અક્ષરે લખી આપ્યું છે. બંગાલની નવી ચિત્રકલાનો વિચિત્ર અને ગૌરવપ્રદ ઇતિહાસ હિંદના સંસ્કારી વર્ગને અજાણ્યો નથી, અને એ નવા પ્રવૃત્તિ અને સાધનાના ગૌરવમાં 'પ્રવાસી' અને 'મૉડર્ન રિવ્યુ'ના સંપાદક શ્રી રામાનંદ ચટ્ટોપાધ્યાયનો પણ ભાગ છે એ વાત સૌકોઇ સ્વીકારશે. મિ. હૅવેલની સૂચના તેમજ કેટલાક કલાપ્રેમી અંગ્રેજોના ઉત્સાહથી ઇન્ડિયન સોસાએટી ઑફ ઓરીએન્ટલ આર્ટ (પૌર્વાત્યકળાનું ભારતીય મંડળ)ની સ્થાપના થઇ. એ સંસ્થાના જાતજાતના પ્રયત્નને લીધે હિંદની નવી પદ્ધતિની ચિત્રકલા દેશવિદેશમાં પરિચિત થઈ અને મિ. હૅવેલે કરેલો ઇશારો સાર્થક અને સફળ થયો.

ઇ.સ. ૧૯૦૮માં પ્રગટ થએલા એમના 'ઇન્ડિયન સ્કલ્પ્ચર અન્ડ પેઇન્ટિંગ' પુસ્તકમાં જે થોડો ચર્ચાત્મક ભાગ હતો, મતખંડનની જે થોડી ગર્જના હતી, હિંદી કલાનું યોગ્ય મૂલ્યાંકન થાય એવી જે ધીમી માગણી હતી, એ પક્ષપાતી અને પ્રતિવાદીની ભાષા સંયમિત અને મધુર કરી લઈ તેમણે બીજું પુસ્તક બહાર પાડ્યું: Ideals of Indian Art—1911 (હિંદી કળાના આદર્શો). તેમના પહેલા પુસ્તકમાં હિંદી કલાના આદર્શની શોધ કેવળ હિંદની પ્રાચીન કલાના નમૂનાઓમાં જ મર્યાદિત હતી. આ બીજા પુસ્તકમાં

હિંદનાં દર્શનશાસ્ત્ર અને પ્રાચીન ધર્મશાસ્ત્રની સમીક્ષા કરી તેમણે બતાવ્યું છે કે હિંદના પ્રાચીન વૈદિક યુગથી માંડીને જુદીજુદી અસરો અને પ્રગતિમાં થઇને આર્ય સભ્યતાની મૂળ ધારા સાહિત્યમાં શું કે કલામાં શું, સરખી રીતે જ પ્રકટ થઈ છે. હિંદની શ્રેષ્ઠ કલાનો અને શ્રેષ્ઠ સાહિત્યનો આદર્શ એક જ છે; મધ્યયુગના બ્રાહ્મણ્ય ભાસ્કર્યે અને 'પૌરાણિક' કલાએ વૈદિક સાધનાના ભાવ અને પ્રવાહ અખંડ રાખ્યા છે.

ત્યાર પછી સ્થાપત્યકલાનો વારો આવ્યો. ૧૯૧૩માં મોગલ યુગના સ્થાપત્ય સંબંધે એક બૃહદ્ ગ્રંથ પ્રગટ થયો. તેનું નામ Architecture: Its Psychology, Structure and History—1913 (હિંદી સ્થાપત્યઃ તેની ભાવના બંધારણ અને ઇતિહાસ) એ ગ્રંથમાં સો ઉપરાંત ચિત્રો વડે એમણે બતાવ્યું છે કે મોગલ યુગની સ્થાપત્યપદ્ધતિ ઇરાનથી આયાત કરેલી નહોતી, પણ મોગલ યુગની નવી સામાજિક, રાજકીય અને ધાર્મિક ઉપાસનાને ઉપયોગી એ સ્વરૂપ અને પદ્ધતિમાં પ્રાચીન હિંદી સ્થાપત્યકલાનો નવો અવતાર હતો. યુગે યુગે ને સ્થળે સ્થળે, સામાજિક અને ધાર્મિક ઉપાસનાની નવીનવી પદ્ધતિની જરૂર પડી તે પ્રમાણે, કોઇ વાર બ્રાહ્મણ ધર્મના તો કોઇ વાર જૈન ધર્મના, કોઇ વાર બૌદ્ધ ધર્મના તો કોઇ વાર ઇસ્લામ ધર્મના ઉપાસકોને ધર્મસાધનામાં ઉપયોગી એવાં મંદિરો, વિહારો અને મસ્જિદો બાંધી આપી હિંદના સ્થપતિઓએ પોતાની અપૂર્વ સૌંદર્યબુદ્ધિ અને સર્જનશક્તિની પ્રતિભાનો પરિચય આપ્યો છે. તેમણે એ પણ સાબિત કર્યું કે મોગલ બાદશાહોએ હિંદી સ્થાપત્ય–કલાકારોને નવા ક્ષેત્રમાં રોકી હિંદની પ્રાચીન શિલ્પવિદ્યાને ઉન્નતિ અને પૂર્ણતાને માર્ગે ચડાવી હતી. આજે બ્રિટિશ અમલમાં પણ એ પ્રાચીન કલાની પરંપરા એવી જ શક્તિ અને પ્રતિભા ધરાવે છે, અને એ પ્રાચીન કલાની પરંપરાને નવીન યુગના વિશાળ ક્ષેત્રમાં નિયોજી તેને નવીન પૂર્ણતા પામવાની તક આપવી એ બ્રિટિશ સરકારનું કર્તવ્ય છે. એ સંબંધમાં હૅવેલ સાહેબે વિલાયતમાં એવી એક જબરી ચળવળ ચલાવી હતી કે જેને પરિણામે સેક્રેટરી ઑફ સ્ટેટને એક ખાસ કમિશન નીમી વર્તમાન કાળમાં હિંદની સ્થાપત્યકલાની સ્થિતિ વિષે તપાસ કરી માહિતી ભેગી કરવાની જરૂર પડી હતી. ગૉર્ડન સૅન્ડર્સને પોતાના રીપોર્ટ (Modern Indian Buildings—1913)માં હૅવેલ સાહેબનો દાવો કબૂલ રાખી એવો અભિપ્રાય જાહેર કર્યો, કે હિંદની પ્રાચીન કળાની પરંપરા અને ગૌરવ અખંડ કાયમ રાખે એવા હિંદી સ્થપતિઓ આજે પણ મોજૂદ છે, અને જો તેમને યોગ્ય તક મળે તો મોગલ યુગની સ્થાપત્યકલાને વળોટી નવયુગને ઉપયોગી નવીન પ્રણાલિની સ્થાપત્યકલા શરૂ કરવાને સમર્થ છે. આ દાવાનું સમર્થન કરી હૅવેલ સાહેબે તેમનું બીજું પુસ્તક ૧૯૧૫માં લખ્યું. એ પુસ્તકનું નામ The Ancient Architecture of India—1915 (પ્રાચીન અને મધ્યકાલનું ભારતીય સ્થાપત્ય—૧૯૧૫) છે. એમાં તેમણે બૌદ્ધ, બ્રાહ્મણ અને જૈન મંદિરો વગેરેના રૂપનું પૃથક્કરણ કરી બતાવ્યું છે કે હિંદની અલૌકિક કલાબુદ્ધિ પ્રાચીન 'ભાષા' અને પરંપરા અખંડ રાખીને નિત્ય નવાં રૂપોમાં પ્રગટ થતી રહી છે, તેની સર્જનપ્રતિભા આજે પણ જીવંત અને જાગ્રત છે અને નવા ક્ષેત્રમાં નવી તક મળવાની રાહ જોઇ રહી છે. બ્રિટિશ સરકાર હિંદની સભ્યતાને વિકાસ અને પૂર્ણતા સાધવાની તક ન આપે, હિંદવાસીઓને પોતાના નવીન જીવનન જુદાંજુદાં ક્ષેત્રોમાં આત્મપ્રકાશનો અવકાશ ન આપે, તો હિંદ અને હિંદવાસીઓ પ્રત્યે ભારે અન્યાય કર્યો ગણાશે. હૅવેલ સાહેબ એવું માનતા કે કેવળ ચાલુ કલાના પુનરુત્થાનથી જ નહિ પણ રોજના વ્યવહારની જુદીજુદી હસ્તકલાઓનો પુનરુદ્ધાર કર્યા વિના હિંદના આર્થિક પ્રશ્નનો નિકાલ આવવો અસંભવિત છે, અને આ ગૃહઉદ્યોગોના પુનરુદ્ધારના પ્રયત્નમાં પહેલું કામ હાથશાળ અને વણાટકલાની ઉન્નતિ કરવાનું છે.

પણ આ વણાટકલાની ઉન્નતિ કરવાનો ઉપદેશ આપીને જ તેઓ અટક્યા નહિ. પોતાના ઉદ્યોગથી Haltersley Loom નામે ઊંચી જાતની સાળ આયાત કરી તેમણે પ્રત્યક્ષ પુરવાર કરી આપ્યું કે હિંદનો પ્રાચીન વણાટ ઉદ્યોગ મિલની યંત્રો દ્વારા ચાલતી શાળોના કાપડ સામે શી રીતે પોતાનું રક્ષણ કરી શકે. એ સંબંધે તેમણે કરેલા પ્રયત્નોનું ફળ તેમના Handloom Working નામના નિબંધમાં વર્ણવાએલું છે. વણાટઉદ્યોગની ઉન્નતિ દ્વારા જ હિંદના આર્થિક પ્રશ્નનો નિકાલ આવવાનો છે એ વાત હૅવેલ

સાહેબે મહાત્મા ગાંધીજી કરતાં ઓછામાં ઓછાં પંદર વરસ પહેલાં જાહેર કર્યું હતું.

કેવળ કલાના ક્ષેત્રમાં જ નહિ, પરંતુ શિક્ષણના ક્ષેત્રમાં પણ હૅવેલ સાહેબના આંદોલને હિંદના ન્યાય્ય દાવાનું સમર્થન કર્યું છે. તેઓ વારંવાર એ જ વાત ગવર્મેન્ટને કહ્યા કરતા હતા કે હિંદમાં આજે ચાલતી બ્રિટિશ શિક્ષણપદ્ધતિ હિંદી સભ્યતા અને સાધનાના વિકાસને ઉપયોગી નથી, બલ્કે હિંદી સાધનાને હાનિકારક છે. હિંદની સભ્યતા કેવળ હિંદીઓની જ સંપત્તિ નથી, પરંતુ યુરોપની સભ્યતાના જાતજાતના રોગોનું એ રામબાણ ઔષધ છે, અને એ હિસાબે હિંદની સભ્યતાનો વિકાસ અને વિસ્તાર કરવો એ હિંદના ટ્રસ્ટી તરીકે બ્રિટિશ સરકારનું અવશ્ય કર્તવ્ય છે. બ્રિટિશ સરકારની હિંદી રાજનીતિની આવી બેધડક ટીકા કરનાર તે વખતે કૉંગ્રેસમાં પણ બહુ ઓછા હશે.

શિક્ષણ અને કલાના ક્ષેત્રમાં હિંદ તરફથી સંપૂર્ણ સ્વતંત્રતાની માગણી હૅવેલ સાહેબે જ પહેલવહેલી રજૂ કરી હતી. આખર વયે હિંદના શિક્ષણક્ષેત્રમાં પણ તેઓ બે વસ્તુ આપી ગયા છે. એ બંને હિંદના નવી પદ્ધતિએ લખેલા ઇતિહાસ છે. પહેલાનું નામ 'હિંદમાં આર્યશાસન: History of Aryan Rule In India. બીજું પુસ્તક શાળાનું પાઠ્ય પુસ્તક છે. તેનું નામ A Short History of India (1924) એ વાત તો બધાય હિંદીઓ જાણે છે કે અંગ્રેજોના લખેલા હિંદના ઇતિહાસ અનેક જાતનાં ખોટા પ્રમાણોના ચશ્માંમાંથી, ખોટા વહેમો અને પોતાના જાતીય અહંકારથી ભરેલી કલમે લખાએલી વિચિત્ર રચના હોય છે. ભારતની સભ્યતાનું મર્મસ્થળ જેમને મળતું નથી, ભારતની સભ્યતાને જેઓ શ્રદ્ધાની નજરે જોતાં શીખ્યા નથી, તેઓને માટે ભારતનો ઇતિહાસ લખવો કેવળ વિડંબના જ છે, એવું હૅવેલ સાહેબે તેમનાં આ બંને પુસ્તકમાં પુરવાર કરી આપ્યું છે. તેમણે હિંદના ઐતિહાસિક બનાવોની તપાસ કરી એ બનાવવાનો પ્રયત્ન કર્યો કે હિંદની સમાજનીતિ, સામ્રાજ્યનીતિ, રાજનીતિ અને ધર્મનીતિ કેવી રીતે યુગેયુગે ને પ્રદેશે પ્રદેશે જુદેજુદે મંગળ સ્વરૂપે પ્રગટ થઇ છે, અને હિંદની સભ્યતાને સાર્થક કરી છે, સફલ કરી છે.

તેમણે એ પણ બતાવ્યું કે પઠાણ અને મોગલયુગના વિદેશી બાદશાહોએ તેમની કહેવાતી સ્વેચ્છાચારી રાજ્યપદ્ધતિ વડે આર્ય સભ્યતાના વિકાસને રૂંધવાને બદલે, ખરૂં જોતાં તો પોતાની સઘળી શક્તિ અને અંતરના ભાવ વડે તેને પૂર્ણ બનાવવામાં મદદ કરી હતી, અને નવેનવે માર્ગે તેને સફળતાનો અવકાશ આપ્યો હતો. તેમણે અનેક પ્રમાણો આપી અક્ષરે-અક્ષર પુરવાર કરી આપ્યું છે કે તઘલખનું રાજ્ય, શેરશાહનું રાજ્ય, અકબરનું રાજ્ય એ વિજયી રાજાઓનાં રાજ્ય નહોતાં, પણ હિંદી નીતિ અનુસાર હિંદવાસીઓના સંપૂર્ણ સહકારથી, હિંદના કલ્યાણ માટે થએલું હિંદી રાજાઓનું ધર્મશાસન હતું.

ભારતની સભ્યતાનાં મૂળ સૂત્ર અને આદર્શ વિષે તેમને ઊંડો અને અવિચલિત વિશ્વાસ હતો. તે કોઇપણ હિંદી કરતાં લગારે ઊતરતો નહોતો. એ વિશ્વાસ અને ગર્વ તેમના એક વાક્યમાં પ્રગટ થયો છે:

'હિંદ, આજ પોતાના શ્રેષ્ઠ રાષ્ટ્રીય આદર્શથી પતિત થયું છે એટલે જ વિશ્વમાનવની સભામાં રાષ્ટ્રીયતાનું આસન ખોઇ બેઠું છે; અને હિંદ ફરી ઉચ્ચાસને ત્યારે જ પ્રતિષ્ઠિત થઇ શકશે કે જ્યારે હિંદ, વર્તમાન યુરોપ જે આદર્શથી તેને મુગ્ધ કરી રહ્યું છે તેના કરતાં ઉચ્ચતર આદર્શની પતાકા પોતાના અને બીજી આખી માનવજાતિના કલ્યાણને અર્થે ઊંચી ફરફરાવશે.

હિંદની સભ્યતાના આવા દર્દભર્યા પ્રેમી, હિંદની સાધનાના આદર્શના આવા શ્રદ્ધાળુ ભક્ત, હિંદની કલા અને સંસ્કૃતિના આવા સહૃદય અને નિપુણ વ્યાખ્યાકાર, હિંદના સર્વાંગીણ કલ્યાણના આવા સાચા મિત્ર, નવીન જાગ્રતિના અને દેશપૂજાના આવા યોગ્ય પુરોહિત હિંદના સમકાલીન ઇતિહાસમાં થોડા જ જોવામાં આવ્યા છે. કૉટન, વેડરબર્ન, બેસન્ટ, નિવેદિતા વગેરે હિંદનાં બીજાં વિદેશી મિત્રોની સ્મૃતિ જે સન્માનને આસને પ્રતિષ્ઠિત છે, તેની જ પાસે હિંદના આ વરેણ્ય મિત્રનું સ્મૃતિચિત્ર સુવર્ણની પ્રભાથી સદાકાળ ઝળહળતું રહેશે. **અર્ધેન્દ્રકુમાર ગંગોપાધ્યાય**

('પ્રવાસી'માં આવેલા બંગાળી લેખ ઉપરથી અનુવાદક શ્રી નગીનદાસ પારેખ)



પુનરાગમન

[એક જાપાની વાર્તા]

મોચીદા–નો–ઉરા નામે એક ગામડું હતું. તેમાં કોઇ એક કણબી રહે. બીચારો બહુ જ ગરીબ. પાસે રાતી પાઇ ન મળે. પણ વરસોવરસ ઘરમાં એકએક નવું છોકરૂં અવતરે.

ખેડુ તો મૂંઝવણમાં પડ્યો. આ ઘેરો એક છોકરાંનું પેટ કેમ ભરવું? ફિકર કરીકરીને એને કાળ ચડ્યો. અંતે એણે એક જુક્તિ કરી. જેવું છોકરૂં અવતરે એવું તેને નદીમાં નાખી દે! આમ છ છોકરાંના એ નિર્દય બાપે જીવ લીધા. બહાર બધાંને કહે કે છોકરાં તો મરેલાં જ અવતરે છે.

વરસ ઉપર વરસ જતાં ગયાં તેમતેમ ખેડુતની હાલત સુધરી. પૈસે ટકે તે સુખી થયો. અને જાણે સુખ ઊણું હોય તેમ તેને ત્યાં ફરી બાળક જન્મ્યો. હવે કંઇ દીકરાને એણે દૂધ પીતો ન કર્યો. ઊલટું, કૈંકૈં વહાલ કરીને એ છોકરાને રમાડવા લાગ્યો.

ઉનાળાની દૂધ જેવી ધોળી રાત હતી. ચંદ્રમા આકાશે ચડતો હતો. એ વખતે કણબી દીકરાને કેડે તેડીને બગીચામાં ફરવા નીકળ્યો. આનંદમાં આવી જઇને એ બોલ્યો 'વાહ, રાત કેવી મધુર છે!'

એ સાંભળીને પેલા પાંચ માસના બાળકને વાચા ફૂટી: 'છેલ્લી વાર તમે મને નદીમાં નાખી દીધેલો ત્યારે જેવી રાત મધુર હતી તેવી જ આ છે.' એટલું બોલીને બાળક ઊછળીને નદીમાં પડ્યો ને અલોપ થયો.

કણબી તો હબકી જ ગયો! એને પોતાનું પાપ સમજાયું: અને તે દિવસથી એ પાપી પિતા સંસાર ત્યાગ કરી ભિક્ષુ બની ચાલી નીકળ્યો.

દે. પ.

રીંછભાઇની આફત

રીંછભાઇ ફરવાને ચાલ્યા, હાથમાં લીધી સોટી;
સામે રાણો સિંહ મળ્યોરે! આફત આવી મોટી!

ઝૂકી ઝૂકી ભરી સલામો, બોલ્યું મીઠાં વેણ;
મારે ઘેર પધારો રાણા! રાખો મારું કહેણ.

લોહીમાંસ તો બહુયે ચાખ્યાં, ચાખો મીઠું મધ;
ક્યારનો તમને નોતરું દેવા, હું છું બધે બધ

રીંછભાઇ આગળ—
એના પગ ધબ ધબ
સિંહભાઈ પાછળ
એની જીભ લબ લબ!


ઘર આ મારું, જમો સુખેથી, મધની લૂમેલૂમ;
ખાવા જતાં રાણાજીએ પાડી બૂમેબૂમ.

મધપૂડાનું વન હતું એ, માખીનો નહિ પાર;
બટકું પૂડો ખાવા જતાં વળગી લારોલાર.

આંખે, મોઢે, જીભે. હોઠે, લાગ્યા એના ડંખ;
'ખાધો બાપલા!' કરતો નાઠો, ભાગ્યો એ બલવંત.

રીંછભાઇ ફરવાને ચાલ્યા,
હાથમાં લીધી સોટી;
સામે રાણો સિંહ મળ્યો—
એ આફત ટાળી મોટી.

રમણલાલ સોની



મધુકરી



મળતાં મળી ગઈ મોંઘેરી ગુજરાત
ગુજરાત મોરી મોરી રે!

સાબરનાં મર્દાની સોણલાં સુણાવતી,
રેવાનાં અમરતની મરમર ધવરાવતી,
સમદરનાં મોતીના છોળે નવરાવતી,
ગુજરાત મોરી મોરી રે.

ગિરનારી ટૂંકો, ને ગઢ ઇડરિયા
પાવાને ટોડલે મા'કાળી મૈયા,
ડગલે ને ડુંગરે ભર દેતી હૈયાં,
ગુજરાત મોરી મોરી રે.

આંખની અમી મીઠ ઉમટે ચરોતરે,
ચોરવાડવાડીએ છાતી શી ઊભરે!
હૈયાંનાં હીર પાઇ હેતભરી નીતરે,
ગુજરાત મોરી મોરી રે!

કોયલ ને મોરને મેઘગીતે બોલડે,
નમણી પનિહારીને બીને અંબોડલે,
નીરતીર સારસશાં સુખ ડૂબ્યાં જોડલે
ગુજરાત મોરી મોરી રે!

નરમદની ગુજરાત દોહ્યલી રે જીવવી,
ગાંધીની ગુજરાત કપરી જીરવવી,
એકવાર ગાઈ કે કેમ કરી ભૂલવી?
ગુજરાત મોરી મોરી રે!

ભારતની ભોમમાં ઝાઝેરી ગુજરાત
ગુજરાત મોરી મોરી રે.

(ઉમાશંકર જોષી)

સાચી સ્વચ્છતા

૧૯૨૪ની સાલની વાત છે. મહાત્માજીએ વરાડ ગામની ભીડની મુલાકાત લીધી હતી. બપોરનું ભોજન ત્યાં જ પતાવવાનું હતું. શ્રી મહાદેવભાઈ એમની સાથે હતા, પણ એમને બાપુના ભોજનની વ્યવસ્થા ત્યાંના સ્થાનિક માણસો ઉપર છોડી જમવા જવું પડ્યું.

મહાત્માજીએ ગરમ પાણીમાં જરા મીઠું નાખી લીંબુ પીધું. એ પછી એમના ભોજનની તૈયારી થઇ. દૂધ લેવા માટે એક ભાઈ લીંબુવાળો વાડકો ધોવા ગયા. મુકામ માળ ઉપર હતો અને ઉપર પાણીની ડોલ ભરેલી હતી. તેમાંથી હાથનાં આંગળાં વડે વાડકામાં પાણી લઇ, વાડકો વીંછળી, અને પછી ડોલમાં જ વાડકો બોળી સાફ કરી લાવ્યા. આ બધું ગાંધીજીની નજર સામે જ થતું હતું એટલે તેમણે કહ્યું: 'આ બરાબર ન થયું. પહેલાં તો તમે ડોલમાં હાથ નાખી પાણી ગંદું કર્યું એ પહેલી ભૂલ કરી; અને પછી વાડકો પૂરો સાફ કર્યા સિવાય ડોલમાં બોળ્યો એ બીજી ભૂલ. વળી વાડકો માત્ર વીંછળ્યે ચાલે નહિ, માંજવો જોઇએ. અને હવે આ ડોલનું પાણી પણ નહિ ચાલે. એ પણ ગંદું અને એંઠું થયું.'

બીજા એક ભાઇ ડોલમાં બીજું પાણી લઇ આવ્યા, અને પેલા ભાઇ વાડકો અને ચમચો માંજવા નીચે ગયા. તે માંજીને ઉપર આવ્યા ત્યારે પોતે પહેરેલા ધોતિયાને છેડે વાડકો અને ચમચો લૂછતા આવ્યા, એટલે વળી પાછા ગાંધીજી હસ્યા અને બોલ્યા: 'આ વળી નવી ભૂલ કરી.' પેલા ભાઇ સમજ્યા નહિ એટલે ગાંધીજીએ કહ્યું: 'તમારૂં ધોતિયું ગમે તેટલું ઊજળું હોવા છતાં સાફ ન કહેવાય. તમે એ સવારનું પહેર્યું હશે. ત્યારપછી ગમે ત્યાં ફર્યા હશો. ત્યાંના અને તમારા શરીરના જંતુઓ એને લાગ્યા હશે એટલે એ સાફ ન કહેવાય. એટલે એનાથી ખાવાનાં વાસણો સાફ ન કરાય. વળી તમારૂં ધોતિયું પણ આ રીતે ન બગાડાય.'

વાડકો અને ચમચો પાછા સ્વચ્છ પાણીએ ધોઇ, સાફ કકડે કોરા કરી મહાત્માજી સમક્ષ તેમની પથારી ઉપર મૂકવામાં આવ્યા. એટલે મહાત્માજી પાછા હસ્યા અને બોલ્યા: 'વળી પાછી ભૂલ થઇ!' પેલા ભાઇ તો આભા જ બની ગયા એટલે મહાત્માજીએ પૂછ્યું: 'બતાવું? આ ચમચો તમે નીચે પથારી ઉપર મૂક્યો છે. અહીં મારા પગ પડ્યા છે એટલે એની પડેલી રજકણ ચમચાને લાગે અને મોંમાં જાય એ સ્વચ્છતાના નિયમ પ્રમાણે બરાબર ન કહેવાય.'

ચમચો પાછો સાફ કરીને આપવામાં આવ્યો. આજની આ ભૂલપરંપરામાં મારો યે થોડો ભાગ હતો. મેં પથારી ઉપર એક નાનો કટકો પાથર્યો અને મોટા વાડકામાંથી નાના વાડકામાં હું દૂધ રેડવા લાગ્યો. એવામાં દૂધનો એક છાંટો નીચે પડ્યો. એટલે ગાંધીજી એકદમ બોલી ઊઠયા: 'સંભાળો! સંભાળો! દૂધના એકએક ટીંપે મારૂં લોહી કપાય છે.'

હું ચમકી ઊઠ્યો અને સચેત થયો. 'દૂધના ટીંપેટીંપે મારૂં લોહી કપાય છે' એ શબ્દો આજે પણ મારા મનમાં ગુંજી રહ્યા છે.

(કિશોર)

—કેશવભાઇ ગણેશજી

જર્મન જળવિહારી

તા. ૧૧-૨-૩૫ના રોજ એક સાહસિક જર્મન યુવક પોતાની માત્ર અઢાર ફૂટ લાંબી, તદ્દન નાનકડી, બંને બાજુ રબ્બરથી મઢેલી, નાનકડાં હલેસાં અને નાજુક સઢવાળી અને ફક્ત ૬૦ પૌંડ વજનની હોડીમાં બેસી જાફરાબાદ બંદરે ઊતર્યો. દૂરથી સર્પની ગતિથી આવતી આ હોડીને જોઇ કિનારા પર લોકોનું ટોળું કુતૂહલવૃત્તિથી ધસી આવ્યું અને યુવકની ચારે બાજુ વીંટળાઇ ઊભું. આ યુવક અંગ્રેજી સારી રીતે બોલી તથા સમજી શકતો હતો. તેની મુસાફરીનાં સંબંધમાં તેની સાથે અહીંની હાઇસ્કૂલના હેડમાસ્તરને જે વાર્તાલાપ થયો તે 'કુમારના' વાચકોને રસ પડે એવો હોવાથી અત્રે આપ્યો છે.

'તમારૂં નામ શું?'

'ઑસ્કર વૉલ્ટર સ્પેક (Osker Walter Speck).'

'તમારી ઉંમર?'

'પચીસેક વરસ.'

'તમે જર્મની ક્યારે છોડયું?'

'આજથી બે વરસ ને નવ માસ પહેલાં.'

'તમે આટલી નાની હોડીમાં જર્મનીથી મોટા મહાસાગર ઓળંગી આટલે સુધી આવ્યા તેથી અમને આશ્ચર્ય થાય છે.'

'હું જ્યાં જાઉં છું ત્યાં મને આ જ પ્રશ્ન બધા પૂછે છે. ઘણાક તો એવી પણ શંકા ઉઠાવે છે કે હુ સમુદ્રમાં દૂર આગબોટ (Steamer) રાખી મુસાફરી કરૂં છું અને માત્ર કિનારે જ આ હોડી લઇ ઊતરૂં છું. પણ આ શંકા તદ્દન ખોટી છે; કારણકે આ હોડીની બનાવટ જ એવી છે જે ભાગ્યે જ ડૂબે.'

'અહીંનું બારૂં પવનના સખત તોફાનમાં પણ સહીસલામતીવાળુ હોવાથી તમને અહીં આવતાં મુશ્કેલી ન નડે તે સમજી શકાય તેમ છે; પરંતુ દ્વારકા, પોરબંદર વગેરે સ્થળે સમુદ્રનાં તોફાની મોજાંઓ મોટાં વહાણોને પણ પળવારમાં ઊંધાં વાળી દે છે તો તમારી આ નાનીસરખી હોડીનું શું ગજું?'

'તમે જાપાનીઝ બનાવટનાં પેલાં કચકડાનાં રમકડાં જોયાં છે? તેને આપણે ગમેતેમ ઉથલાવીએ છતાં તેની બનાવટને લીધે તે સીધાં ને સીધાં જ રહે છે. એ જ પ્રમાણે આ હોડીને મોજાંની ઝાપટ તો લાગે છે ખરી, પણ તે પાછી સીધી જ પડે છે. એવા દરિયાઇ તોફાન વખતે, અલબત્ત, કલાકોના કલાકો સુધી હોડીમાં દરિયા ઉપર ઊછળતા પડી તો રહેવું પડે, એટલેકે એવી મુશ્કેલીઓ તો જરૂર વેઠવી પડે છે.'

'તમારી પાસે દિશાસૂચન માટે શું છે?'

'હોકાયંત્ર—ચાર્ટ. પણ મને તેની બહુ જરૂર રહેતી નથી; કારણકે હું કિનારેકિનારે જ હોડી હંકારૂં છું અને સાંજ પહેલાં કોઇપણ નજીકના બંદરે ઊતરી જાઉં છું.'

'તો પછી તમે મુકરર વખતે ધારેલે સ્થળે પહોંચી શકતા નહિ હો.'

'ના; આ સ્થિતિમાં મુકરર વખતે ધારેલે સ્થળે પહોંચી શકાય જ નહિ. કરાંચીથી કચ્છમાંડવી હું દસ દિવસમાં આવવાનું ધારતો હતો તેને બદલે મને વીસ દિવસ થયા!'

'તમારા ખોરાકપાણીની શી વ્યવસ્થા કરો છો?'

'ખોરાકમાં હું કેળાં, બિસ્કિટ અથવા જે બંદરે જે કાંઇ ખાદ્ય પદાર્થ મળે તેનાથી ચલાવી લઉં છું અને જરૂર પૂરતું પાણી પણ એક નાના પીપમાં ભરી લઉં છું.'

'તમારે પાસપોર્ટ કે લાયસન્સની જરૂર ખરી કે?'

'પાસપોર્ટ મારી પાસે છે. લાયસન્સના કાયદામાં આવી હોડી માટે બંધન નથી.'

'તમને મુસાફરીમાં કેટલો ખર્ચ થાય છે?'

'માસિક વીસ રૂપિયા અને કોઇવાર તેથી પણ ઓછો.'

'આ મુસાફરી કરવાનો તમારો હેતુ શો છે?'

'આ રીતે દુનિયાની મુસાફરીથી મળેલા અનુભવ દ્વારા પુસ્તકો રચી પૈસા કમાવાનો જ.'

'અહીંથી તમે હવે ક્યાં જવા ધારો છો?'

'પોર્ટ આલ્બર્ટ વિક્ટર અને એમ આગળ.'

'કાઠિયાવાડનાં બંદરો માટે તમારો શો અભિપ્રાય છે?'

'મેં જોએલાં બંદરોમાં કાઠિયાવાડનાં બંદરો ઘને સરસ સગવડવાળાં જણાયાં છે.'

અને છેવટે તેમણે જણાવ્યું કે જર્મનીમાં અમારી એક ક્લબ છે. તેની હામ્બુર્ગ નદીમાં દર શનિવારે હોડી હંકારવાની શરત થાય છે. આવી હોડીની કિંમત ફક્ત ૧૦૦ રૂપિયા પડે છે. મારી માફક ઘણા યે યુવકો દરિયાઇ સફરે નીકળી પડ્યા છે. પણ તેઓ અમુકઅમુક સ્થળ સુધી પહોંચી પાછા વળ્યા છે.


(જાફરાબાદ) —કેશવલાલ જટાશંકર મહેતા

પંજાબનો શ્રેષ્ઠ નાવિક

નાવિક વિદ્યાનું શિક્ષણ આપવા માટે મુંબાઇમાં સરકારે જે 'ડફરિન' જહાજ રાખ્યું છે તે ઉપરનો બધો શિક્ષણક્રમ અપૂર્વ બુદ્ધિમત્તા તથા શક્તિથી હમણાં એક પંજાબી વિદ્યાર્થીએ પૂરો કર્યો છે. તેનું નામ રઘુવીરસિંહ. તેણે બધા વિષયોની પરીક્ષામાં ઈનામો મેળવ્યાં છે બૉમ્બે પૉર્ટ ટ્રસ્ટની માસિક રૂ. ૧૦૦ની સ્કોલરશીપ તેણે જ મેળવી છે. ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસે નાવિકવિદ્યા સંબંધી એક ઇનામી નિબંધ માગ્યો હતો, તેમાં તેનો જ નિબંધ સર્વશ્રેષ્ઠ ઠર્યો અને તેને ઇનામ મળ્યું. તે સુંદર ખેલાડી પણ છે. શાળાની ફૂટબૉલ ટીમનો તે કૅપ્ટન છે અને તે બાબતમાં તેને એક ચાંદીનો કપ પણ ઇનામ તરીકે મળ્યો છે. જે પ્રાંતને દરિયાકિનારો જ નથી તે પ્રાંત—પંજાબ—નો આ વિદ્યાર્થી નાવિકવિદ્યામાં જો આટલો કુશળ છે તો હિંદના બીજા જે પ્રાંતો દરિયાકાંઠે છે તેમાંના વિદ્યાર્થીઓને તક મળતી હોય તો તેઓ કેવા નિષ્ણાત બને? (પ્રજાબંધુ)

હવાઇ જળસંચક

કોઈ જંગી રાફડા જેવો આ બુરજ હવાઇ જળસંગ્રહના નામથી ઓળખાય છે. તેની દીવાલો આઠથી દસ ફૂટ જાડી



છે અને કૉન્ક્રીટની બનાવેલી છે. ઘુમ્મટની દીવાલની ૧૩ ફૂટની જાડાઇ અંદરની હવા પર બહારના તાપની અસર થતી અટકાવે છે. આ બુરજનાં પડખાંમાં બહારથી અંદર હવા વહે તેવી ચડતી-ઊતરતી અનેક નહેરો આવેલી છે. ચિત્રમાં બુરજની બાજુની ભીંતમાં જે દર જેવાં બાકોરાં દેખાય છે તે જ એ નહેરો. ઉપરની પાંચ હારમાંની નીકોનાં મૂળ કુવામાં નીચલી બાજુ તરફ ઢળે છે, જ્યારે નીચેની બે હારમાં જેમનાં મુખ છે તે નહેરોનો ઢાળ ઉપલી તરફ છે. આ ૪૫ ફૂટ ઊંચો મેઘાડંબર આફ્રિકાના શુષ્ક વિભાગમાં ૬૦૦ ફૂટની ઊંચાઇએ બાંધવામાં આવ્યો છે. ખેતીવાડી માટે વપરાતા આ વિભાગમાં વરસાદનું એક ટીપું પણ ભાગ્યે જ પડે છે, પણ ત્યાંના દિવસ ઘણા ગરમ અને રાત્રીઓ ઘણી ઠંડી હોવાને લીધે ત્યાંનાં દિવસ અને રાત્રીનાં ઉષ્ણમાનમાં પ્રમાણમાં ઘણો ફરક રહે છે, અને હવામાં ભેજનું પ્રમાણ પણ ઘણું સારૂં હોય છે. દિવસ દરમ્યાન બહારની ગરમ હવા પાતળી હોવાથી તેનો પ્રવાહ નીચેથી ઉપર જતો હોય છે. એ વેળા નીચલી નહેરો વાટે ઉપર ચડતાં વચલી બખોલમાં પૂરાઇ જાય છે. પછી રાત્રે જ્યારે બહારની હવા ઠંડી પડે છે ત્યારે તે ઠંડી હવા ભારે હોવાથી નીચે ઊતરે છે અને એ ઊતરતી વખતે અંદર ઢળતી નહેરો વાટે બખોલમાં ઊતરે છે અને દિવસ દરમ્યાન ભરાઇ ગએલી ભેજવાળી ગરમ હવા સાથે મળી તેની ભીનાશને ઠારે છે. આમ આ ક્રિયાથી બખોલમાં ભેગું થએલું પાણી નહેરો મારફતે ખેતીવાડી માટે વપરાય છે.

ગણત્રી કરવામાં આવી છે કે આ રચના ૯૦૦ ચોરસ ફૂટ જગ્યામાંથી ભેજ ઠારીને ૭૫૦૦ ગૅલન પાણી બનાવી શકશે. એમ કહેવાય છે કે ક્રીમિયામાં આવેલા થીઓડોસીઆ શહેરમાં ૨૩૦૦ વર્ષ ઉપર આ રચના સફળ રીતે કરવામાં આવી હતી; અને આ કૂવાની રચના જો સફળ થાય તો ઉત્તર આફ્રિકામાં પાણીના અભાવે સેંકડો જનાવરોના પ્રાણ જતા અટકાવવા આવા અનેક કૂવાઓ બનાવવામાં આવશે.

(અંગ્રેજી ઉપરથી) —સુરેશ ઠાકોર

ઈંગ્લંડ-ઑસ્ટ્રેલિયા શરતના અગ્રણી વિમાનીઓ

જગતનો વિમાની ઇતિહાસ ઘડવામાં અગ્રગણ્ય ફાળો આપનાર ઘણાખરા પ્રખ્યાત વિમાનીઓ આ શરતમાં હતાં. સૌથી જાણીતાં જેમ્સ મૅાલિસન અને તેની પત્ની ઍમી મૅાલિસને—ઇંગ્લંડની એ 'જિમ' અને 'ઍમી'ની જોડીએ—જગતના વિમાની ઇતિહાસમાં ઘણાં પ્રકરણો નવાં લખાવ્યાં છે. જેમ્સ મૅાલિસને ૧૯૩૦માં ઑસ્ટ્રેલિયાથી ઇંગ્લંડ આઠ દિવસમાં ઊડી નામ કાઢ્યું. ત્યાર પછી તો તેણે ઇંગ્લંડથી કેપ ટાઉન વગેરે ઘણીઘણી લાંબી મુસાફરીઓ રેકર્ડ ટાઇમમાં કરી છે. તેની પત્ની ઍમી પહેલવહેલી સ્ત્રી વિમાની છે. તેણે—ત્યારે તો મિસ ઍમી જહૉન્સન—સને ૧૯૩૦માં ઇંગ્લંડથી ઑસ્ટ્રેલિયા એકલે હાથે મુસાફરી કરી અને સ્ત્રીઓ પણ આ ક્ષેત્રમાં ઝુકાવી શકે તે એણે બતાવ્યું. બીજી સાલ ઇંગ્લંડથી ટોકીઓની લાંબી મુસાફરી કરી અને સને ૧૯૩૨માં જેમ્સ મૅાલિસન જોડે પરણ્યા પછી તરત ઇંગ્લંડથી કેપ ટાઉન ૪ દિવસ, ૫ કલાકમાં ઊડી, પોતાના પતિનો જ રેકર્ડ તોડ્યો! આમ પતિપત્ની બંને પ્રજામાં બહુ માનીતાં છે અને આ શરતમાં પણ તેઓ સૌથી પહેલાં ઊપડ્યાં હતાં.

અમેરિકાનો કર્નલ રૉસ્કો ટર્નર અમેરિકામાં અને ખાસ કરીને હૉલીવૂડમાં ખૂબ જાણીતો છે. જગત યુદ્ધમાં તે વિમાની-ખાતામાં ઘુસ્યો. તે પછી ઘણાં હવાઇ સર્કસ કાઢ્યાં અને ઘણી શરતો જીત્યો. કૅલિફૉર્નિયાથી ન્યૂ યૉર્ક વચ્ચેનું ૨૫૨૦ માઈલનું અંતર તેણે ૧૦ કલાકમાં કાપેલું ગયા મે માસમાં ડેટ્રોઇટથી ન્યૂ યૉર્ક ૩૦૮ માઇલની સરેરાશ ઝડપે ઊડેલો. ગયા વર્ષમાં યુનાઇટેડ સ્ટેટ્સની સરકારે ઘણી વિમાની કંપનીઓ જોડેના કરારો રદ કર્યા ત્યારે તેણે વચ્ચે પડી બધો વ્યવહાર ટકાવી રાખેલો.

તેનો સાથી કલાઇડ પેન્ગબૉર્ન એના જેવો જ 'જૂનો જોગી' છે. તેણે પોણા બે લાખ માઇલની મુસાફરી પૅસેન્જરો સાથે એક પણ અકસ્માત સિવાય કરી છે. ૧૯૩૧માં તેણે અમેરિકાથી જાપાનનો નવો રેકર્ડ સ્થાપેલો. એ વેળા જાપાન પહોંચતાં પહેલાં વજન ઓછું કરવા માટે એરોપ્લેનનાં પૈડાં સુદ્ધાં દરિયામાં પધરાવવાં પડેલાં! અને જાપાન પહોંચતાંવેંત જ તેને કેદ પકડ્યો અને વગર લાઇસન્સે જાપાનની હદમાં ઊડવા માટે તેનો ૪૦૦ પાઉન્ડનો દંડ થયો, પણ સાથેસાથે અમેરિકાથી ટોકીઓ સુધી વગર અટક્યે ઊડવા માટેનું 'ટોકીઓ અશાહી' અખબાર તરફનું પોણા લાખનું ઇનામ પણ જીતી ગયો!

આ પેન્ગબૉર્ન અને ટર્નર આ શરતમાં બીજા આવ્યા છે, અને હવે થોડા જ સમયમાં રેકર્ડ ટાઇમમાં પૃથ્વીપરિક્રમા કરવા ઊપડી જવાના છે.

આ શરતનો વિજેતા ચાર્લ્સ વિલિયમ ઍન્ડરસન સ્કૉટ ૧૯૦૩ની ૧૩મી ફેબ્રુઆરીએ જન્મેલો. ૧૭ વર્ષની ઉંમરે નિશાળ છોડી દક્ષિણ અમેરિકાના ખાંડના કારખાનામાં એ જોડાયો, પણ ત્યાં ન ફાવવાથી ૧૯૨૨માં રૉયલ એર ફોર્સમાં જોડાયો અને ૧૯૨૬માં ઓસ્ટ્રેલિયા બદલાયો. ઑસ્ટ્રેલિયાનો તેને બહુ સારો અનુભવ છે અને તેથી જ, બધા વિમાનીઓને ડાર્વિન છોડ્યા પછી ખૂબ તોફાનો ને અકસ્માતો નડ્યાં; ત્યારે તે તો મેલબૉર્ન સુધી લ્હેરથી ઊડેલો. તેણે ઇંગ્લંડથી મેલબૉર્નની આ શરત પહેલાં

પણ બે વાર રેકર્ડ ટાઈમમાં મુસાફરી કરેલી.

ડચ વિમાની ડર્ક કોન પાર્મેન્ટીઅર ૩૦ વર્ષનો જુવાનડો જ છે. તે રાત્રી-ફ્લ્યન (night flying)માં ખાસ પાવરધો મનાય છે. તેનો સાથી જોન જોહાન્સ મોલ પણ ડચ વિમાની-ખાતામાં ખૂબ જાણીતો છે. તેમણે અમેરિકન ડગલાસ ઊડાડેલું.

આ સિવાય બીજા ઘણા જાણીતા વિમાનીઓ આ શરતમાં હતા. (નવચેતન)

કુંડલાના કાંટા

ભાવનગર રાજ્યમાં આવેલું કુંડલા, કસ્બાનું ગામ અને રેલવે સ્ટેશન છે. એની વસ્તી આશરે ૧૨૦૦૦ની હશે. અહીં દર વરસે સેંકડો મણ લોઢાની જુદીજુદી જાતનો, હમેશની વપરાશનો સામાન બને છે. ચામડાં અને ઊનનો ઉદ્યોગ પણ મોટા પાયા પર ચાલે છે. આવા આવા અનેક ગૃહઉદ્યોગોને પરિણામે આ ગામ ઘણું જ ઉદ્યમી ને ચેતનવંતું લાગે છે.

પણ અહીંની કોઇ પણ વસ્તુ આખા હિંદુસ્તાનમાં પ્રખ્યાતી પામેલી હોય તો તે કુંડલાના કાંટા છે. અહીંના લુહાર કારીગરો જુદા જુદા વજનના, તોલના, માપના, કિંમતના અનેક જાતના કાંટા બનાવે છે. ઓછામાં ઓછું વાલ અને રતી જેટલું પણ તોળી શકાય તેટલા નાના અને વજનમાં ઝીણામાં ઝીણો ફરક દેખાડી શકે તેવા ચોક્કસ કાંટા અહીં તૈયાર થાય છે. તે જ પ્રમાણે એકીસાથે વધારેમાં વધારે પચીસ મણ સુધીનું વજન જોખી શકાય તેવા મોટા કાંટા પણ અહીંના કારીગરો બનાવે છે. નાનામાં નાનો કાંટો ત્રણ ઇંચ લંબાઇનો હોય છે, જ્યારે મોટામાં મોટા ૬ ફૂટ સુધીની લંબાઇના તૈયાર થાય છે. આ કારીગરો એટલા તો કુશળ છે કે પાંચ મણ વજન એક સાથે તોળો અને તેમાં બે રૂપીઆ ભારનો ફરક રહી ગયો હોય તો કાંટાની દાંડી એકદમ નમી પડે છે!

આવા કાંટા બનાવનારા અહીં આશરે સવાસો કારીગરો છે. બધા લુહાર કોમના છે. તેમાંના કેટલાક ફક્ત નાના જ અને કેટલાક માત્ર મોટા માપના કાંટા બનાવનારા છે. આ બધા જુદીજુદી લગભગ ચાળીસ દુકાનોમાં વહેંચાઈ ગયા છે. સામાન્ય રીતે દરેક દુકાન દીઠ ત્રણથી ચાર કારીગરો હોય છે. કાંટા બનાવનારાઓ મજૂરો રાખે છે ખરા, પણ તે ઘણી ઓછી સંખ્યામાં. આવા મજૂરોની સંખ્યા ત્રીસથી વધારે નથી. મજૂરોનું મુખ્ય કામ તો ધમણ ધમવાનું હોય છે. આ મજૂરો કોળી, કણબી વગેરે કોમમાંથી આવે છે.

કાંટા બનાવવામાં કારીગરોની મજૂરીનો આધાર કાંટાની સંખ્યા ઉપર નથી હોતો, પણ તેની જાત ઉપર આધાર રાખે છે. દરેક કાંટો કેટલું ચોક્કસ કામ આપી શકે છે તેના ઉપર કાંટાની કિંમતનો અને મજૂરીનો આધાર રહે છે. મોટા માપનો અને ઊંચી જાતનો કાંટો તૈયાર કરવો હોય તો એક દુકાનને આખો દિવસ પણ લાગી જાય. નાના માપના કાંટાઓ સામાન્ય રીતે એક દુકાનમાં પાંચ સાતથી વધારે નથી બનતા; પણ એટલું તો જરૂર કહી શકાય કે જે કારીગરો બીજાની દુકાનોમાં પગારદાર તરીકે રોકાયા હોય છે તેમને સરેરાશ દરરોજનો એક રૂપિયો મળી રહે છે. પરંતુ દુકાનદાર કારીગરોને તો વધારે મજૂરી મળી રહે છે.

આ લુહારો જરૂર પૂરતું લોઢું સ્થાનિક વેપારીઓ પાસેથી જ ખરીદે છે. કાંટામાં ખાસ કરીને સ્ટીલ લોખંડ, ચૅનલ વગેરે જાતનું લોઢું વપરાય છે. બધા કારીગરો મળીને લગભગ ૫૦૦૦ રૂપિયાનું લોઢું વાપરે છે. આ બધું લોઢું પરદેશથી જ આયાત કરેલું હોય છે.

અહીંના કાંટા હિન્દુસ્તાનમાં જુદાજુદા ભાગો ઉપરાંત આફ્રિકા, સીલોન વગેરે ઠેકાણે પણ જાય છે. કારીગરો થોડું-ઘણું સીધું વેચાણ કરે છે; પણ મોટે ભાગે તો મુંબાઇ અમદાવાદ વગેરે શહેરોના આડતિયા વેચાણ કરે છે અહીંના જે ચારપાંચ સારા કારીગરો છે તેઓ દરેક સામાન્ય રીતે વાર્ષિક ત્રણેક હજારનું વેચાણ કરે છે. આવી રીતે કુલ વાર્ષિક વેચાણ આશરે પચાસ હજારનું થાય છે.

કારીગરોમાં આટલી બધી કુશળતા હોવા છતાં વ્યાપારી પરિસ્થિતિના તેમના અજ્ઞાનને લીધે તેમને મહેનત-મજૂરીનો પૂરતો લાભ નથી મળતો. અમુક અપવાદો સિવાય તેમની બનાવટના કાંટા સામે પરદેશના કાંટાઓ કેવી રીતે હરીફાઇ કરી રહ્યા છે તે વિષે તેઓ બીલકુલ અજ્ઞાત છે. અહીંના કાંટાઓ બનાવટમાં પરદેશી કાંટા કરતાં દરેક રીતે ચડિયાતા છે. પરદેશી કાંટાની કિંમતની સરખામણીમાં તો અહીંના કાંટા પાણીના મૂલે મળે છે એમ કહી શકાય; (સામાન્ય રીતે અહીંના કાંટા કરતાં પરદેશી કાંટાઓની કિંમત ત્રણથી ચારગણી વધારે હોય છે.) પણ પરિસ્થિતિના કારણ રૂપ આપણા દેશી વ્યાપારીઓ પણ છે. તેઓ કારીગર અને લેનાર વચ્ચે મોટી દીવાલ ઊભી કરે છે. મુંબાઇ અને બીજાં શહેરોના કાંટાના વેપારીઓ કુંડલાના કાંટાને નામે હલકી જાતના કાંટાઓ વેચે છે અથવા કુંડલાના ઊંચી જાતના જે કાંટાઓ બને છે તેમના ઉપર પરદેશી બનાવટની છાપ મારી વેચે છે. આ રીતે કુંડલાના સારા કાંટા માટે સ્વાભાવિકરીતે જે જાહેરાત થવી જોઇએ અને સસ્તી કિંમતને કારણે કાંટાની જે ખપત વધવી જોઇએ તે વધતી નથી અને ગ્રાહકો ભ્રમમાં પડે છે. આજે આ ઉદ્યોગનો વિકાસ રૂંધાઇ રહ્યો છે. જો તેને થોડોઘણો પણ ટેકો મળી જાય તો આજના કરતાં વધારે મોટી સંખ્યામાં કારીગરો કામ મેળવી શકે અને મજૂરીના દરમાં પણ વધારો થાય.

('ગુજરાત સમાચાર'ની સ્વદેશી પૂર્તિમાંથી)

બનાવટી વરસાદ

વરસાદ પર કાબૂ મેળવવો શક્ય છે કે કેમ તે માટે રશિયાના કેટલાક વિજ્ઞાનશાસ્ત્રીઓ તુર્કમેનિસ્તાનના સૂકા ઉચ્ચપ્રદેશ પર ચાર વર્ષથી અખતરાઓ કરી રહ્યા છે. 'તુર્કમેનિસ્તાન ઇન્સ્ટીટ્યુટ ઑફ રેઈન ફૉલ'ના વડાએ હમણાં જ જાહેર કર્યું છે કે તેઓને

તેના સાથીઓ બનાવટી ધુમ્મસ અને વાદળાં ઉત્પન્ન કરવા ફળીભૂત થયા છે. વરસાદનાં વાદળાંઓમાં કેટલાક રાસાયણિક પદાર્થો નાખીને તેમણે વરસાદ પણ વરસાવ્યો છે. અત્યારે તેઓ બનાવટી વાદળાંમાંથી વરસાદ વરસાવવા માટે અખતરાઓ કરી રહ્યા છે. આમ તેઓ સ્વચ્છ આકાશમાંથી પણ તેમની ઇચ્છા પ્રમાણે વરસાદ વરસાવી શકશે. સાથેસાથ તેની જે જગ્યાએ પુષ્કળ વરસાદ પડે છે તે કેમ અટકાવી શકાય તે પ્રશ્ન પણ તેઓ વિચારી રહ્યા છે. (અંગ્રેજી ઉપરથી)

અમેરિકન જંગલની યોજના

અમેરિકાના પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટે એક મહાન યોજન તૈયાર કરી છે જે દેશના મોટા ભાગની આબોહવાને ફેરવી નાખશે. આ યોજના નીચે પ્રમાણે છે. કૅનેડાની સરહદ પરથી ટેકસાસ સુધીમાં ૧૫,૦૦૦,૦૦૦ પૌંડના ખર્ચે દશ વર્ષ દરમિયાન એક હજાર માઇલ લાંબાં અને એક માઇલ પહોળાં એવાં સોએક જંગલો ઊભેરવાં અને તેનો બધો ખર્ચ 'ડ્રોટ રિલિફ ફંડ'માંથી આપવો. આ વિશાળ જંગલો તૈયાર થતાં પુષ્કળ વરસાદ ખેંચી લાવી જમીનને વેરાન થતી અટકાવશે. વળી મધ્યનાં જંગલોમાંથી જે ધૂળ આખા ખંડમાં ફરી વળે છે તેને પણ અટકાવશે. આ ઉપરાંત ભવિષ્યની પ્રજાને પુષ્કળ પ્રમાણમાં ઇમારતી લાકડું પણ પૂરૂં પાડશે. આ વૃક્ષો રોપવાનું કામ ઇ.સ. ૧૯૩૬થી શરૂ કરવામાં આવશે. (અંગ્રેજી ઉપરથી)

ઇટલીનો આરસપહાણ કરારા

ઇટલીનો કરારાનો આરસ દુનિયામાં સૌથી સફેદ તથા સ્વચ્છ ગણાય છે. અત્યાર સુધીમાં તે દુનિયાના જુદાજુદા ભાગોમાં મોકલવા માટે હજારો ટન ખાણમાંથી ખોદી કાઢવામાં આવ્યો છે, પરંતુ તે ખાણ અખૂટ હોય તેમ જણાય છે. અવારનવાર આ ખાણના નવા ભાગો તોડવા પડે છે. હમણાં જ એક ૨૫૦ ફીટ ઉંચો અને ૬૫૦ ફીટ પહોળો મોટો ભાગ તોડવામાં આવ્યો હતો. તેનું વજન કેટલાક હજાર ટન થયું હતું અને તેને તોડતાં ૨ ટન જેટલો દારૂગોળો વપરાયો હતો.

આંતરરાષ્ટ્રીય બૌદ્ધ વિશ્વવિદ્યાલય

'ઇન્ટરનૅશનલ બુદ્ધિસ્ટ ઍકેડેમી'ના નામથી ઓળખાતું એક નવીન વિશ્વવિદ્યાલય કાશી નજીક ખૂલ્લું મૂકવામાં આવનાર છે. હિંદમાંના બૌદ્ધ ધર્મીઓના આ સાહસને હિંદી સરકારે પણ ટેકો આપ્યો છે. છેક પ્રાચીન સમયથી આધુનિક સમય સુધીની પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિમાં જે કાંઇ શ્રેષ્ઠ હોય તે બધાંનું સંગઠન કરવાની તેના સંસ્થાપકો આશા રાખે છે. અહીં બુદ્ધના ઉપદેશોનું અધ્યયન કરાવવામાં આવશે. આ ઉપરાંત આધુનિક પદ્ધતિએ રચનાત્મક વિજ્ઞાનની શોધખોળ માટે પણ એક વિભાગ રાખવામાં આવશે. આ વિશ્વવિદ્યાલયની વ્યવસ્થા પચીસ સભાસદોનું બનેલું આંતરરાષ્ટ્રીય મંડળ રાખશે. શિષ્યો તેમજ અધ્યાપકો સમાન ભાવે પ્રાચીન સમયની સાદાઈથી રહેશે. (અંગ્રેજી ઉપરથી)

નેપાળમાં

નેપાળમાં એકપણ મુસ્લિમ નથી, નેપાળમાં છેલ્લાં સવાસો વર્ષમાં જેટલા અંગ્રેજો ગયા તેની ટીપ છે. મિશનરીઓને ત્યાં દાખલ થવાની બંધી છે. કોઈપણ વિદેશીને ખાણ ખોદવાના કે કારખાનાં કાઢવાના કે રેલવે બાંધવાના ત્યાં હક્ક નથી. અંગ્રેજી એલચી પણ ઈચ્છાનુસાર ફરી શકતા નથી. જાપાન, ચીન અને હિંદુસ્તાનમાં પરદેશીઓ ધુસવાથી એ દેશોના શા હાલ થયા તે ત્યાં જાણીતું છે અને તેથી નેપાળીઓ પરદેશીઓની સાથેના વ્યવહારમાં ઘણા જાગૃત રહે છે. અંગ્રેજોને ગુરખા લડવૈયા તે પૂરા પાડે છે ખરા, પણ તેના બદલામાં તાલીમ પામેલા ગુરખાઓને નોકરીની મુદત પૂરી થતાં ત્યાં પાછા મોકલવા પડે છે; ઉપરાંત અંગ્રેજ સૈનિકની બરોબરીના હક્ક ગુરખા સૈનિકને આપવા પડે છે. હમણાં નેપાલનો એલચી લંડન જઇને રહ્યો તે ત્યાં ચુસ્ત હિંદુ તરીકે રહેલો. તેની પત્ની ત્યાં ગુજરી જતાં તેને અગ્નિદાહ કરવાની તેને ખાસ છૂટ અંગ્રેજ સરકારે આપી હતી અને હિંદુ વિધિ પાળી શકાય તેની સર્વ સગવડ કરી આપવામાં આવી હતી.

નેપાળના મહારાજા હમણાં હિંદુસ્તાનમાં આવ્યા છે ત્યારે હિંદી સરકારે તેમનું એક સ્વતંત્ર મહારાજા તરીકે સ્વાગત કર્યું છે. હિંદી સરકારની તાલીમ-કવાયત તથા કૃત્રિમ લડાઇનો દિલ્હી પર હુમલો કરી લશ્કરની વ્યૂહરચના બતાવી.

સામાન્યતઃ ત્યાં ફાંસીની શિક્ષા થતી નથી; હમણાં જ ત્યાં ગુલામી પ્રથાનો અટકાવ થયો છે. (નવી રોશની)

બાવળ

બાવળને સંસ્કૃતમાં બબ્બુલ, હિંદુસ્તાનીમાં બબૂલ, મરાઠીમાં બાભૂળ અને ફારસીમાં મુગિલા કહે છે. બાવળનું ઝાડ ન જોયું હોય એવા તો કોઈક જ હશે. એ ઊંચું ને કાંટાવાળુ હોય છે એની ઊંચાઇ સાધારણરીતે ૩૦ થી ૪૦ ફૂટની થાય છે.

સામાન્યતઃ આ ઝાડ સર્વત્ર નજરે પડે છે. દરિયાકિનારે ભેજવાળી જગ્યાએ એ વધારે ઊગે છે.

બીજાં વૃક્ષોની માફક બાવળને પણ ફૂલ બેસે છે ને તે નાનાંનાનાં ઝુમખાંમાં વર્ષાઋતુથી માંડી જાન્યુઆરી માસ સુધી આવે છે. દૂરથી એ ઝુમખો જાણે એક આખું ફૂલ હોય તેવો લાગે છે. ફેબ્રુઆરીથી એપ્રિલ સુધીમાં તેને નવાં પાન આવે છે.

બાવળનું લાકડું મજબૂત હોવાથી ઈમારતના કામમાં આવે છે. એ ઝાડ સાવરણીની માફક ઊંચું વધે છે. એને વરસાદ વિના ચાલે છે તેથી જ્યાં કોઇપણ વૃક્ષ ઊગ્યું હોય તેવી ઉજ્જડ જગ્યાએ પણ એ જાત ઊગેલી નજરે પડે છે. એનાં બી કઠણ હોય છે ને તેથી જમીનમાં તેના અંકુર ફૂટતાં ઘણું અઘરૂં પડે છે. બીનો રંગ ઘેરો તપખીરીઓ હોય છે અને તેની ચપટી બાજુઓ પર ઝાંખું પીળું વર્તુળ હોય છે ને એ જ ભાગ ઘણો કઠણ હોય છે. આ પીળુ વર્તુળ જ્યાંસુધી જમીનમાં પોચું થાય નહિ ત્યાંસુધી તેમાંથી અંકુર ફૂટતા નથી બીને વાવ્યા પહેલાં સારી રીતે પલાળવાં પડે છે. પલાળ્યા વિના

એમ ને એમ જો વાવી દે તો ઊગતાં નથી. સાધારણ ગરમ પાણીમાં દસેક મિનિટ રાખવાથી તે બરાબર પલળી રહે છે.

બાવળના ઝાડ પર જે ધોળો ગુંદર થાય છે તે ખાવાના, દવાના તેમજ બીજા ઘણા ઉપયોગમાં આવે છે. બાવળની છાલ પણ રંગવાના કામમાં વપરાય છે. બાવળની શીંગોને આપણે 'પરડા' કહીએ છીએ. ઢોર દૂધ વધારે આપે એ હેતુથી તેમને આ પરડા ખવડાવે છે. ઘણા લોકો કૂણા પરડાનું શાક અથાણું વગેરે બનાવીને પણ ખાય છે. શરૂઆતમાં એ શીંગો (પરડા) લીલા રંગની હોય છે અને પાછળથી ભૂરાશપડતી થઈ જાય છે. બકરાંને તો એ બહુ જ ભાવે છે.

બાવળની લીલી સોટી જેવી પાતળી ડાળો આપણે દાતણ કરવામાં વાપરીએ છીએ એ વાત તો કોણ નહિ જાણતું હોય?

બાવળનાં બી ઝીણાં વાટી ગોમૂત્રમાં મેળવી તેનો લેપ વાળા પર લગાડવાથી વાળો મટી જાય છે. બાવળનાં પાંદડાં વાટી તેને એક ઝીણા કકડામાં મૂકી આંખોમાં બળતરા થતી હોય અથવા જો આંખો આવી હોય તો તે પર બાંધવાથી આરામ થાય છે. દાઢ દુખતી હોય અગર ગળું આવ્યું હોય તો મોંમાં બાવળનું પાન રાખી ધીમેધીમે તેનો રસ ઉતારવાથી મટે છે.

આ ઉપરાંત વૈદકશાસ્ત્રમાં એના ગુણદોષ ઘણા વર્ણવ્યા છે.

(સંકલિત) —રતિલાલ વિઠ્ઠલદાસ દલાલ

અંધશ્રદ્ધાની હદ

ગંગા નદીને કાંઠે રહેનાર કલકત્તાના એક તરુણને પહેલી જ વાર પોતાના સાસરાને ગામ જવાનો પ્રસંગ આવ્યો. એ ગામ ગંગા નદીથી ઘણું જ દૂર હતું. જમવાની તૈયારી થઇ તે વખતે સાસુએ જમાઇને કહ્યું, 'જમવા બેસતાં પહેલાં થોડું દૂધ પી લ્યો.' જમવા પહેલાં દૂધ પીવાનો ચાલ વળી કેવો અજબ એવું જમાઇને લાગ્યું તો ખરું; પણ આ ગામનો વળી એવો જ રિવાજ હશે એમ સમજી એણે સાસુએ આપેલું દૂધ થોડુંક પીધું. પણ ત્યાં તો આસપાસ બેઠેલા સૌ ઢોલક સાથે નાચવા લાગ્યા. સાસુએ ખુલાસો કર્યો કે તમે ગંગાને કાંઠે વસો છો એટલે તમારા પેટમાં ગંગાનું પાણી હોય જ. તમારા સસરાનાં અસ્થિ હજુ અમે ગંગામાં પધરાવી શક્યાં નહોતાં એટલે આજે તમને જે દૂધ પાયું તેમાં તેમનાં અસ્થિની બારીક ભૂકી મેળવી હતી. તમારા સસરાને આ રીતે મુક્તિ આપી તમે અમને ધન્ય કર્યા છે. આવો બનાવ ખરેખર બનેલો તે પરથી આ હકીકત કહેવાઈ છે.

બાજરાની બલિહારી

શાલિવાહન શક ૭૦૬ સુધીમાં ગુજરાત કે કાઠિયાવાડમાં બાજરાના નામને પણ કોઇ જાણતું નહોતું; માત્ર જુવાર, ઘઉં વગેરે અનાજની આ તરફ ઉત્પત્તિ થતી હતી ઈ. સ. ૭૭૭ માં જ્યારે કચ્છ ભૂમિ પર જામ લાખો ફુલાણી રાજ્ય કરતા હતા ત્યારે તેઓ એક વખત મોટું લશ્કર લઇ સિંધની સફરે નીકળ્યા અને ચાલતાં ચાલતાં દૂરના પ્રદેશોમાં (અરબસ્તાન અને આફ્રિકા તરફ) જઇ પહોંચ્યા. લીધેલો ખોરાક ખૂટી જતાં એ ઉજ્જડ પ્રદેશમાં લીલું ગોળ દાણાદાર ઘાસ પથરાએલું જોયું, અને તે લણી ખોરાકના ઉપયોગમાં લેવા લશ્કરને હુકમ કર્યો. પ્રથમ ઘોડાઓને એ દાણા ખોરાકમાં આપ્યા. ઘોડાઓનો થાક ઊતરી ગયો અને તે તાજા થઇ ગયા. એથી એ દાણાઓને પુષ્ટિકારક જાણી જામ લાખાએ પોતાના તથા લશ્કરના ખોરાકમાં તે લેવા ફરમાવ્યું. એ ખોરાકથી માણસોને પણ પુષ્ટિ મળી.

અમુક સમય સુધી એ દેશમાં ફરી પાછા પોતાના દેશ તરફ પાછા વળવા સમયે ઉકત અનાજ જેટલું સાથે લઈ શકાય તેટલું લઇ લેવા જામશ્રીએ હુકમ કર્યો. લશ્કરી માણસોએ ઘોડાઓના તોબરા ભરી એ તાજગી આપનાર દાણાઓ સાથે લીધા ને કચ્છમાં લઇ આવી તેનું વાવેતર ચાલું કર્યું. કચ્છમાં વાગડ નામે પ્રદેશ છે ત્યાં તેનું પ્રથમ વાવેતર થયું.

જેમ જેમ સમય ગયો તેમતેમ ખેતીની કાળજીને અભાવે ને પાણીની તંગીને લીધે એ બાજરીના દાણાઓ કદમાં નાના થતા ગયા; પરંતુ આખા કાઠિયાવાડ ને ગુજરાતમાં તેનો પ્રચાર થયો.

બાજરો તે બાજરો. બાજ જેવી શક્તિ આપનાર અને વાજિ (ઘોડા) જેવી ગતિ આપનાર સત્વમય અનાજ હોય તો તે એક બાજરો જ છે. આ બાજરાનો પાક ઉગાડવામાં સહેલો છે. ઘઉં અને જુવાર કરતાં તે વહેલો તૈયાર થઈ શકે છે. ઘઉં શિયાળુ મોલ હોઇ તેને ઇરીગેશન પાણી પાવું પડે છે. અને તેનો પાક ઉત્તમ ઉત્પન્ન કરવામાં દર એકરે જેટલું ખર્ચ આવે તેનાથી અરધું ખર્ચ પણ બાજરાનો પાક લેવામાં આવતું નથી. જુવાર અને બાજરો બંને ચોમાસુ મોલ છે, છતાં પણ જુવાર બાજરા કરતાં એક મહિનો મોડી પાકે છે. થોડે વરસાદે જો કોઈ ધાન્ય પાકતું હોય તો તે એક બાજરો જ છે. જૂન માસમાં ચોમાસું બેઠા પછી વાવણી વખતે જુવાર અને બાજરો આખા કાઠિયાવાડમાં અને ગુજરાતમાં વવાય છે. કુલ ખેડવાણ જમીનનાં લગભગ ત્રીજા ભાગ ઉપર બાજરો વવાય છે. એના પાકમાં જો સુધારણા થાય તો ગુજરાત કાઠિયાવાડના ખેડુતોને દર વર્ષે લાખો રૂપિયાનો લાભ થાય.

(શારદા) —પંચાણભાઈ વારા


સરાસરી આયુષ

ન્યૂઝીલૅન્ડમાં માણસની જીંદગીનું સરાસરી પ્રમાણ ૬૮ વર્ષ ઉપરનું છે, જે દુનિયામાં સૌથી ઊંચામાં ઊંચું ગણાય છે. તેનાથી બીજે નંબરે ઑસ્ટ્રેલિયા આવે છે, જ્યાં સ્ત્રીનું સરાસરી પ્રમાણ ૬૩ વર્ષનું અને પુરુષનું ૫૯ વર્ષનું છે. યુનાઇટેડ સ્ટેટ્સમાં સ્ત્રીઓનું સરેરાશ ૬૨ વર્ષનું અને પુરુષોનું ૫૯ વર્ષનું આવે છે; અને તે પછીને નંબરે સ્વીડનમાં સ્ત્રીઓનું ૫૮ વર્ષનું અને પુરુષોનું ૫૬ વર્ષનું આયુષ ગણાય છે. આમાં હિંદનું સ્થાન ક્યાં છે તે જાણવું છે? આપણે ત્યાં સ્ત્રીઓ ફક્ત ૨૩ વર્ષનું અને પુરુષો ૨૨ વર્ષનું જ સરાસરી આયુષ ભોગવે છે! (અંગ્રેજી ઉપરથી)

૩૫ પૌંડની મોંઘી કિંમતે રોમમાંથી એક સુંદર ઘડિયાળ ખરીદીને એક અંગ્રેજ બાઇ હરખાતીહરખાતી તેનો વીમો ઊતરાવવા ગઇ તો શરાફે તેની કિંમત ૧ પૌંડ આંકી! આ છેતરપીંડી માટે તેણે મુસૉલિની પર કાગળ લખી તેના શાસન વિષે ઠપકો આપ્યો. પખવાડિયામાં તેને ૩૪ પૌંડના ચૅક સાથે ઉત્તર મળ્યો એમાં જણાવેલું હતું કે આવા એકાદ દાખલા પરથી મારા દેશબાંધવો માટે ખરાબ મત ન બાંધશો. બીજે પખવાડીએ પેલા દુકાનદારનો પત્ર આવ્યો કે મારી દુકાન સરકારે બંધ કરાવીછે ને મને છ માસની સજા થશે. તો કૃપા કરી મારી ભલામણ કરશો.

ગણિતગમ્મત ૮,૧૦૧,૨૬૫,૮૨૨,૭૮૪ એ રકમને ૮ વડે ભાગવી હોય તો લાંબો ભાગાકાર કરવાની જરૂર નથી. માત્ર શરૂઆતનો આંકડો ૮ ઉપાડીને છેડે મૂકશો એટલે જવાબ આવી જશે: ૧,૦૧૨,૬૫૮,૨૨૭,૮૪૮.

અનેકાર્થી શબ્દ: **નિદાન**–મૂળ કારણ; રોગનાં કારણો તપાસી રોગ પારખવો તે; પરિણામ–અંત; છેવટે–આખરે; અવશ્ય.



નાની કૂપનો અથવા પાર્સલનાં લેબલ જેવી કોઇ અતિ નાની કાગળની પતાકડીઓ ઉપર ટાઇપરાઇટર વડે 'ટાઇપ' કરવું હોય તો ઘણી મુશ્કેલી નડે છે. ઉપરની આકૃતિમાં બતાવ્યા પ્રમાણે તે કૂપન અથવા લેબલના બાજુના છેડા એક મોટા કાગળની બે બાજુની બે ધારો વાળી તેની ઘડ વચ્ચે પકડી એ મોટો કાગળ 'ટાઇપરાઇટર'માં ચડાવશો તો છેક નીચલા છેડા સુધી છાપી શકશો.

રબરસ્ટૅમ્પની પૅડ (ગાદી) ઘણીવાર સુકાઇ જાય છે તેના ઉપર ગ્લિસરિન ચોપડજો. નવા જેવું કામ આપતી થશે.


આખી દુનિયામાં સીનેમા જોનારા પ્રેક્ષકોની સંખ્યા દર અઠવાડિયે ચૌદ કરોડની થાયછે એવો અંદાજ નીકળ્યોછે.

એકાદ જૂના દૂથબ્રશ વડે સાદા દૂથ પાઉડર અને ગરમ પાણીથી ઘસીને સાફ કરવાથી હાથીદાંતની ચીજો ઊજળી થશે.


ગયા અંકની 'માધુકરી'માં જણાવેલા દેવનાગરી લીનોટાઇપના શોધક શ્રી હરિ ગોવિંદ ગોવિલનો ટૂંક પરિચય ૯૮મા અંકની 'માધુકરી'માં આવી ગયો છે એટલી જિજ્ઞાસુઓને યાદી આપીએ છીએ.

રામજી–તમારો મિત્ર બીચારો ગરીબીમાં જ ગુજરી ગયો!

દામજી–હા; પહેલાં તેણે પૈસા મેળવવા તબિયત બરબાદ કરી; અને પછી તબિયત મેળવવા પૈસા બરબાદ કર્યા!



ઝીણા અક્ષરનો નમૂનો: એક પોસ્ટકાર્ડ જેટલી જગ્યામાં ૯૪ લીટી, ૨૩૭૫ શબ્દો, ક્રાઉન સોળ પેજી કદનાં ૧૦॥। પાનાનું લખાણ ભાઇ વાડીલાલ હ. શાહે સમાવ્યું છે.









ઉપર: ડાબી તરફ–'અજાનવી દુનિયામાં': આઇ. એન. ભગત (મુંબાઇ)–પહેલું ઇનામ; જમણી તરફ–'એકલવ્ય': એમ પી. સોની (ભાવનગર) ચોથું ઇનામ; નીચે : ડાબી તરફ–'આંગણાંના ઉજાસ' : કાન્તિલાલ શાહ (અમદાવાદ)–ત્રીજુ ઈનામ; જમણી તરફ 'મીનીને મનામણાં': પ્રભાશંકર ત્રિવેદી (ઝાંઝીબાર)–બીજુ ઇનામ.

ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ • • •

અનુસંધાન પાન ૧૦૪થી

ચિત્રની ડાબી બાજુથી અરધો ઇંચ જગ્યા કમી કરવાની જરૂર છે. વળી એક ગ્રેડ ઊતરતા કાગળ પર પ્રિન્ટ ઉતારવાથી તેમાં ઝમક આવશે. કૉન્ટ્રાસ્ટી પેપર લેવાયો હોય તો નૉર્મલ પર બીજી વાર પ્રિન્ટ કાઢવો. એ ચિત્રને ચોથુ ઇનામ મળે છે

જયંતીલાલ પટેલ (અમદાવાદ) નું 'અમે સૌ' અને નાથુભાઈ પટેલ (અંકલેશ્વર)નું 'તલ્લીન' એ બે ઉત્તેજના ઇનામને પાત્ર ઠર્યાં છે માણસના નિવાસસ્થાનની આજુબાજુમાં વસતાં અને મનુષ્યને ઉપયોગી એવાં પશુપક્ષીની ફોટોગ્રાફી બહુ થોડા હરીફો કરે છે. પરંતુ જેમ દરેક શિખાઉ મિત્રોનાં પોર્ટ્રેટ લે છે તેમ માનવીની નિકટ સહવાસી આ જીવસૃષ્ટિનાં ચિત્રો પણ લેવાવાં જોઇએ. જમાનાને અનુસરીને ઊભાં થતાં કારખાનાંઓમાં કારીગરોને નવીન પ્રકારનાં ઓજારો નવીનરીતે વાપરવાં પડે છે. તે વખતે નવા દૃષ્ટિકોણથી ચિત્રવસ્તુ લેવાય તે ઇચ્છવા જેવું છે. આ દૃષ્ટિએ લેવાએલા ભાઇ નાથુભાઇ પટેલ (અંકલેશ્વર)ના ચિત્ર 'તલ્લીન' માં ચારે મજૂરોની ગોઠવણ સારી છે. ભાઇ કનુ રાવત (અમદાવાદ), ભાઇ પૂનમચંદ કમાણી (અમરેલી), ભાઇ નટવરલાલ ત્રિવેદી (જૂનાગઢ), ભાઇ લક્ષ્મીદાસ ખટાઉ (મુંબાઇ) અને ભાઇ રમણલાલ પટેલ (નડિયાદ) એમણે મોકલેલા ફોટોગ્રાફો નોંધપાત્ર છે.

બલવન્ત ભટ્ટ